Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

## ૩૫૫

પરમાગમ દ્વારા આનંદના દાતાર



**હું આત્માના નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડું છું.**
**તે તમે સ્વાનુભવથી પ્રમાણ કરજો.**

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯, વૈશાખ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૩૦: અંક ૭

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )


દીવડા ઝગમગ ઝગમગ થાય....શ્રદ્ધા-જ્ઞાનનાં તેજ રેલાય
આ દીવડાના ચૈતન્ય-તેજે ચેતનપ્રભુ દેખાય....દીવડો ઝગમગ.




મંગલજયંતિ ચોરાશીમી
કહાનગુરુ-ઉજવાય
પરમાગમનાં મંગલકાર્યો
આજે પૂરા થાય.
અહો, અદ્‌ભુત ભાવો કેવા
ચેતનમાં ઝળકાય
જ્ઞાન શ્રદ્ધાનાં દીવડા પ્રગટે
આત્માનંદ પમાય....

પરમાગમના દીવડા શોભે
સુવર્ણ-તીરથધામ,
ભક્તજનો સૌ આવો આવો
લ્હાવો લ્યો તમામ.
સુંદર અવસર આવ્યો રૂડો
આત્મલાભ લેવાય,
ચક્કર ચૂરી ચોરાશીનાં
સિદ્ધપદ શીઘ્ર પમાય.


# 卐 પરમાગમના અભ્યાસ દ્વારા ભાવશ્રુતમાં કેલિ 卐




અહા, કેવી મજાની ચૈતન્ય શાંતિ છે!

સંતોના હૃદયમાં ભરેલી આવી મધુર શાંતિના સમુદ્રમાંથી નીકળેલા પરમાગમ ચૈતન્યની શાંતિ પમાડે છે.

આવા પરમાગમના મંથન દ્વારા સર્વજ્ઞના સર્વ કથનનો સાર કાઢીને ગુરુદેવ પોતાના હસ્તાક્ષરમાં જ બતાવે છે –





[ ગુરુદેવના હસ્તાક્ષર ]

ૐ

ભાવ શ્રુતજ્ઞાનરૂપ પરિણમન કે જેમાં સમ્યક્ દર્શન-
જ્ઞાન-ચારિત્ર સમાય છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપ
પરિણમન અખંડ એક દ્રવ્યના આશ્રયે પ્રગટે છે.
જે સર્વજ્ઞનાં સર્વ કથનનો સાર છે.

(અહો, ગુરુદેવ! સર્વજ્ઞના સર્વ કથનના સારરૂપ ભાવશ્રુત–પરિણમન કરાવીને આપે અમને સર્વજ્ઞના માર્ગમાં લીધા.... ને ચોરાશીલાખના ચક્કરથી છોડાવ્યા...... તે આપનો અચિંત્ય ઉપકાર છે. – હરિ.)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૯
વૈશાખ
MAY 1973

* વર્ષ : ૩૦ અંક ૭ *

# ગુરુ મહિમા

શ્રી ગુરુ–મહિમા અપાર છે. શ્રી ગુરુમહિમાનો સાચો ખ્યાલ જીવને ત્યારે જ આવી શકે છે કે– ગુરુએ બતાવેલું મહા આનંદમય શુદ્ધાત્મતત્ત્વ જ્યારે પોતાને લક્ષગત થાય. અને એવા શુદ્ધાત્મતત્ત્વનો આનંદ વેદનમાં આવ્યા પછી ગુરુપ્રત્યે–જ્ઞાનીઓ પ્રત્યે જે ઉપકારબુદ્ધિની ઉર્મિઓ જાગે તે અપૂર્વ હોય છે..... કેમકે ગુરુમહિમાના સાચા જ્ઞાનપૂર્વક, તેમના ઉપકારને પોતે ઝીલ્યો છે.

ગુરુ એ કોઈ વ્યક્તિનું નામ નથી પરંતુ ચૈતન્યની શુદ્ધતારૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે વીતરાગીગુણો જેમને પ્રગટયા છે તે બધા જીવો ગુરુ છે. એવા ગુણથી ગુરુને જે ઓળખે તેને જ ગુરુની સાચી સેવા અને સાચી ભક્તિ હોય; ને એવી સાચી ગુરુસેવાના ફળમાં સમ્યક્ત્વાદિ નિજગુણની પ્રાપ્તિ થાય જ.

અહા, જેને ગુરુ મળ્યા તેને નિજગુણ મળ્યા; અને જેને નિજગુણ મળ્યા તેણે જ ગુરુને ઓળખ્યા. –કેવી મજાની સંધિ છે ગુરુ–શિષ્યના ગુણોની! શ્રી ગુરુઓએ બતાવેલા ભેદજ્ઞાનવડે અંતર્મુખ થઈને જેણે નિજગુણની અનુભૂતિ કરી તેના ઉપર પંચપરમેષ્ઠી વગેરે શ્રીગુરુઓ પ્રસંન્ન છે; સંસારની પંક્તિમાંથી બહાર નીકળીને તે જીવ પંચપરમેષ્ઠીની નાતમાં બેઠો છે. અહો, આ શ્રીગુરુનો ઉપકાર છે કે આનંદમય આત્મતત્ત્વમાં લઈ જઈને જીવને દોષથી છોડાવી, ગુણરૂપ ને આનંદરૂપ બનાવી દે છે.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૯
વૈશાખ
MAY 1973

* વર્ષ : ૩૦ અંક ૭ *

# ગુરુ મહિમા

શ્રી ગુરુ–મહિમા અપાર છે. શ્રી ગુરુમહિમાનો સાચો ખ્યાલ જીવને ત્યારે જ આવી શકે છે કે– ગુરુએ બતાવેલું મહા આનંદમય શુદ્ધાત્મતત્ત્વ જ્યારે પોતાને લક્ષગત થાય. અને એવા શુદ્ધાત્મતત્ત્વનો આનંદ વેદનમાં આવ્યા પછી ગુરુપ્રત્યે–જ્ઞાનીઓ પ્રત્યે જે ઉપકારબુદ્ધિની ઉર્મિઓ જાગે તે અપૂર્વ હોય છે..... કેમકે ગુરુમહિમાના સાચા જ્ઞાનપૂર્વક, તેમના ઉપકારને પોતે ઝીલ્યો છે.

ગુરુ એ કોઈ વ્યક્તિનું નામ નથી પરંતુ ચૈતન્યની શુદ્ધતારૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે વીતરાગીગુણો જેમને પ્રગટયા છે તે બધા જીવો ગુરુ છે. એવા ગુણથી ગુરુને જે ઓળખે તેને જ ગુરુની સાચી સેવા અને સાચી ભક્તિ હોય; ને એવી સાચી ગુરુસેવાના ફળમાં સમ્યક્ત્વાદિ નિજગુણની પ્રાપ્તિ થાય જ.

અહા, જેને ગુરુ મળ્યા તેને નિજગુણ મળ્યા; અને જેને નિજગુણ મળ્યા તેણે જ ગુરુને ઓળખ્યા. –કેવી મજાની સંધિ છે ગુરુ–શિષ્યના ગુણોની! શ્રી ગુરુઓએ બતાવેલા ભેદજ્ઞાનવડે અંતર્મુખ થઈને જેણે નિજગુણની અનુભૂતિ કરી તેના ઉપર પંચપરમેષ્ઠી વગેરે શ્રીગુરુઓ પ્રસંન્ન છે; સંસારની પંક્તિમાંથી બહાર નીકળીને તે જીવ પંચપરમેષ્ઠીની નાતમાં બેઠો છે. અહો, આ શ્રીગુરુનો ઉપકાર છે કે આનંદમય આત્મતત્ત્વમાં લઈ જઈને જીવને દોષથી છોડાવી, ગુણરૂપ ને આનંદરૂપ બનાવી દે છે.

# પરમાગમનો મંગલ ઉત્સવ

## યાદ આવે છે-એ ગીરનારના અને અંકલેશ્વરના મહાન શ્રુતઉત્સવો

અહો, આ પરમાગમોમાં તો વીતરાગી સંતોની પ્રસાદી છે..... વીતરાગી સંતોએ આત્માના આનંદના અનુભવની મીઠી પ્રસાદી આ પરમાગમોમાં ભરીને ભવ્ય જીવોને પીરસી છે. તે આજે અહીં કહાનગુરુ આપણને પીરસી રહ્યા છેઃ આવો રે આવો, સાધર્મીજનો! વીતરાગી સંતોના આનંદની આ પ્રસાદી ચાખો.

ચૈત્ર વદ પાંચમે પરમાગમોની આરસમાં કોતરણીની પૂર્ણતાની તૈયારીના ઉપલક્ષમાં સોનગઢમાં આનંદોત્સવ મનાયો હતો. તે દિવસે બંને વખત પ્રવચનો પરમાગમમંદિરમાં થયા હતા. સવારે પૂજન બાદ શ્રીકુંદકુંદસ્વામી રચિત, પંચપરમેષ્ઠી જેવા પંચ પરમાગમો (સમયસાર–નિયમસાર–પ્રવચનસાર –પંચાસ્તિકાય અને અષ્ટપ્રાભૃત) વાજતેગાજતે પરમાગમ મંદિરમાં પધાર્યા; ને અત્યંત ઉલ્લાસપૂર્વક ગુરુદેવનું પ્રવચન થયું. (જે થોડુંક કોતરકામ બાકી હતું તે, બે દિવસબાદ ચૈત્રવદ સાતમે, જાણે કુંદપ્રભુ સાક્ષાત્ પધારીને પોતાના સ્વહસ્તે જ પરમાગમની પૂર્ણતા કરતા હોય–એવા ભાવભીના વાતાવરણ વચ્ચે પૂર્ણ થયું હતું. પરમાગમનો અદ્ભુત મહિમા દેખીને મુમુક્ષુઓની આંખોમાં હર્ષાશ્રુ આવી જતા હતા. અહા, ધન્ય ધન્ય કુંદકુંદ પ્રભુનાં પરમાગમ....કે જેણે આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવીને તેની અનુભૂતિ કરાવી છે. ચૈત્ર વદ પાંચમના પ્રવચનનો સાર અહીં આપ્યો છે.

આજે આ પરમાગમ–મંદિરમાં નિયમસારની ૫૦ મી ગાથા વંચાય છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર–નિયમસાર –પ્રવચનસાર–પંચાસ્તિકાય – અષ્ટપ્રાભૃત

–એ પાંચ મહા પરમાગમ રચીને, આનંદસ્વરૂપ આત્માનો વૈભવ દેખાડયો છે. આત્માને આનંદ કેમ થાય ? તેની આમાં વાત છે. અહો, આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, તે મંગળ છે. આવા આત્માના આનંદની નિજભાવના માટે મેં આ પરમાગમની રચના કરી છે–એમ શ્રી કુંદકુંદપ્રભુ નિયમસારમાં કહે છે; એટલે મુમુક્ષુ શ્રોતાઓએ પણ પરમાગમના અભ્યાસવડે સ્વસન્મુખ થઈને નિજઆત્માની ભાવના કરવા જેવી છે.

સ્વસન્મુખ થઈને ધર્મીજીવ એમ અનુભવે છે કે હું આ શુદ્ધઅનુભૂતિસ્વરૂપ છું. ધ્રુવસ્વરૂપ હું છું, ને તેની સન્મુખ થઈને જે આનંદની અનુભૂતિ થઈ–તે અનુભૂતિસ્વરૂપ પણ હું છું. આનંદનું જે વેદન થયું તે આત્મા જ છે.–આવા આત્માને ધર્મી જ અનુભવે છે.

અહો, દુનિયાની વિકથાથી પાર આ આત્માના ધર્મની કથા છે.–આવી ધર્મકથા, આત્માના આનંદસ્વભાવની કથા કોઈ મહા ભાગ્યે સાંભળવા મળે છે......ને અંદર લક્ષગત કરીને તેની અનુભૂતિ થતાં જે આનંદ થાય છે–તેની તો શી વાત ! શુદ્ધદ્રવ્ય ને તેમાં અભેદ પરિણમેલી શુદ્ધપર્યાય બંનેનું જ્ઞાન તેમાં આવી જાય છે.–આવી અનુભૂતિમાં જે આનંદનું વેદન થયું તે આનંદની અનુભૂતિરૂપે આત્મા જ પરિણમ્યો છે, તેથી તે અનુભૂતિસ્વરૂપ આત્મા જ છે. તે અનુભૂતિમાં પોતાનો શુદ્ધ પરમસ્વભાવ જ ઉપાદેય છે. તે પરમ સ્વભાવને ઉપાદેય કરતાં, એટલે તેની સન્મુખ થઈને અનુભૂતિ કરતાં જે આનંદના વેદન સહિત નિર્મળદશા પ્રગટી, તેમાં આત્મા અભેદ હોવાથી તે આત્મા જ છે.

અહો, આજે તો પરમાગમ–મંદિરમાં પંચપરમેષ્ઠી જેવા પાંચ પરમાગમ પધરાવ્યા... પરમાગમના અક્ષર આરસમાં કોતરાયા, તે આત્માનો અક્ષર–સ્વભાવ (ખરે નહિ–નાશ પામે નહિ એવો અક્ષર સ્વભાવ) બતાવે છે, તે 'અક્ષર'ને નિર્મળ જ્ઞાનશિલામાં કોતરવો–તે ભાવપરમાગમની પ્રતિષ્ઠા છે. અહો, જે પરમાગમનો આટલો અદ્ભુત મહિમા છે, તે પરમાગમ આત્માના જ મહિમાને પ્રસિદ્ધ કરે છે. અહો, આવો પરમ જ્ઞાયકસ્વભાવ–તેની સન્મુખતારૂપ નિજભાવના તે મહા આનંદરૂપ છે, ને એવી નિજભાવના માટે જ વીતરાગી પરમાગમોની રચના છે. અંતર્મુખ થઈને જેણે નિજસ્વભાવને ઉપાદેય કર્યો તે જ પરમાગમના સારને

સમજ્યો છે. તેણે ભવના અભાવનો રસ્તો લીધો. અરે, એકવાર આવા સ્વભાવનો મહિમા સમજીને તેની ભાવના તો કરો.–તો ભવનો અંત આવી જશે.

અહો, આ તો શુદ્ધાત્માને દેખાડનારા પરમાગમનો મહોત્સવ છે. તે પરમાગમમાં જે વાત દેખાડી છે તેને તું તારા આત્મામાં કોતરી લે. બે હજાર વર્ષ પહેલાં ગીરનારમાં ધરસેન સ્વામીએ ષટ્ખંડાગમનું જ્ઞાન પુષ્પદંત–ભૂતબલિ મુનિઓને આપ્યું, તે જ્યારે પૂરું થયું ત્યારે દેવોએ આવીને તે શ્રુતધર મુનિઓની પૂજા કરીને જ્ઞાનનું બહુમાન કર્યું. પછી જ્યારે તે પરમાગમો લખાઈને પુસ્તકારૂઢ થયા ત્યારે અંકલેશ્વરમાં પણ શ્રુતજ્ઞાનનો મોટો ઉત્સવ ચતુર્વિધ સંઘે કર્યો. તે દિવસે પાંચમ (જેઠ સુદ પાંચમ) હતી; આજે પણ પાંચમ છે, ને આપણે અહીં સોનગઢમાં કુંદકુંદાચાર્યના પરમાગમો કોતરવાનું કામ હવે પૂરું થાય છે. શ્રુતજ્ઞાનની પૂજાના તે પ્રસંગો બેહજાર વર્ષ પહેલાં (ગીરનાર અને અંકલેશ્વરમાં) થયા તે ગુજરાતમાં જ થયા, ને આજે આ પરમાગમનો મહોત્સવ પણ ગુજરાતમાં–સૌરાષ્ટ્રમાં જ થાય છે. અહો, આ પરમાગમોમાં તો વીતરાગી સંતોની પ્રસાદી છે. વીતરાગી સંતોએ આત્માના આનંદના અનુભવની મીઠી પ્રસાદી આ પરમાગમો દ્વારા ભવ્ય જીવોને પીરસી છે. તે આજે અહીં મંગળમાં પીરસાય છે. આવા આનંદનો અનુભવ તે જ ધર્મ, તે જ સંતોની પ્રસાદી, ને તે જ પરમાગમનો સાર છે; તે જ જૈનશાસન છે.

આચાર્યદેવ કહે છે કે અહો! સર્વ વિભાવ ગુણ–પર્યાયોથી રહિત શુદ્ધ અંતર્તત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. આવા સ્વદ્રવ્યને સ્પર્શીને, તેને ઉપાદેય કરીને જે જ્ઞાન થયું તે જ્ઞાન પરમઆનંદ સહિત છે. આવું અનુભૂતિસ્વરૂપ જ્ઞાન જ હું છું,–એમ ધર્મી અનુભૂતિસ્વરૂપ આત્માને અનુભવે છે,–એ વાત પ્રવચનસારની ૧૭૨ મી ગાથામાં બતાવી છે; અહીં એ જ આચાર્યદેવ કહે છે કે શુદ્ધ અંતઃતત્ત્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે;–એમાં કાંઈ એકબીજાથી વિરોધ નથી. એક ધર્મ શુદ્ધ અનુભૂતિસ્વરૂપ અને એક ધર્મ શુદ્ધદ્રવ્યસ્વરૂપ, –એમ આત્માના બંને ધર્મો (બંને ભાગલા, બંને સ્વભાવ) સમજાવીને આચાર્યદેવે શુદ્ધ આત્મા ઉપાદેય દેખાડયો છે. અહો, આવો શુદ્ધઆત્મા તે સમયસાર છે. તેને ઉપાદેય કરતાં નિયમથી મોક્ષના કારણરૂપ એવા શુદ્ધ રત્નત્રય પ્રગટયા, તેને નિયમસાર કહેવાય છે. અંતરમાં નિર્મળ ભાવશ્રુતમાં, અને બહારમાં આરસની શિલામાં આવા સમયસાર –નિયમસારાદિ વીતરાગી પરમાગમ કોતરવાનો આ મંગલ ઉત્સવ છે.

અહો, આત્માના પરમસ્વભાવના મહિમાની શી વાત? પરમાગમને વલોવી–વલોવીને સંતોએ ચૈતન્ય પરમતત્ત્વ બહાર કાઢયું છે, દેવ–ગુરુ–શાસ્ત્રોએ આ પરમસ્વભાવનો મહિમા ગાયો છે. આવા પરમ સ્વભાવને પોતાના અંતરમાં ભેદજ્ઞાનરૂપ તીક્ષ્ણબુદ્ધિવડે ઉપાદેય કરીને ધર્મી જીવો તેની ભાવના કરે છે. જેની બુદ્ધિ તીક્ષ્ણ થઈ છે,–રાગથી જુદી થઈને અતીન્દ્રિયરૂપે પરિણમીને અંતરસ્વભાવમાં ઘૂસી ગઈ છે–તે જીવને તે તીક્ષ્ણબુદ્ધિમાં પોતાનો પરમ આત્મા જ ઉપાદેય છે. રાગબુદ્ધિવાળા જીવો આવા સ્વભાવને ઉપાદેય કરી શકતા નથી.

અહો, મારું પરમાત્મતત્ત્વ સદાય આનંદરસઝરતું છે, શુદ્ધોપયોગ વડે જ તેની ભાવના થાય છે. શુદ્ધોપયોગ વડે નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ભાવનામાં તત્પર જીવને નિયમથી મોક્ષમાર્ગ હોય છે. એને સદાય સુપ્રભાત છે એટલે આનંદની ધારા સદાય વર્તે છે. અંતરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ વગર, બહારમાં તો બેસતા વર્ષ અનંતવાર બેઠા, છતાં જીવ દુઃખી જ રહ્યો. જ્યાં સુધી જ્ઞાનપ્રભાત ઊગે નહિ ને અજ્ઞાનઅંધારા ટળે નહિ ત્યાં સુધી જીવ સુખી થાય નહીં. ભાઈ, અંતર્મુખ થઈને તારા ચૈતન્યતત્ત્વની ભાવના કર. ચૈતન્યભાવનાથી જે આનંદમય નવું વર્ષ બેઠું, તે એવું બેઠું કે ફરી કદી અંધારું થાય નહિ કે દુઃખ આવે નહીં. આવા પરમસ્વભાવી આત્માને દ્રષ્ટિમાં લઇને તેની ભાવના કરતાં મોક્ષમાર્ગ પ્રગટયો અને તેમાં દેવ–ગુરુ–શાસ્ત્રની વીતરાગી આજ્ઞા પણ આવી ગઈ. જેણ આવી ભાવના કરી તેણે મોક્ષપુરીનો મંગલકુંભ સ્થાપ્યો.

સહજ એક જ્ઞાયકસ્વભાવરૂપ જે પોતાનું પરમ તત્ત્વ, તેમાં અંતર્મુખ શ્રદ્ધા જ્ઞાન–લીનતા વડે અભૂતપૂર્વ સિદ્ધદશા થાય છે. આ અંતર્મુખ ભાવોમાં ક્યાંય રાગનું કે પરનું અવલંબન નથી; એકલા સ્વતત્ત્વમાં તે સમાય છે.

ભાઈ, આ તારા અપૂર્વ હિતની વાત છે. અંતરમાં ઊતરીને જેણે આત્માને શોધી લીધો છે તે ધર્મીજીવ આખા જગતથી ઉદાસ થઈ, રાગથીયે ઉદાસ થઈ, અંતરમાં ભવદુઃખથી છૂટવા મોક્ષસુખને સાધે છે. હે જીવ! અનંતકાળના ભવદુઃખની ભયંકર પીડા, તેનાથી છૂટવા ને ચૈતન્યની સાચી શાંતિ પામવા તું તારા અંતરમાં રાગ વગરના પરમ ચૈતન્યતત્ત્વને દેખ. અનંત શુદ્ધતાનો ગંજ અંદર છે, તેના વેદનસહિતની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

અરે જીવ! તારા તત્ત્વનો મહિમા કોઈ પરમ અદ્ભુત છે; સિદ્ધભગવાન જેવો

મહિમા તારા આત્મામાં છે, પુણ્યથી તેનો પાર પમાય તેમ નથી. એની ગંભીરતા ને ગહનતા, અંતરના સ્વાનુભવવડે જ પાર પમાય તેવા છે. ચૈતન્યના બાગમાં જ્યાં અતીન્દ્રિય આનંદના ફૂવારા ઊછળે છે–તેમાં પ્રવેશીને, આનંદધામમાં અવિચળપણે ધર્મીજીવ મોક્ષને સાધે છે. તે અતીન્દ્રિય ચૈતન્યરસનો સ્વાદીયો થયો છે, ત્યાં બાહ્ય વિષયોના સ્વાદમાં ક્યાંય તેને ચેન પડતું નથી; વિષયોનું વેદન તો વિષ જેવું લાગે છે. ચૈતન્યના પરમ અચિંત્ય આનંદ પાસે તેને દુનિયાનો પ્રેમ ઊડી ગયો છે. તેની અંતરની મીઠી–મધુરી સમ્યક્દ્રષ્ટિ નિઃશંકપણે પ્રતીત કરે છે કે ત્રિકાળ સહજ સ્વભાવમાં મને સહજ જ્ઞાન–સહજ દ્રષ્ટિ અને સહજ ચારિત્ર સદાય જયવંત વર્તે છે; અને સહજ શુદ્ધ ચેતના પણ અમારા પરમતત્ત્વમાં સુસ્થિતપણે સદા જયવંત વર્તે છે. અમારા આત્મામાં આવા સહજ ચેતનાને અમે સદા જયવંત દેખીએ છીએ, તેમાં ક્યાંય રાગાદિ પરભાવો જયવંત નથી. આત્માનો પરમ ગંભીર મહિમા જેવો છે તેવો જ સંતો બતાવે છે. જે સત્ ‘છે’ તેનાથી વધારે કાંઈ નથી કહેતા. અહા, ચૈતન્યના મહિમાની શી વાત! અંતરના અનુભવ વગર એના મહિમાનો પાર પમાય તેમ નથી. આત્માનો સાક્ષાત્ અનુભવ થતાં પર ભાવો જુદા રહી જાય છે, ચૈતન્યની શાંતિના અનુભવમાં તે એકમેક થતાં નથી, કેમકે તેની જાત તદ્દન જુદી છે, તેના અંશો તદ્દન જુદા છે, આવી અપૂર્વ આત્મશાંતિનું વેદન તે જિનવાણીના અભ્યાસનું ફળ છે.

## ( વચનામૃત વીતરાગનાં........ પરમ શાંતરસ-મૂળ. )

વીતરાગ સર્વજ્ઞપરમાત્માએ કહેલાં પરમાગમ આત્માના શાંત ચૈતન્યરસથી ભરેલાં છે. ભવ્યજીવોએ પીવાયોગ્ય અમૃત તે પરમાગમમાં ભર્યું છે;–કેમકે તે પરમાગમ રાગાદિથી અત્યંત જુદું પરમ નિરપેક્ષ ચૈતન્યતત્ત્વ દેખાડે છે, તે તત્ત્વની સન્મુખ થતાં જ અંદર આનંદના અમૃતની લહેરો ઊઠે છે. તેથી તેમાં નિમિત્તરૂપ જિનવાણીને પણ અમૃતથી ભરેલી કહી છે. અહો, વીતરાગી પરમાગમ તો ખોબા ભરી ભરીને ચૈતન્યરસના ઘૂંટડા પીવડાવે છે.–પણ ભાવશ્રુતવડે તેનું રહસ્ય જે સમજે તેને તે ચૈતન્યરસનો સ્વાદ આવે; એકલા શબ્દોમાંથી ચૈતન્યરસનો સ્વાદ ન આવે.

સ્વસંવેદન પ્રત્યક્ષ થયેલા મતિ–શ્રુતજ્ઞાનના બળથી ધર્મી જીવ નિઃશંક થઈ ગયો છે કે હવે હું મારા જ્ઞાન–શ્રદ્ધાના બળવડે ભવસાગરને તરી રહ્યો છું. મધુર ચૈતન્યરસનો સ્વાદ લેતો–લેતો મારો આત્મા મોક્ષને સાધી જ રહ્યો છે. કેવળજ્ઞાનમાં જ

નિઃશંકતા થાય ને શ્રુતજ્ઞાનમાં સાધકને નિઃશંકતા ન થાય–એમ નથી. સાધકના મતિ–શ્રુતજ્ઞાન પણ આત્માના સ્વાનુભવવડે કેવળજ્ઞાનની જેમ જ આત્મામાં નિઃશંક વર્તે છે કે આ આત્મા ધર્મી થયો છે ને મોક્ષને સાધી રહ્યો છે. આ રીતે મતિ–શ્રુતજ્ઞાનની તાકાત પણ કોઈ અચિંત્ય–અદ્ભુત છે. ભલે છદ્મસ્થ હો–ગૃહસ્થ હો, પણ એના સ્વસંવેદન મતિ–શ્રુતજ્ઞાનમાં કેટલી તાકાત છે! તેની લોકોને ખબર નથી. પરમાત્માની વાણી એવો અદ્ભુત ચૈતન્યસ્વભાવ દેખાડે છે કે જે સ્વભાવને જાણતા ધર્મી જીવ સંસારને તરી જાય છે, ઉદયના તરંગો તેને ડુબાડી શકતા નથી; એનું જ્ઞાન તો તરતું છે..... વિષમતાના પહાડ એને રોકી શકતા નથી.

અહો, આત્માના અમૃતનું પાન કરાવનારી વીતરાગની વાણીના પ્રવાહરૂપી પરમાગમ આ કાળે પણ વિદ્યમાન છે. વીતરાગી સંતોએ અંદર શાંતરસના દરિયામાં ડુબકી મારીને જે ચૈતન્યરસનો સ્વાદ ચાખ્યો તે વાણી દ્વારા જગતને દેખાડયો; તેને સમજીને મુમુક્ષુ જીવો ચૈતન્યના વીતરાગી અમૃતનું પાન કરે છે. ભગવાનની વાણી સમજે ને આત્માનું જ્ઞાન ન થાય એમ બને નહિ. જેણે પાત્ર થઈને ભગવાનની વાણી સાંભળી તે જીવ સ્વલક્ષ કરશે જ અને આત્માના આનંદને પામશે જ. અહો, જિનવાણી વિશ્વના નવે તત્ત્વોનું જ્ઞાન કરાવીને જીવને મોક્ષ તરફ લઈ જાય છે, ને ચૈતન્યના શાંત–રસનું પાન કરાવે છે.

અરે જીવ! પરમાગમે દેખાડેલા તારા ચૈતન્યદરિયામાં છલોછલ ભરેલા આ અમૃતને એકવાર પી તો ખરો. ચૈતન્યના આનંદનો એકવાર સ્વાદ તો લે. ચૈતન્યના અમૃતની શાંતિ પાસે રાગ તો તને આગ જેવો લાગશે. અહો, અમૃતમાર્ગ! એની બલિહારી છે; એમાં રાગનો કોઈ ક્લેશ નથી. વીતરાગી શુદ્ધોપયોગપૂર્વક સમ્યગ્દર્શન થતાં આત્મામાં આવો અમૃતમાર્ગ શરૂ થાય છે. આવો આનંદમાર્ગ પ્રગટે તે પરમાગમનું ફળ છે. શુભરાગ તે કાંઈ ખરેખર પરમાગમનું ફળ નથી. આત્મામાં વીતરાગતા ને આનંદ થાય તે જ પરમાગમનું ફળ છે;–કેમકે પરમાગમે સ્વ–પરનું ભેદજ્ઞાન કરાવીને સ્વ–સન્મુખ થવાનું કહ્યું હતું,–એમ કરતાં પરમ આનંદ પ્રગટયો, મોક્ષમાર્ગ પ્રગટયો. જે આવો માર્ગ પ્રગટ કરે તેણે જ ખરેખર પરમાગમને જાણ્યા છે.

અહો! વીતરાગી સંતોએ આવા પરમાગમદ્વારા અમને શુદ્ધાત્મા આપ્યો..... અમારા આત્માનો અનંત વૈભવ અમને દેખાડયો. એને જાણતાં જે અમૃત મળ્યું તેની

શી વાત! જેમ પૂરણપોળી ઘીથી રસબોળ હોય તેમ પરમાગમ તો સર્વત્ર વીતરાગી–ચૈતન્યરસથી તરબોળ છે....વીતરાગરસથી ભરેલો આત્મા તે લક્ષગત કરાવે છે, ને પર પ્રત્યેથી પરમ વૈરાગ્ય કરાવીને ચૈતન્યના આનંદરસનો સ્વાદ ચખાડે છે.

**[ શ્રી ગુરુપ્રતાપે આવા પરમાગમ સોનગઢના પરમાગમ-મંદિરમાં આરસની શિલામાં કોતરાઈ ગયા છે....ને ભવ્ય જીવો તેના ભાવને આત્મામાં કોતરીને પરમ આનંદને પામે છે. અહો, પરમાગમમાં ભરી-ભરીને આત્માના પરમાનંદની ભેટ દેનારા વીતરાગી સંતો જયવંત વર્તો. ]**

## બે વારતા - કઈ સાચી ?

**( ૧ )**

એક હતો રાજા.

તેની પાસે એક ગીધ અને એક કબુતર આવ્યું.

ગીધે કહ્યું–હે રાજા! હું ભૂખ્યું છું; તું મને આ કબુતર ખાવા આપી દે. અથવા તેના જેટલું માંસ તારા શરીરમાંથી કાપી દે.

રાજાએ કબુતર ન આપ્યું પણ પોતાના શરીરનું માંસ કાઢીને તેને આપી દીધું.

દેવોએ રાજાનાં વખાણ કર્યાં.

**( ૨ )**

એક હતો રાજા.

તેની પાસે એક ગીધ અને એક કબુતર આવ્યું.

ગીધે કહ્યું–હે રાજા! હું ભૂખ્યું છું; તું મને આ કબુતર ખાવા આપી દે. અથવા તેના જેટલું માંસ તારા શરીરમાંથી કાપી દે.

રાજાએ કબુતર ન આપ્યું, ને પોતાના શરીરનું માંસ પણ ન આપ્યું.

દેવોએ રાજાનાં વખાણ કર્યાં.

–આ બંને વાર્તા તમે વાંચી...બોલો હવે બંધુઓ! તમને કઈ વાર્તા ગમી? તમારી પસંદગી સાચી છે કે ખોટી? તે નક્કી કરવા માટે, આ અંકમાં ૨૨મા પાને આપેલી બે વાર્તા વાંચો.

# આજે મહાવીરનું શાસન જયવંત વર્તી રહ્યું છે.
# -ક્યાં ? સાધક જીવોની પર્યાયમાં.

[ ચૈત્ર સુદ ૧૩નું મંગલપ્રવચન ( વીર સં. ૨૪૯૯ ) નિયમસાર ગા. ૪૭ ]

ભગવાન મહાવીરે પરમાત્મા થઈને એમ પ્રસિદ્ધ કર્યું કે બધા જીવો પરમાત્મસ્વરૂપી છે. આવા ભગવાન મહાવીર પરમાત્માનું શાસન અત્યારે ચાલી રહ્યું છે.–કઈ રીતે ચાલી રહ્યું છે? કે ભગવાને કહેલા આત્માનું સ્વરૂપ ઓળખીને તેના શ્રદ્ધા–જ્ઞાન–શાંતિમાં જે જીવો વર્તી રહ્યા છે તે જીવોની પર્યાયમાં મહાવીરનું શાસન વર્તી રહ્યું છે.....મહાવીર પ્રભુએ સાધેલા માર્ગમાં તે જીવો રહ્યા છે.

હે ભવ્ય જીવો ! તમારે પણ જો મહાવીરપ્રભુના શાસનમાં આવવું હોય, મહાવીરના શાસનને જીવંત રાખવું હોય, તો પ્રભુએ કહેલા તમારા આત્મસ્વરૂપને તમે ઓળખો.–એ જ વીરપ્રભુનો મહોત્સવ છે, એ જ વીરનાથનું શાસન છે, એ જ અવતારની સફળતા છે.

આજે ભગવાન મહાવીર પરમાત્માના જન્મકલ્યાણકનો મંગલ દિવસ છે. આત્માનું સાધન કરતાં–કરતાં આ ભવમાં સાધના પૂરી કરીને જન્મ–મરણનો અંત લાવ્યા, ને અપૂર્વ એવી સાદિ–અનંત સિદ્ધપર્યાય મહાઆનંદરૂપ દશા પ્રાપ્ત કરી, તેથી ભગવાનના જન્મને કલ્યાણક કહેવાય છે. ભગવાનનો જન્મ પોતાના આત્માની સાધના પૂરી કરવા માટે છે.

જેવો ભગવાનનો આત્મા છે તેવા જ બધાય આત્માઓ પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવી છે–બધા આત્મા આવા પરમાત્મસ્વરૂપી છે એમ જ્ઞાનમાં લેતાં વીતરાગી સમભાવ થાય છે, કોઈ પ્રત્યે રાગ–દ્વેષનો અભિપ્રાય રહેતો નથી.

ભગવાને પોતાના આત્માની પૂર્ણતા સાધી, અને ઉપદેશમાં બધા આત્માનું પૂર્ણાનંદસ્વરૂપ પ્રસિદ્ધ કર્યું. પર્યાયમાં રાગાદિ હોવા છતાં, રાગ વગરનો ચેતનસ્વભાવ છે, તે સ્વભાવની દ્રષ્ટિ અને એકાગ્રતા વડે અજ્ઞાનને તથા રાગ–દ્વેષને જીતીને ભગવાન 'જિન' થયા. આવું જે કરે તે જૈન કહેવાય. બધા જીવોનો સ્વભાવ ભગવાન જેવો છે, તેને ઓળખતાં મોહને જીતીને જૈનપણું થાય છે.

ભગવાન મહાવીર પરમાત્માનું શાસન અત્યારે ચાલી રહ્યું છે. કઈ રીતે ચાલી રહ્યું છે? કે ભગવાને કહેલા આત્માનું સ્વરૂપ ઓળખીને તેના શ્રદ્ધા–જ્ઞાન–શાંતિમાં જે જીવો વર્તી રહ્યા છે તે જીવોની પર્યાયમાં મહાવીરનું શાસન વર્તી રહ્યું છે. મહાવીર પ્રભુએ સાધેલા માર્ગમાં તે જીવો ચાલી રહ્યા છે.

આત્માનું સ્વરૂપ રાગાદિથી પાર, ચિદાનંદસ્વરૂપ છે, તેનો અનુભવ કરીને આત્માની સાધક દશા તો ભગવાનના જીવે પૂર્વ ભવોમાં જ શરૂ કરી હતી. આગળ વધતાં–વધતાં આત્માની પૂર્ણદશાની પ્રાપ્તિ માટે આ અવતાર હતો. તેઓ સંસારથી તો થાકેલા હતા ને ચૈતન્યની અપૂર્વ શાંતિનું વેદન કરીને સહજ વૈરાગ્યચિત્તવાળા થયા હતા......તેઓ ચૈતન્યમાં લીન થઈને વીતરાગ થયા, પછી સર્વજ્ઞ થયા ને પછી દિવ્યધ્વનિ વડે જગતને ઉપદેશ આપ્યો. તે ઉપદેશમાં એમ કહ્યું કે–

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમ–મરણાદિ હીન ને અષ્ટગુણ સંયુક્ત છે.

અહા! જુઓ, આ વીરનાથનો ઉપદેશ! ધર્મી જાણે છે કે સિદ્ધભગવાન જેવા જ ગુણોથી ભરેલો હું છું. આવા આત્માનું ભાન કરતાં જેને સમ્યગ્દર્શન થયું, આત્માનો અનુભવ થયો, ક્લેશ વગરની સહજ શાંતિનો સ્વાદ ચાખ્યો તે જીવનું ચિત્ત સહજ વૈરાગ્યપરાયણ હોય છે. અનાદિથી અજ્ઞાનભાવે રાગમાં જ રક્ત હતો, તે હવે ચૈતન્યનો સ્વાદ ચાખીને તેમાં જ અનુરક્ત થયો, ને રાગાદિથી તેનું ચિત્ત વિરક્ત થયું;–એવા જીવો આસન્ન ભવ્ય છે; ને તેમાં પણ અતિ આસન્ન ભવ્ય જીવો તે ભવમાં જ સિદ્ધદશાને સાધે છે.

આ સંસારમાં પરિભ્રમણમાં પરભાવોના દુઃખવેદનથી જેને થાક લાગ્યો હોય, ભવનો ત્રાસ લાગ્યો હોય તે જીવ અંતરમાં ચૈતન્યને શોધીને તેમાં વિસામો લ્યે છે.

અરે, આ જીવ હવે ભવદુઃખથી થાક્યો છે, ચારે ગતિના ભવમાં આકુળતાનો ત્રાસ છે, ચાર ગતિના ભવમાં ભમતાં મેં પૂર્વે કદી ચૈતન્યની શાંતિનો સ્વાદ ચાખ્યો નહીં; હવે આવા અજ્ઞાનમય સંસારથી બસ થાઓ, આ ભવદુઃખથી બસ થાઓ; હવે અમે અમારા આનંદમંદિરમાં પ્રવેશ કર્યો છે, ને તેમાં જ લીન થવા માટે અત્યંત વૈરાગ્યચિત્તવાળા થઇને હવે મુનિ થવા માંગીએ છીએ.–આવા સહજ વૈરાગ્યચિત્તવાળા જીવો પરમગુરુના પ્રસાદથી દ્રવ્યલિંગ અને ભાવલિંગ ધારણ કરીને મુનિ થાય છે, એટલે પરિણતિ સહજપણે અંતરમાં ઊતરી જાય છે.

વાહ રે વાહ! જુઓ આ વીરપ્રભુના શાસનની વીતરાગી વાત! અહા, એ મુનિદશાની શી વાત! 'સર્વ જીવ છે સિદ્ધસમ' એટલે મારો આત્મા સિદ્ધભગવાન જેવો છે એવી દ્રષ્ટિ ને અનુભવ થયો છે, આનંદનો અનુભવ પ્રગટયો છે, પછી તે આનંદના તરંગના મોટા હિલોળા ઊઠતાં મુનિદશા થાય છે. ભગવાન મહાવીરે ત્રીસ–વર્ષની યુવાન વયે આવી મુનિદશા પ્રગટ કરી હતી. જુઓ, આ વીરનો માર્ગ! સંસારથી થાકીને વિરક્ત થયા ને આત્માની સાધના પૂરી કરવા મુનિ થયા. જીવનમાં કરવાનું કામ તો આ છે. આત્માને ભવથી તારવો ને પૂર્ણાનંદ પામવો તે માટે પ્રભુનો અવતાર છે. કાંઈ બીજાને તારવા માટે તેમનો અવતાર ન હતો. બીજા જે જીવોએ ભગવાનનો માર્ગ લીધો તેઓ ભવથી તર્યા. સમ્યગ્દર્શન થયું ત્યારથી જ આત્માને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરતાં અંદર આનંદના ઊભરા શરૂ થયા... . તે જ સ્વભાવમાં લીનતારૂપ પરમાગમના અભ્યાસવડે વીતરાગ થઈને સિદ્ધપદ પામ્યા. આવો માર્ગ વીરભગવાને પોતે સાધ્યો ને આવો માર્ગ જગતને બતાવ્યો. અનંતા જીવો આવા માર્ગે સિદ્ધપદ પામ્યા છે, તેઓ કેવળજ્ઞાન –કેવળદર્શન–કેવળસુખ અને કેવળવીર્યસ્વરૂપ થયા છે એટલે તેઓ કાર્ય–શુદ્ધ પરમાત્મા ( કાર્યસમયસાર ) છે; ને શુદ્ધ નિશ્ચયથી બધા સંસારી જીવો પણ તેવા જ છે, બધા જીવો કારણસમયસાર છે, કારણપરમાત્મા છે.–એવા સ્વભાવને ઓળખતાં તેના આશ્રયે આસન્નભવ્યજીવો સિદ્ધ પરમાત્મા થાય છે. આ રીતે શુદ્ધ કારણને ઓળખીને તેના સેવનથી શુદ્ધકાર્ય થઈ જાય છે.

સિદ્ધભગવાનને જેવા અનંતગુણો પ્રગટયા તેવા અનંતગુણો મારામાં પણ વર્તી જ રહ્યા છે; સિદ્ધભગવાનને જેવું પૂર્ણ આનંદરૂપ કાર્ય પ્રગટયું તેવા કાર્યનું કારણ મારામાં પણ વિદ્યમાન છે, – એટલે શુદ્ધનયથી મારામાં ને સિદ્ધમાં કાંઇ ફેર નથી, એમ ધર્મી પોતાના આત્માને શુદ્ધપણે અનુભવે છે; પર્યાયમાં હજી વિભાવ હોવા છતાં, હું

તેનાથી રહિત શુદ્ધ પરમાત્મસ્વરૂપ છું.–એમ ધર્મી અનુભવે છે. આવો અનુભવ તે જ વીરનો માર્ગ છે. વીરમાર્ગમાં પરમાત્માનો પોકાર છે કે હે જીવો! તમારા પોતાના પરમાત્મસ્વભાવના આશ્રયે જ તમને સમ્યગ્દર્શન વગેરે થાય છે, એ સિવાય બીજા કોઈના આશ્રયે કદી સમ્યગ્દર્શનાદિ થતાં નથી. વીરનો માર્ગ એટલે સિદ્ધિનો માર્ગ આત્માના જ આશ્રયે છે, કોઈ પરના આશ્રયે વીરનો માર્ગ નથી, કોઈ પરના આશ્રયે થતો ભાવ સિદ્ધિનું કારણ નથી.–અહો, આવા સુંદર વીરમાર્ગને મહા ભાગ્યે પામીને હે જીવો! તમે આત્માના પરમાનંદને પામો.

આ તો સિદ્ધપ્રભુના દેશમાં જઈને વસવાની વાત છે. લોકોને પરદેશમાં જવાની વાત ગમે છે–પણ આ તો સ્વદેશમાં રહીને સાચા સુખી થવાની વાત છે. સિદ્ધદશા તે જ આત્માનો સાચો સ્વદેશ છે, તેમાં આત્માનો સાચો વૈભવ છે, તેમાં જ પરમસુખ છે. અહો! અમારા શ્રીગુરુઓએ પ્રસન્ન થઈને અમને આવો અદ્ભુત વૈભવ બતાવ્યો.–આમ પરમગુરુના પ્રસાદથી 'પરમાગમના અભ્યાસ વડે' એટલે પરમાગમે દેખાડેલા જ્ઞાનસ્વરૂપના અભ્યાસવડે વૈરાગ્યવંત આસન્નભવ્ય જીવો સિદ્ધક્ષેત્રને પામ્યા....પોતાના અસંખ્ય પ્રદેશમાં સિદ્ધદશાના મહાઆનંદરૂપે પરિણમ્યા, કેવળજ્ઞાનાદિ આઠ મહાગુણોના વૈભવથી આનંદમય થયા; – એવો આનંદમય વૈભવ જગતના દરેક જીવોમાં છે–એમ વીર ભગવાને બતાવ્યું છે; ને ભગવાને કહેલી આ વિધિથી તે આનંદમય સિદ્ધપદ સધાય છે. હે જીવો! વીરશાસનમાં તમે આવા આનંદમય સિદ્ધપદને સાધો....આજે જ સાધો.

## ધર્માત્માનો સંગ

સત્સંગનું વિધાન કરતાં ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કેઃ લૌકિકજનના સંગથી સંયત પણ અસંયત થાય છે; તેથી જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઇચ્છતો હોય તો તે સમાન ગુણવાળા શ્રમણના અથવા અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો–

**તેથી શ્રમણને હોય જો દુઃખમુક્તિ કેરી ભાવના.**
**તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં.** (૨૭૦)

અહા, મુનિઓને સંબોધીને પણ આ સત્સંગનો ઉપદેશ છે, તો બીજા જિજ્ઞાસુઓની તો શી વાત! તેણે તો આત્માર્થ સાધવા માટે જરૂર ધર્માત્મા–ગુણીજનોના સત્સંગમાં રહેવું આવશ્યક છે.

## અત્યંત વહાલી ચૈતન્યવસ્તુનો અદ્‌ભુત મહિમા ચિંતવી-ચિંતવીને અંતે તેનો સાક્ષાત્ અનુભવ કરે છે

## (૮)

**અહો! મારી ચૈતન્યવસ્તુનો કોઈ અચિંત્ય–અપૂર્વ મહિમા છે; એની નિર્વિકલ્પ પ્રતીતને કોઈ રાગનું આલંબન નથી. શુભભાવો પૂર્વે અનંતવાર કર્યા છતાં આ ચૈતન્યવસ્તુ લક્ષમાં ન આવી, માટે તે બધા રાગથી પાર ચૈતન્યવસ્તુ કોઈ અંતરની અદ્‌ભુત ચીજ છે-કે જેની સન્મુખના વિચાર પણ આવી શાંતિ આપે છે,–તો એ વસ્તુના સાક્ષાત્ વેદનની શી વાત!**

જીવ અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભુલી સંસારમાં રખડી રહ્યો છે. જીવને ધર્મ પામવાનો મુખ્ય અવસર મનુષ્યપણામાં છે. મનુષ્ય થઈને પણ જો જીવ ધર્મ સમજે તો જ સુખી થાય ને તેનું દુઃખ મટે, અરે, મનુષ્યભવ પામીને પણ ઘણા જીવો તો ધર્મની જિજ્ઞાસા પણ કરતા નથી. કદાચ જિજ્ઞાસા કરે તો અનેક પ્રકારના મિથ્યામાર્ગમાં ધર્મ માનીને, મિથ્યા માન્યતાથી ધર્મના બહાને પણ અધર્મ જ સેવતા હોય છે, અને કુદેવ–કુગુરુ–કુધર્મમાં જ ફસાઈ રહે છે; અથવા તો 'બધા ધર્મો સરખાં છે'–એમ માની લઈને સત્–અસત્ વચ્ચે વિવેક કરતા નથી, અને ઉલ્ટા એવી અવિવેકી બુદ્ધિને વિશાળબુદ્ધિ માનીને તેઓ અસત્‌માર્ગને જ દ્રઢ કરે છે. ક્યારેક મહાભાગ્યથી જીવને સુદેવ–સુગુરુ અને સુશાસ્ત્ર મળ્યા અને તેમનું બાહ્યસ્વરૂપ સમજ્યો, તોપણ પોતાનું ખરું સ્વરૂપ ન સમજે ત્યાંસુધી તેને સમ્યગ્દર્શન થતું નથી, ને સમ્યગ્દર્શન વગર ફરીફરીને તે સંસારચક્રમાં રખડે છે. માટે હે જીવ! તું એમ વિચાર કે અત્યારે સમ્યગ્દર્શન પામીને ભવભ્રમણના દુઃખથી છૂટવાનો મહાન અવસર આવ્યો છે. તો આ અવસરમાં સર્વ પ્રકારે જાગૃત થઈને હું મારું આત્મહિત કરી લઉં.

આત્મહિતના મૂળ કારણરૂપ સમ્યગ્દર્શન, એ આત્માના શ્રદ્ધા ગુણની નિર્વિકારી

શુદ્ધપર્યાય છે. અંતરમાં અખંડ આત્મતત્ત્વ જેવું છે તેવું લક્ષગત કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ વિકલ્પાતીત ચૈતન્ય–સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ સુખનું કારણ છે. 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, બંધ રહિત છું'–એવા શુભરાગમય વિકલ્પનું અવલંબન પણ સમ્યગ્દર્શનમાં નથી; તે શુભવિકલ્પને અતિક્રમીને જ્ઞાન–અનુભૂતિવડે આત્માને પકડતાં સમ્યગ્દર્શન થાય છે. આ રીતે સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે–તે બરાબર જાણવું જોઈએ. દેહની કોઈ ક્રિયાથી તો સમ્યગ્દર્શન નથી; શુભરાગથી પણ સમ્યગ્દર્શન નથી; હું જ્ઞાયક છું, પુણ્ય–પાપથી જુદો છું–એવા વિચારો પણ સમ્યગ્દર્શન કરાવવા સમર્થ નથી. જે વિચારમાં અટક્યો તે ભેદના વિકલ્પમાં અટક્યો છે; તેનાથી આગળ વધીને સ્વરૂપનો સીધો અનુભવ અને પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

–આવું અપૂર્વ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટેની તૈયારીવાળા જીવની યોગ્યતા પણ જેવી તેવી નથી હોતી. હજી ભલે એ મિથ્યાત્વમાં છે છતાંય સામાન્ય મિથ્યાદ્રષ્ટિ કરતાં એ જુદો છે. સમ્યગ્દર્શનની તૈયારીવાળા જીવને કષાયરસની ઘણી મંદતા, તથા ચૈતન્યસન્મુખ થવા માટે પરપ્રત્યે વૈરાગ્યપરિણતિ હોય છે; તેના અંતરમાં ચૈતન્યનો રસ વધતો જાય છે ને રાગનો રસ ઘટતો જાય છે. આવો જીવ સ્વરૂપ પ્રગટ કરવા માટે સત્સમાગમે શ્રુતજ્ઞાનથી આત્માનો નિર્ણય કરવાની જ્ઞાનક્રિયા કરે છે. તેને કુદેવ–કુગુરુ–કુધર્મ તરફનો આદર અને તે તરફનું વલણ તો છૂટી જ ગયું છે, તથા વિષયાદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ પણ છૂટતી જાય છે, ને ચૈતન્યસુખની મીઠાશ ભાસતી જાય છે. એટલે બધા તરફથી રુચિને હટાવી, પોતાના સ્વભાવ તરફ રુચિ વાળે છે; વીતરાગી દેવ–ગુરુને બરાબર ઓળખી તેમણે કહેલા આત્મસ્વરૂપનો આદર કરે છે. તેને આ બધું સ્વભાવના લક્ષે થયેલ હોય છે. તેને સત્ દેવ–ગુરુની એવી લગની લાગી છે કે સત્પુરુષો મારું સ્વરૂપ શું કહે છે તે સમજવાનું જ લક્ષ છે. અહા, અલ્પકાળે મોક્ષ જનાર આત્માર્થી જીવની જ આ વાત છે. બધી વાતની હા–જી–હા ભણે પણ અંદર એક્કેય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરે નહીં એવા અનિર્ણયી–ડામડોળ જીવો આત્માને સાધી શકતા નથી. જેમ નાટકના પ્રેમવાળો જીવ નાટકમાં પોતાની પ્રિય વસ્તુને વારંવાર જુએ છે, તેમાં કંટાળતો નથી, તેમ જે ભવ્યજીવને આત્મા વહાલો લાગ્યો છે, આત્માની રુચિ થઈ છે ને આત્માનું હિત કરવા માટે જાગ્યો છે તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે સૂતાં–બેસતાં, ખાતાં–પીતાં, બોલતાં–ચાલતાં, વાંચતા–વિચારતાં નિરંતર અત્યંત વહાલા એવા ચૈતન્યતત્ત્વને જ દેખવાની ને અનુ–

ભવવાની ભાવના કરે છે; સ્વભાવના મહિમાનું લક્ષ એક ક્ષણ પણ તેને છૂટતું નથી, તેને માટે કોઈ કાળની કે ક્ષેત્રની મર્યાદા કરતો નથી. ગમે ત્યાં ને ગમે ત્યારે એ જ વસ્તુનો મહિમા વર્તે છે. સાચા તત્ત્વની રુચિને લીધે તેને બીજા સર્વે કાર્યોની પ્રીતિ ગૌણ થઈ જાય છે, ને એક આત્માને અનુભવવારૂપ કાર્યને જ મુખ્ય ગણીને તેમાં સર્વ શક્તિને જોડે છે.–અરે, આવા જીવને વિષય–કષાયનો રસ ક્યાંથી રહે? કુદેવાદિ પ્રત્યેનો રાગ કે વિષય–કષાયોનો તીવ્ર અશુભરાગ ટાળીને, સાચા દેવ–ગુરુ પ્રત્યેની ભક્તિ આદિનો શુભરાગ કરવાનું પણ જે જીવને ઠેકાણું નથી તે જીવ તદ્દન રાગરહિત આત્મસ્વરૂપનો અનુભવ કઈ રીતે કરશે? વીતરાગી ચૈતન્યતત્ત્વ તરફ વળવા માટે ઉદ્યમી જીવને સહેજે તીવ્ર વિષય–કષાયો છૂટીને પરિણામ એકદમ શાંત થતા જાય છે.

–સમ્યક્ત્વસન્મુખ થયેલા તે જીવને પોતાની પર્યાયમાં પામરતા ભાસે છે ને સ્વભાવનો કોઈ અચિંત્ય મહિમા ભાસે છે....તે સ્વભાવને પકડવા માટે એકાંતમાં શાંતચિત્તે વારંવાર અંતર્મથન કરે છેઃ અહો! મારી ચૈતન્યવસ્તુનો કોઈ અચિંત્ય–અપૂર્વ મહિમા છે; એની નિર્વિકલ્પ પ્રતીતિને કોઈ રાગનું આલંબન નથી; શુભભાવો પૂર્વે અનંતવાર કર્યા છતાં આ ચૈતન્યવસ્તુ લક્ષમાં ન આવી, માટે તે બધા રાગથી પાર ચૈતન્યવસ્તુ કોઈ અંતરની અદ્ભુત ચીજ છે,–કે જેની સન્મુખના વિચાર પણ આવી શાંતિ આપે છે,–તો એ વસ્તુના સાક્ષાત્ વેદનની શી વાત!–આમ અત્યંત ચાહનાપૂર્વક ચૈતન્યવસ્તુને પકડવાનો ઉદ્યમી વર્તે છે....ને પરિણામને શાંત કરીને આત્મામાં એકાગ્ર કરે છે.–આ સમ્યગ્દર્શનની રીત છે.

પ્રથમ તો આત્માનું કલ્યાણ કરવાની બુદ્ધિ જાગવી જોઈએ કે કોઈપણ રીતે મારે મારા આત્માનું હિત કરવું છે. તે માટે સત્ય ધર્મની શોધ, સંસારના અશુભ નિમિત્તો પ્રત્યેની આસક્તિમાં મંદતા, બ્રહ્મચર્યાદિનો રંગ, કુદેવાદિના સેવનનો ત્યાગ, સાચા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઉલ્લાસ–ભક્તિ, સાધર્મીઓનો પ્રેમ–આદર, સત્ય ધર્મની પરમ રુચિ અને આત્માની તીવ્ર જિજ્ઞાસા,–આવા ભાવોની ભૂમિકા તે સમ્યક્ત્વ માટેની ક્ષેત્રવિશુદ્ધિ છે; અને અંતરમાં રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને વારંવાર તેનું ઘોલન તે સમ્યક્ત્વ માટેનું બીજ છે. જીવોની દયા પાળવી વગેરે શુભપરિણામવાળા ઘણા જીવો હોય છે પણ તેઓ બધા કાંઈ આત્મજ્ઞાન પામતા નથી, માટે દયા વગેરે શુભપરિણામ તે કાંઈ સમ્યગ્જ્ઞાનનું કારણ નથી.–તો હિંસા અસત્ય વગેરે પાપ–ભાવોમાં ડુબેલા જીવોને તો આત્મહિતનો વિચાર જ ક્યાં છે?

ભાઈ, આત્માનું હિત તો અશુભ ને શુભ બધાય રાગથી પાર, અંતરના જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે છે.

સમ્યક્ત્વ–સન્મુખ જીવ જાણે છે કે, રાગ મારી પર્યાયમાં હોવા છતાં એટલો જ હું નથી, ભૂતાર્થસ્વભાવથી જોતાં રાગ વગરના ચિદાનંદસ્વભાવનો મને અનુભવ થશે. જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગાદિ છે તે વખતે જ ત્રિકાળીસ્વભાવ આનંદથી પરિપૂર્ણ છે, તે સ્વભાવનો સ્વીકાર અને સત્કાર કરતાં પર્યાયમાં પણ રાગ અને જ્ઞાનની ભિન્નતા અનુભવાય છે; ત્યાં એકલો રાગ નથી વેદાતો, રાગથી જુદું અતીન્દ્રિયજ્ઞાન ને સુખ પણ અનુભવાય છે રાગ હોય તે અલ્પ દોષ છે, રાગ વગરના સ્વભાવનો આદર હોવાથી તે રાગ છૂટી જશે પણ રાગને મોક્ષમાર્ગ માને તો તેમાં વીતરાગસ્વભાવનો અનાદર થાય છે એટલે તે તો મિથ્યાત્વરૂપ મહા દોષ છે. રાગને જ મોક્ષમાર્ગ માન્યો તો તે રાગથી છૂટો પડીને વીતરાગસ્વભાવને કઈ રીતે સાધશે? માટે પ્રથમ રાગથી અત્યંત જુદા ચૈતન્યસ્વભાવને જાણીને ભેદજ્ઞાન કરવું ને વારંવાર અંતરમાં તેની જુદાઈનો અભ્યાસ કરવો, તે મુમુક્ષુનું કર્તવ્ય છે, આવો જીવ અંતરમાં ચૈતન્યના અનુભવનો એકધારો અભ્યાસ કરતાં અંતર્મુહૂર્તમાં, અથવા વધુમાં વધુ છ મહિનામાં જરૂર આત્માના આનંદને પામે છે. તે જીવ જગતની નકામી પંચાયતમાં ક્યાંય રોકતો નથી, મારા આત્માને હું કેમ દેખું–એમ એક આત્માનો જ અર્થી થઈને તેની જ લગનીવડે ઝડપથી મોહ છોડીને ચૈતન્યવિલાસી આત્માને અનુભવે છે.

ભાઈ, દુનિયા શું માને, ને શું કરે,–એ વાત એના ઘરે રહી; આ તો દુનિયાની દરકાર છોડીને પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે. જેને આત્માની ધૂન લાગે એનું મન દુનિયામાં ક્યાંય ઠરે નહીં. આત્માના અનુભવ વિના ક્યાંય એને જંપ ન વળે. દુનિયાનો રસ છૂટીને આત્મરસની એવી ધૂન ચડી જાય કે ઉપયોગ ઝડપથી પોતામાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન કરી લ્યે. અહાહા! સમ્યગ્દર્શન થતાં આત્મામાં જે મહા આનંદનું વેદન થયું તેની શી વાત! અનંત ગુણની અતીન્દ્રિય શાંતિનો દરિયો આત્માના વેદનમાં ઉલ્લસે છે.

**ધન્ય છે એવું સ્વરૂપ સાધનારા જીવોને.**

(લેખકઃ કુમુદચંદ્ર કે. દોશી, અમદાવાદ)

## ‘વાહ ! મારી વસ્તુ સંતોએ મને આપી’

[ નિયમસાર ગાથા ૪૭-૪૮ ના પ્રવચનોમાંથી ]

**‘સર્વ સંસારી જીવો પણ શુદ્ધનયથી સિદ્ધપરમાત્મા જેવા જ છે.’-અહો ! આમ કહીને સંતોએ આત્માનો પરમસ્વભાવ બતાવ્યો છે. આવા પરમસ્વભાવનો સ્વીકાર કરનારા જીવને પર્યાયમાં પણ સિદ્ધદશાના સાધનરૂપ સમ્યક્ત્વાદિ ભાવો વિદ્યમાન છે.-આ જ વીરનાથનો માર્ગ છે ને આ જ પરમાગમનો સાર છે.**

કેવળજ્ઞાનાદિ શુદ્ધકાર્ય જેમને પ્રગટ છે એવા સિદ્ધ પરમાત્મા જેવો જ આ આત્મા છે. આવા આત્મા તરફ પર્યાય વળીને તેનો જ્યાં સ્વીકાર થયો ત્યાં ‘આ શુદ્ધકારણ ને આ શુદ્ધ કાર્ય’ એવા કારણ-કાર્યના ભેદ પણ રહેતા નથી. શુદ્ધપણે આત્માને અનુભૂતિમાં લીધો ત્યાં કૃતકૃત્યતા જ થઈ ગઈ. સિદ્ધભગવંતોને જેવું શુદ્ધકાર્ય થયું છે તેવો જ દરેક આત્માનો સ્વભાવ છે. આવો સ્વભાવ જેના જ્ઞાનમાં બેઠો તેનું જ્ઞાન પરભાવોથી છૂટું પડીને સિદ્ધપરમાત્મા જેવું થઈ ગયું. આવા શુદ્ધસ્વભાવનો વિશ્વાસ કરનારી પર્યાય તેના જેવી થઈને તેમાં અભેદ થઈ ગઈ. શુદ્ધકાર્ય દ્વારા શુદ્ધ કારણનો સ્વીકાર થયો ત્યાં કારણ-કાર્યનો ભેદ પણ રહેતો નથી. કાર્ય પોતે કારણસ્વભાવસન્મુખ અભેદ થઈને એમ અનુભવે છે કે ‘આ હું છું. ’ આ કારણ છે ને આ કાર્ય છે-એવા ભેદ ત્યાં રહેતા નથી.

અહો ! આ શ્રદ્ધાની તાકાત કોઈ અજબ છે ! રાગથી એનો પાર ન પમાય. કાર્ય શુદ્ધ થયું ત્યારે કારણની ખબર પડી કે અહો ! મારો આખો સ્વભાવ આવો છે. અશુદ્ધતા કે ભવ તે હું નહિ; જેવું શુદ્ધકાર્ય પ્રગટયું તેવો શુદ્ધ મારો સ્વભાવ છે. અહો ! આવો ચૈતન્યભાવ એકવાર અંદર જ્ઞાનમાં સ્પર્શી જાય તેને ભવભ્રમણ ખલાસ થઈ જાય. અરે, અંદર ઢૂંઢી-ઢૂંઢીને તારા ભગવાનને શોધ. અંદર તું પોતે ભગવાન બેઠો જ છે....નજરમાં લે એટલી જ વાર છે. સિદ્ધભગવાનના ગુણોમાં ને તારામાં કાંઈ ફેર નથી.

પ્રશ્નઃ – પ્રભો ! અમને તો સંસારીપણું છે છતાં સિદ્ધ જેવો કેમ કહો છો ?

ઉત્તરઃ –બાપુ ! પર્યાયમાં સંસારીપણું છે–એની તો ખબર છે, પણ અત્યારે એ વાત એક્કોર રાખ.... સિદ્ધ જેવો સ્વભાવ અમે જ્યારે બતાવીએ છીએ ત્યારે તેને તું લક્ષમાં લે; તેને લક્ષમાં લેતાં સંસારીપણું ભૂલાઈ જશે, ને તારી પરિણતિનો પ્રવાહ સંસાર તરફથી છૂટીને સિદ્ધપદ તરફ ચાલશે. અરે, આવા સિદ્ધસ્વભાવના માંગલિક ટાણે સંસારને તે કોણ યાદ કરે ? પ્રભો ! આપ સિદ્ધ, હું પણ આપના જેવા જ ગુણોથી ભરેલો સિદ્ધ છું–એમ સ્વસંવેદનથી આત્માને અનુભવમાં લઈને હે જીવો ! આ અપૂર્વ વાતને તમારા સ્વાનુભવથી પ્રમાણ કરો. એને અનુભવમાં લેતાં જ સિદ્ધ જેવો આનંદ અત્યારે જ તમને અનુભવમાં આવી જશે. જે અનુભવ થયો, જે આનંદ થયો, જે સમ્યગ્દર્શન–જ્ઞાન થયું તે પરિણામ રાગ વગરનાં અબંધ છે, એટલે તે પરિણામરૂપ થયેલા જ્ઞાની–ધર્માત્મા અબંધ છે, મુક્ત છે. અહો ! વસ્તુના અચિંત્યમહિમાને ઝીલનાર સમ્યગ્દર્શનના મહિમાની શી વાત ! તે સમ્યગ્દર્શન પણ અનંતગુણના મહા આનંદથી ભરેલું છે. સમ્યગ્દર્શનમાં આનંદનું વેદન થયું ત્યાં ખબર પડી કે અહો ! આવા આનંદસ્વરૂપ તો હું સદાય છું. પહેલાં પણ હું આવો જ હતો, હવે મને તેની ખબર પડી એટલે મારી વસ્તુનો મહા આનંદ મને સાક્ષાત્ અનુભવમાં આવ્યો.–આમ શુદ્ધાત્માની દ્રષ્ટિથી ધર્મીજીવ પોતાને સિદ્ધ જેવો અનુભવે છે. એને હવે જન્મ–મરણની કઢી થઈ ગઈ, શાંતરસરૂપે એ આત્મા પોતે થઈ ગયો, તેમાં હવે અશાંતિ કેવી, ને સંસાર કેવો ? સર્વજ્ઞ પરમાત્મા પાસેથી આવી સરસ મીઠી–મધુરી ચૈતન્યવસ્તુ વીતરાગીસંતો તારે માટે લાવ્યા છે.... લે ભાઈ ! તું આવી મજાની તારી વસ્તુને જો તો ખરો ! તને આનંદ થશે... પ્રસન્નતા થશે..... કે–**‘વાહ ! મારી વસ્તુ સંતોએ મને આપી. ’**

## 卐 શુદ્ધ કારણ-કાર્ય અભેદ થતાં, સિદ્ધમાં ને મારામાં કાંઈ ફેર નથી 卐

અંતર્મુખ થઈને પરિણતિ જ્યાં ચિદાનંદસ્વભાવમાં અભેદ થઈને શુદ્ધતાનું વેદન થયું, ત્યાં કાર્ય–કારણના ભેદ ન પાડું તો મારામાં ને સિદ્ધપરમાત્મામાં કાંઇ પણ ફેર ક્યાં છે ? સિદ્ધભગવાનને જેવું કાર્ય છે તેવું કારણ મારામાં પણ વિદ્યમાન છે, તે કારણસ્વભાવ દ્રષ્ટિમાં આવ્યો ત્યાં તેના આશ્રયે કાર્ય પણ વર્તે જ છે. અહો ! આવા સ્વભાવને પકડનારી દ્રષ્ટિની બલિહારી છે ! પરમાત્મા એના હાથમાં આવી ગયો. હવે કાર્ય અધૂરું છે એ વાત અભેદદ્રષ્ટિમાં રહેતી નથી.

સિદ્ધભગવાનને જેમ અશરીરીપણું છે તેમ સાધક ધર્મીની પણ જે પરિણતિ અંતર્મુખ લીન થયેલી છે તેમાં પણ અશરીરીપણું થયું છે. સ્વભાવ તરફ વળીને શુદ્ધ થયેલા ભાવને શરીર સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ રહ્યો નથી. માટે જેવા સિદ્ધ અશરીરી છે તેવો જ હું અશરીરી છું–એમ ધર્મી પોતાને અનુભવે છે; એટલે તે સમ્યગ્દ્રષ્ટિને કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બંને શુદ્ધ છે. અહો! કારણતત્ત્વની શુદ્ધતા જેણે જાણી તેને કાર્યમાં પણ શુદ્ધતા વર્તે છે; તેને શુદ્ધ કારણ–કાર્ય અભેદ થયા. એનામાં અને સિદ્ધમાં કાંઈ ફેર નથી. જેમ સિદ્ધ ભગવાનની પરિણતિ શરીરાતીત–ઇન્દ્રિયાતીત–આનંદરૂપ થઈ છે તેમ સાધકની જે શુદ્ધપરિણતિ છે તે પણ શરીરાતીત–ઇન્દ્રિયાતીત–આનંદરૂપ છે. પર્યાયમાં જરાક વિકાર–અધૂરાશ હોય પણ ધર્મીની દ્રષ્ટિ તેના ઉપર નથી, ધર્મીની દ્રષ્ટિ તો અંદરના કારણપરમાત્મામાં લીન થઈ છે; તેથી સિદ્ધમાં ને પોતામાં કાંઈ ફેર તે દેખતો નથી. અહો, આવા સ્વભાવની દ્રષ્ટિનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે! અનંતગુણની શુદ્ધી સહિત અખંડ કારણપરમાત્માને જેણે પોતામાં ઝીલ્યો છે... એ સમ્યગ્દર્શનની શી વાત? એને પણ અતીન્દ્રિયપણું, અશરીરીપણું વગેરે જેટલા સિદ્ધપ્રભુનાં વિશેષણ છે તે બધાય લાગુ પડે છે. અહો, આવા મારા આત્માને ભરોસામાં લઈને, અનુભવમાં લઈને હું, મારા સિદ્ધપદને સાધી જ રહ્યો છું. અરે જીવો! આવો આત્મા સત્ છે તેને તમે ભરોસામાં તો લ્યો. અનંત તીર્થંકરોના ઉપદેશનો આ સાર છે. આવો આત્મા જેણે અંતરના શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકાર્યો તેણે અનંતા તીર્થંકરોના ઉપદેશનો સાર ગ્રહણ કરી લીધો.... હવે અલ્પકાળમાં દેહવાસથી છૂટીને સાક્ષાત્ અશરીરી થઈને તે સાદિ–અનંત સિદ્ધપદમાં બિરાજશે.

## સમ્યગ્દ્રષ્ટિને કારણ-કાર્ય બંનેની શુદ્ધતા

સમ્યગ્દ્રષ્ટિને પોતાના કારણ–કાર્ય બંને શુદ્ધ છે. અને તે સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે બીજા જીવોમાં કારણતત્ત્વ સદા શુદ્ધ છે. પરિણતિની અશુદ્ધતા કાંઈ દ્રવ્ય–ગુણમાં પ્રવેશી નથી ગઈ એટલે દ્રવ્ય–ગુણ અશુદ્ધ થઈ ગયા નથી.

અજ્ઞાનીના આત્મામાંય કારણતત્ત્વ સદાય શુદ્ધ છે, પણ તેને પોતાના શુદ્ધ કારણ સ્વભાવની ખબર નથી. જો કારણતત્ત્વની શુદ્ધતાને જાણે તો તેને કાર્ય પણ શુદ્ધ થાય જ.

પર્યાયની અશુદ્ધતાને જ દેખનાર અજ્ઞાનીને તે પર્યાયની પાછળ રહેલું શુદ્ધતત્ત્વ દેખાતું નથી, એટલે તેને તો કારણ–કાર્ય બંને અશુદ્ધ છે. જ્ઞાનીએ જ્યાં શુદ્ધ કારણતત્ત્વને જાણ્યું ત્યાં પર્યાય પણ તેના આશ્રયે શુદ્ધ થઈને પરિણમી છે, એટલે જ્ઞાનીને તો કારણ કાર્ય બંને શુદ્ધ છે. પછી જે અલ્પ રાગાદિ અશુદ્ધતા હોય છે તે શુદ્ધતાથી બહાર છે–જુદી છે; તે ખરેખર જ્ઞાનીનું કાર્ય નથી; ને જ્ઞાનીનો શુદ્ધભાવ તે અશુદ્ધતાનું કારણ થતો નથી.

અહો, આવા કારણ–કાર્યને સમ્યગ્દ્રષ્ટિજીવ પરમાગમના અનુપમ રહસ્ય વડે જાણે છે; અહો, એકત્વસ્વરૂપ શુદ્ધ આત્મા બધા જીવોમાં શોભે છે. એવા શુદ્ધતત્ત્વને દેખનારી દ્રષ્ટિ તે દ્રવ્યદ્રષ્ટિ છે; ને આવી દ્રવ્યદ્રષ્ટિવાળો જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

સમ્યગ્દ્રષ્ટિ પોતાના શુદ્ધ તત્ત્વને જાણે છે, શુદ્ધ પર્યાય થઈ છે તેને પણ જાણે છે; અને કંઈક અશુદ્ધતા બાકી રહી છે તેને પણ જાણે છે.

ધર્મીએ ચૈતન્યની વીતરાગી શાંતિ વેદી છે; તે ચૈતન્યની શાંતિ પાસે શુભરાગનો કષાયકણ પણ તેને અગ્નિ જેવો લાગે છે. ચૈતન્યની શાંતિમાંથી બહાર નીકળ્યો ત્યારે રાગની અશાંતિ ઊભી થઇ. પણ ચૈતન્યની શાંતિ જેણે દેખી નથી તેને શુભરાગ અગ્નિ જેવો લાગતો નથી. અહા, ચૈતન્યની શાંતિનો સ્વાદ જેણે ચાખ્યો તે તો રાગથી છૂટો પડી ગયો–પછી રાગ શુભ હો કે અશુભ, તે બધાય રાગ અશાંતિ છે–ઘોર સંસારનું મૂળ છે. અરે, રાગમાં તે ચૈતન્યની શાંતિ કેમ હોય?

અહા, પરમાગમના રહસ્યને વલોવી–વલોવીને વીતરાગી સંતોએ ચૈતન્યની શાંતિરૂપ માખણ કાઢયું છે ભાઈ! પરમાગમને વલોવીને તેમાંથી તું શુભાશુભ રાગ ન કાઢીશ; શુભરાગ તે કાંઇ પરમાગમનો સાર નથી. પરમાગમનો સાર, પરમાગમનું માખણ, પરમાગમનું રહસ્ય તો અંતરમાં શાંતિનો સાગર આત્મા છે, તેને અનુભવમાં લે. અહો, અકષાયશાંતિનો સાગર આત્મા છે; એ અમૃતના દરિયામાંથી રાગના ઝેરનો કણિયો ન નીકળે. પરમાગમ અત્યંત મહિમા કરી કરીને જેનાં ગાણાં ગાય છે તે સુંદર ચૈતન્યતત્ત્વ તું પોતે છો. પરમાગમ તારા સ્વરૂપને જ પ્રસિદ્ધ કરે છે.

ચૈતન્યના સ્વભાવમાંથી સિદ્ધપદ અને કેવળજ્ઞાનની શુદ્ધતા નીકળે ત્યારે પણ શક્તિમાં શુદ્ધતા એવી ને એવી પુરેપૂરી છે, શક્તિ કાંઈ ઓછી નથી થઈ ગઈ. તેમ જ પર્યાયમાં ઓછી શુદ્ધતા હોય ત્યારે દ્રવ્યમાં શક્તિરૂપે વધારે છે–એમ પણ નથી. તેમ જ અજ્ઞાનદશા વખતેય શુદ્ધ સ્વભાવ શક્તિપણે એવો ને એવો જ હતો–પણ તે

વખતે તેનું ભાન પોતાને ન હતું; ભાન થતાં હવે ખબર પડી કે અહા, જેવું શુદ્ધ તત્ત્વ અત્યારે અનુભવમાં–શ્રદ્ધામાં આવ્યું એવું જ શુદ્ધ તત્ત્વ પૂર્વે પણ મારામાં કારણરૂપે હતું જ.–હવે તેનું ભાન થતાં પર્યાય પણ શુદ્ધ થઈ, કાર્યપણ શુદ્ધ થયું. અહો, જેણે આવું શુદ્ધ તત્ત્વ પ્રતીતમાં લીધું–અનુભવમાં લીધું તે સમ્યગ્દ્રષ્ટિને ધન્ય છે....કરવા યોગ્ય કાર્ય તેણે કરી લીધું. મુનિઓ પણ તેની પ્રશંસા અનુમોદના કરે છે. આવા તત્ત્વને અનુભવનારા મુનિવરો વંદનીય છે, ને સમ્યગ્દ્રષ્ટિઓ પણ પ્રશંસનીય છે.

**અહા, આવું શુદ્ધ ચૈતન્યતત્ત્વ જોરશોરથી સંતોએ તને સંભળાવ્યું, તો હવે ‘આજે જ’ તું આવા ચૈતન્યતત્ત્વને અનુભવમાં લેજે. આજથી જ શરૂઆત કરી દેજે. આત્માના લાભનો આ અવસર છે. ભાઈ, તું મુંઝાઈશ નહીં..... અજ્ઞાનમાં ગમે તેટલો કાળ વીત્યો પણ તારો સ્વભાવ મેલો થઈ ગયો નથી, તે તો એવો ને એવો શુદ્ધ છે; તેનું ભાન કરતાં અજ્ઞાન ટળ્યું ને પરમ શાંતિ પ્રગટી; ત્યાં ધર્મી પોતાના કારણ-કાર્ય બંનેને શુદ્ધ જાણે છે.**

અશુદ્ધતા તો ઉપર–ઉપરની છે. ઉપર–ઉપર એટલે શું? કાંઈ અસંખ્ય પ્રદેશમાંથી ઉપરના થોડાક પ્રદેશમાં છે અને અંદરના પ્રદેશોમાં નથી–એમ નથી, પર્યાય તો સર્વ પ્રદેશોમાં છે પણ તે અશુદ્ધ પર્યાય અંદર ઊંડે એટલે કે દ્રવ્ય–ગુણમાં પ્રવેશતી નથી, દ્રવ્ય–ગુણ અશુદ્ધ થયા નથી, માટે અશુદ્ધતાને ઉપર–ઉપરની કહી છે. તે અશુદ્ધતા વખતે અંતરદ્રષ્ટિથી ધર્માત્મા પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણસ્વભાવને જાણે છે, તેમ જ પર્યાયમાં જેટલી શુદ્ધતા વર્તે છે તેને પણ જાણે છે. ને અશુદ્ધતા વિદ્યમાન છે તેને પણ (સ્વભાવથી ભિન્નપણે) જાણે છે. બધાને જાણવા છતાં, પરમાગમના સારરૂપ શુદ્ધતત્ત્વને જ તે અંતરમાં ઉપાદેયપણે અનુભવે છે. અહો, શુદ્ધતત્ત્વના રસિક જીવો! આવા પરમતત્ત્વને જાણીને આજે જ તેનો અનુભવ કરો.

પરમાગમનો સાર એ છે કે અંતરમાં પરભાવોથી ભિન્ન પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુને જ્ઞાનમાં–શ્રદ્ધામાં–અનુભવમાં લેવી. ચૈતન્યચમત્કાર તે પરમ તત્ત્વ છે; વ્યવહારના વિકલ્પો તે કાંઈ પરમ તત્ત્વ નથી; પરમ તત્ત્વના અનુભવમાં–જ્ઞાનમાં –શ્રદ્ધામાં તે વિકલ્પોનો અભાવ છે. સમ્યગ્દ્રષ્ટિ આવા અદ્‌ભુત તત્ત્વને અંતરમાં દેખે છે... તેમાં કોઈ ભેદ–વિકલ્પ–રાગ કે પરનો સંબંધ દેખાતો નથી... દ્રવ્યમાં ગુણમાં–પર્યાયમાં શુદ્ધતા અનુભવાય છે; જે અશુદ્ધતા છે તે શુદ્ધ તત્ત્વના અનુભવથી બહાર છે. આવા

તત્ત્વને શુદ્ધ તત્ત્વરસિક જીવો અનુભવે છે. તત્ત્વમાં એકલી શાંતિ જ છે.....એકલી શાંતિનો સાગર આત્મા, તેમાં વિકલ્પોની અશાંતિ કેમ હોય? અરે જીવ! આવા શાંત શુદ્ધ તત્ત્વનો રસિક થઈને તેને અનુભવમાં લે. આ એક જ તત્ત્વરસિક જીવોનું નિરંતર કર્તવ્ય છે.

શુદ્ધ ચૈતન્યમય એક ભાવ જ હું છું, ને તેનાથી ભિન્ન રાગાદિ સર્વે ભાવો તે હું નથી. ઉજ્વળ જ્ઞાનવડે ધર્મી જીવો આવા તત્ત્વને અનુભવે છે; તેણે પોતાના જ્ઞાનની નિર્મળ શિલામાં ભાવશ્રુતરૂપ પરમાગમને કોતરી લીધા. ને આ જ સર્વ સિદ્ધાંતનો સાર છે.

## ગતાંકમાં પૂછેલા ત્રણ પ્રશ્નોના જવાબ

(૧) દેવોને ચાર છે, નારકીને ચાર, તિર્યંચોને પાંચ, મનુષ્યોને ચૌદ, પંચેન્દ્રિય સિવાયના જીવોને એક. – એ શું?

**ગુણસ્થાન.**

- દેવોને ચાર ગુણસ્થાન હોય છે;
- નારકીઓને ચાર ગુણસ્થાન હોય છે;
- તિર્યંચોને પાંચ ગુણસ્થાન હોય છે.
- મનુષ્યોને ચૌદ ગુણસ્થાન હોય છે.
- સંજ્ઞી-પંચેન્દ્રિય સિવાયના સંસારી જીવોને એક પહેલું ગુણસ્થાન હોય છે.

(૨) જગતમાં સિદ્ધભગવાન ઝાઝા કે મનુષ્યો ઝાઝા?–સિદ્ધ ભગવાન ઝાઝા. મનુષ્યો તો સંખ્યાત (કે સંમૂર્છન અપેક્ષાએ અસંખ્યાત) જ છે, ત્યારે સિદ્ધભગવંતો તો અનંતગુણા છે. એટલે મનુષ્યો કરતાં સિદ્ધભગવંતો અનંતગુણા છે.

(૩) માનવદેહ, સમ્યગ્દર્શન, પુણ્ય, શ્રુતજ્ઞાન, તીર્થંકરપદ, કેવળજ્ઞાન, શુભરાગ, અમૂર્તપણું, સુખ અને અસ્તિત્વ–આ દશ વસ્તુમાંથી, મોક્ષમાં જનાર જીવ નીચેની પાંચવસ્તુ સાથે લઈ જાય છે–

સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન, અમૂર્તપણું, સુખ અને અસ્તિત્વ.

(માનવદેહ, પુણ્ય, શ્રુતજ્ઞાન, તીર્થંકરપદ કે શુભરાગ–તે કાંઈ મોક્ષદશામાં રહેતું નથી.)

## વિવિધ સમાચાર

સોનગઢમાં ચૈત્ર વદ પાંચમના રોજ બંને વખતનાં પ્રવચનો પરમાગમમંદિરમાં થયા હતા. બીજે દિવસે ગુરુદેવ પ્રવાસમાં પધારવાના હોવાથી, પરમાગમોના કોતરકામની પૂર્ણતાનો મંગલ ઉત્સવ આજે મનાયો હતો. અહો, શ્રુતના આ મહોત્સવ વખતે બેહજાર વર્ષ પહેલાંનો શ્રુતપંચમીનો એ મહોત્સવ યાદ આવતો હતો. ગુરુદેવ પરમ ભક્તિથી ને પ્રસન્નતાથી વારંવાર ધરસેન–પુષ્પદંત–ભૂતબલિ ભગવંતોને યાદ કરતા હતા; તેમજ પરમાગમોનો મહિમા કરીકરીને કુંદકુંદ પ્રભુનો પરમ ઉપકાર પ્રસિદ્ધ કરતા હતા. સવારમાં જ સ્વાનુભૂતિસ્વરૂપ ઉપાદેય તત્ત્વને યાદ કરીને ગુરુદેવે મંગળ કર્યું. પછી જિનમંદિરમાં પરમાગમની પૂજા કરીને, મંગલવાજાં સહિત ભક્તિપૂર્વક પંચપરમેષ્ઠી જેવા પંચ–પરમાગમો (સમયસાર–પ્રવચનસાર–નિયમસાર–પંચાસ્તિકાય –અષ્ટપ્રાભૃત) ને પરમાગમ–મંદિરમાં બિરાજમાન કર્યાં... અને ખૂબજ ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે ગુરુદેવે પ્રવચનદ્વારા પરમાગમના સારરૂપ શુદ્ધાત્મા બતાવ્યો. આખો દિવસ પરમાગમનો મહિમા સર્વત્ર પ્રસરી રહ્યો હતો. બીજે દિવસે સવારમાં ગુરુદેવ સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને મુંબઈ પધાર્યા હતા. પરમાગમનું થોડુંક કોતરકામ બાકી હતું તે ચૈત્ર વદ સાતમના રોજ ઉપસ્થિત મુમુક્ષુઓના આનંદોલ્લાસ વચ્ચે પૂરું થયું હતું. અહો, જાણે પોતાના પરમાગમોનું લેખનકાર્ય પૂરું કરવા કુંદકુંદસ્વામી જ પધાર્યા હોય ને પોતાના સુહસ્તે પરમાગમની છેલ્લી ગાથા કોતરીને પૂરી કરતા હોય એવી ભાવનાથી ભક્તો આનંદિત થયા હતા.

સોનગઢમાં પૂ. ગુરુદેવની ૮૪ મી જન્મજયંતીનો ઉત્સવ ત્રણ દિવસ આનંદ–ભક્તિસહિત ઉજવાયો હતો.... બીજને દિવસે સવારે તથા રાત્રે સ્વાધ્યાયમંદિરમાં ભક્તિ થઈ હતી. સોનગઢમાં રહેલા મુમુક્ષુભાઈ–બેનોએ, સોનગઢના ઉપશાંત વાતાવરણ વચ્ચે ગુરુદેવનો જન્મોત્સવ ઉમંગથી ઉજવ્યો હતો. બરાબર એ જ દિવસે પરમાગમ–મંદિરમાં કોતરેલા પરમાગમોનું છેલ્લું પાટિયું ચોટાડવામાં આવ્યું હતું. પરમાગમ કોતરેલા પાટિયા પરમાગમમાં લગાડવાનું કામ પૂરું થતાં ઉપસ્થિત ભક્તજનોને ઘણો હર્ષ થયો હતો. અહા! કુંદકુંદસ્વામી જેવા પરમ વીતરાગ સંતોએ આ પરમાગમોમાં અતીન્દ્રિય આનંદ ભરીભરીને આપણા માટે ભેટ મોકલ્યો છે, ને ગુરુદેવ આજે આપણને તે આનંદરસ પીવડાવી રહ્યા છે–એમ સૌને આનંદ થતો હતો.

અહા, ગુરુદેવે આપેલા અધ્યાત્મસંસ્કારના રણકાર દરેક મુમુક્ષુના અંતરમાં ગુંજી રહ્યા છે.... સોનગઢનું શાંત વાતાવરણ પણ જાણે એ ગુંજારવમાં સાથ પૂરાવી રહ્યું છે. ગમે તે પ્રસંગમાં-સંયોગમાં કે વિયોગમાં, ઘરમાં કે વનમાં, સોનગઢમાં કે પ્રવાસમાં મુમુક્ષુના હૃદયના આત્મસંસ્કાર પોતાનું કામ કરતા જ હોય છે... આત્મ-રસની એ ખૂબી છે કે તે ગમે ત્યાં ને ગમે ત્યારે મીઠો જ લાગે છે. ખરેખર, આ મધુર આત્મરસનું ઘોલન કરી કરીને એનો સ્વાદ લેવો એ જ ગુરુના સત્સંગનું ફળ છે, એ જ શ્રીગુરુની સાચી પ્રસાદી છે, ને એમાં જ ગુરુનું સાચું સાન્નિધ્ય છે.

ચૈત્ર વદ છઠ્ઠે ગુરુદેવ સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને મુંબઈ પધાર્યા ને ત્યાં પ્રવચન વગેરેમાં હજારો મુમુક્ષુઓએ લાભ લીધો.

## ❁ ભારતના પાટનગર : દિલ્હીશહેરમા ❁

બીજે દિવસે ગુરુદેવ મુંબઈથી દિલ્હી પધાર્યા. ચૈત્ર વદ છઠ્ઠ-સાતમ-આઠમ-નોમ ચાર દિવસ ગુરુદેવ દિલ્હીમાં બિરાજ્યા. તા. ૨૪ એપ્રિલે પાલમ હવાઈમથકે ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું. સ્વાગત માટે શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહૂના અધ્યક્ષપદે ૫૧ સભ્યોની કમિટિ નીમવામાં આવી હતી. ભવ્ય-સુસજ્જિત કુંદકુંદ-પ્રવચનમંડપમાં ગુરુદેવનું મંગલ પ્રવચન થયું, તેમાં ગુરુદેવે આત્માના ચિદાનંદસ્વભાવનો પરમ મહિમા સમજાવતાં કહ્યું કે આવા આત્માનું સ્વરૂપ પ્રેમથી સાંભળવું ને તેની પ્રીતિ કરવી તે પણ મંગળ છે. સવાર-બપોર ગુરુદેવના પ્રવચનો હજારો જિજ્ઞાસુઓ ઉત્સાહથી સાંભળતા હતા; આસપાસના અનેક નગરોથી પણ જિજ્ઞાસુઓ લાભ લેવા આવ્યા હતા. દિલ્હીના ઉપનગરોમાં પણ ગુરુદેવના પ્રવચનો થયા, ગુરુદેવનો પ્રભાવ દેખીને સૌને પ્રસન્નતા થઈ. શાહૂજી દ્વારા અભિનંદન-પત્ર અર્પણ કરવામાં આવ્યું. અનેક કવિઓએ પણ ગુણગાનવડે પોતાની કાવ્યશક્તિનો સદુપયોગ કર્યો. ગુરુદેવના પદાર્પણથી અને વાણીથી ભારતનું પાટનગર ધન્ય બન્યું. એ દેખીને એમ થતું કે અહા ! ધન્ય છે આ ભારતદેશ-કે જ્યાં તીર્થંકરોના સન્દેશ આજેય સાંભળવા મળે છે... ને જેનું પાટનગરમાં ચૈતન્યમહિમાના રણકારથી ગૂંજી રહ્યું છે.-એ જ ભારતદેશનું ગૌરવ છે..... એ જ ભારતદેશની શોભા છે. દિલ્હીથી તા. ૨૮ મી એ સવારમાં ગુરુદેવ કલકત્તા શહેર પધાર્યા. (દિલ્હી અને કલકત્તા વચ્ચે બિહાર પ્રદેશમાં આપણા અનેક તીર્થો સમ્મેદ-શિખર-રાજગૃહી-પાવાપુરી વગેરે આવેલ છે; અનેક મુમુક્ષુઓ તે તીર્થોની યાત્રા કરીને આનંદિત થયા.) [ બીજા સમાચારો માટે જુઓ પાનું - ૪૮ ] 卐

# આપણા ભગવંતો

**ગતાંકમાં ૨૪ તીર્થંકર ભગવંતો સંબંધી કેટલીક માહિતી ઉપરથી તે-તે ભગવાનને ઓળખી કાઢવા માટે ત્રીસ પ્રશ્ન પૂછેલા. તેના જવાબો અહીં આપવામાં આવ્યા છે. જિજ્ઞાસુ વાંચકોએ આમાં સારો રસ લીધો છે.**

૧ એવા કયા તીર્થંકર છે કે તેમનો અને તેમના પુત્રનો જન્મદિવસ એક જ હોય? ઋષભદેવ ભગવાન અને તેમના પુત્ર ભરત ચક્રવર્તી એ બંનેનો જન્મદિવસ ફાગણ વદ નોમ છે.

૨. એવા કયા તીર્થંકર છે કે જેમની માસીએ તેમને આહારદાન કર્યું હોય? મહાવીર પ્રભુને મુનિદશામાં તેમના માસી ચંદનાસતીએ આહારદાન કર્યું હતું.

૩. એવા કયા તીર્થંકર છે કે જેમણે વર્ષીતપ કરીને પારણા વખતે હાથમાં શેરડીનો રસ પીધો હોય?

ભગવાન ઋષભમુનિરાજે દીક્ષા પછી એક વર્ષના ઉપવાસ બાદ, વૈશાખ સુદ ત્રીજે શેરડીના રસથી શ્રેયાંસરાજાના હાથે પારણું કર્યું. જૈન મુનિઓ હાથમાં જ આહાર લ્યે છે, તેથી ઋષભમુનિરાજે પણ શેરડીનો રસ હાથમાં જ લીધો હતો.

૪. એવા કયા તીર્થંકર છે કે વિદેહક્ષેત્રના તીર્થંકરે યાદ કરવાથી જેઓ વૈરાગ્ય પામ્યા હોય?

એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથ એકવાર કુમારઅવસ્થામાં વનવિહાર કરવા નીકળેલા, ત્યારે વિદેહક્ષેત્રમાં ભગવાનને કોઈએ પૂછ્યું કે હે દેવ! આપના જેવા

કોઈ તીર્થંકર અત્યારે ભરતક્ષેત્રમાં છે? ભગવાને કહ્યું કે 'હા, અત્યારે વનવિહારમાં નીકળેલા શ્રી નમિકુમાર ભરતક્ષેત્રમાં એકવીસમા તીર્થંકર થનાર છે; પૂર્વભવમાં અમે બંને અપરાજિત વિમાનમાં સાથે હતા.'–તે સાંભળીને એક દેવ તે ભગવાનના દર્શન કરવા આવ્યો; તે દેવ પાસેથી એ વાત સાંભળીને નમિકુમાર વૈરાગ્ય પામ્યા, ને એક હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. (તેનું સુંદર ચિત્ર સોનગઢ–જિનમંદિરમાં છે.)

૫. એવા કયા તીર્થંકર છે કે જેઓ સિંહના ભવમાં સમકિત પામ્યા હોય? મહાવીર ભગવાન પૂર્વે દશમા ભવે સિંહ હતા ત્યારે મુનિઓના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા હતા.

૬. એવા કયા તીર્થંકર છે કે જેમનું ચિહ્ન સર્પ હોય? – ભગવાન પારસનાથ.

૭. એવા કયા તીર્થંકર છે કે જેમનું ચિહ્ન ઝાડ (કલ્પવૃક્ષ) હોય? ભગવાન શીતલનાથ.

૮. એવા કયા તીર્થંકર છે કે જેમના બે પુત્રો સામસામા લડયા હોય? – ને પછી મોક્ષ પામ્યા હોય?

ઋષભદેવ ભગવાનના પુત્રો ભરત અને બાહુબલી સામસામા લડયા, પણ બંને જ્ઞાની હતા, ને તેમનું યુદ્ધ એવું અહિંસક હતું કે તેમાં કોઈ મનુષ્યની હિંસા થઈ ન હતી. પછી તો બાહુબલી તેમજ ભરત બંને સંસારથી વિરક્ત થઈ, મુનિ થઈ, મોક્ષ પામ્યા.

૯. એવા કયા તીર્થંકર છે કે જેમના પુત્રો જ તેમના ગણધર થયા હોય?ભગવાન ઋષભદેવના પુત્રો વૃષભસેન, અનંતવીર્ય અને ગુણસેન–તેમના ગણધર થઈને મોક્ષ પામ્યા. (ઋષભદેવના જીવે પૂર્વે વજ્રજંઘના ભવમાં જ્યારે મુનિઓને આહારદાન દીધું ત્યારે તેમના આ પુત્રો અનુક્રમે આનંદપુરોહિત,ધનમિત્ર શેઠ અને સિંહ હતા.)

૧૦. એવા કયા તીર્થંકર છે કે જેમને બે ઉત્તમ પુત્રી હોય?

ભગવાન આદિનાથને બ્રાહ્મી અને સુંદરી એ બે ઉત્તમ પુત્રીઓ હતી; તેઓ બાલબ્રહ્મચારી હતી અને સંસારથી વિરક્ત થઇને અર્જિકાદશા અંગીકાર કરી હતી. ભગવાનના સમવસરણમાં તેઓ મુખ્ય અર્જિકા હતા.

૧૧. એવા કયા તીર્થંકર છે કે જે ખરેખર સ્ત્રી ન હોવા છતાં અજ્ઞાનીઓ જેને સ્ત્રી માનતા હોય?

ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાનને અજ્ઞાનીઓ સ્ત્રી તરીકે માને છે પણ તે સત્ય નથી. એ અબાધિત સિદ્ધાંત છે કે કોઈ પણ તીર્થંકર સ્ત્રીપર્યાયમાં હોઈ શકે નહીં. તીર્થંકર તો શું, પરંતુ ગણધર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ તે પદવી પણ સ્ત્રીને હોય નહીં. તીર્થંકરો હંમેશાં સમ્યગ્દર્શન અને ત્રણ જ્ઞાન સહિત જ અવતરે છે, ને સમ્યગ્દર્શન સહિત કોઈપણ જીવ સ્ત્રીપર્યાયમાં અવતરે નહીં. જૈનસિદ્ધાંતનું જેને થોડુંક પણ જ્ઞાન હોય, સમ્યગ્દર્શનના મહિમાની જેને થોડીક પણ ખબર હોય, આરાધક જીવ (અને તેમાં પણ તીર્થંકરપ્રકૃતિ બાંધેલા આરાધક જીવ) તેનાં ઉત્તમ પરિણામોની જેને ખબર હોય તે જીવો તીર્થંકરને કદી પણ સ્ત્રી–અવતાર હોવાનું માની શકે નહીં. જૈનસિદ્ધાંતના જે નિયમો હોય તેમાં ભંગ પાડે એવું અચ્છેરું જગતમાં કદી બની શકે નહીં. મલ્લિનાથ ભગવાના જીવે પૂર્વે ત્રીજા ભવમાં મુનિ થઈને તીર્થંકરપ્રકૃતિ બાંધી હતી ને ત્યાંથી દેવલોકના અપરાજિતવિમાનમાં ગયા હતા; અપરાજિત–વિમાનમાં બધા સમ્યગ્દ્રષ્ટિજીવો જ હોય છે; ને ત્યાંથી ચવીને તેઓ કદી સ્ત્રીપર્યાયમાં અવતરતા નથી.

૧૨. એવા કયા તીર્થંકર છે કે જેઓ અષાઢ સુદ છઠ્ઠે ત્રિશલામાતાની કુંખે પધાર્યા હોય? ભગવાન મહાવીર તીર્થંકર અષાઢ સુદ છઠ્ઠે વૈશાલીના કુંડગ્રામમાં ત્રિશલામાતાની કુંખે ૧૬ મંગળ સ્વપ્નસહિત પધાર્યા. તીર્થંકરો એવા વિશેષ પુણ્યવંત હોય છે કે ઉત્તમ રાજકૂળમાં જ તેમનો અવતાર થાય છે.

૧૩. એવા કયા તીર્થંકર છે કે જેઓ ફાગણવદ નોમે જન્મ્યા હોય? (ઋષભદેવ)

૧૪. એવા કયા તીર્થંકર છે કે જેમના પ્રતાપે ભારતમાં દીપાવલી પર્વ ઉજવાય છે? આસો વદ અમાસે પાવાપુરીમાં મહાવીર ભગવાન મોક્ષ પામ્યા તેનો નિર્વાણ મહોત્સવ દીપકોની માળાથી ઊજવાયો, ત્યારથી ભારતમાં દીપાવલીપર્વ ઉજવાય છે. આવતી દીવાળીએ મહાવીર ભગવાનના મોક્ષને ૨૫૦૦ મું વર્ષ બેસશે. અઢી હજાર વર્ષનો આ ઉત્સવ ભારતમાં આનંદથી ઉજવાશે.

૧૫. એવા કયા તીર્થંકર છે કે જઓ પોતે બે વખત (પૂર્વભવોમાં) તીર્થંકર પ્રભુના પુત્ર થયા, ને પછી પોતે તીર્થંકર થયા? ને તેમના ભાઈ તેમના ગણધર થયા? સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન પૂર્વે પાંચમા ભવે વિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશના રત્નસંચયપુરનગરમાં ક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રાયુધ–ચક્રવર્તી થયા હતા, તે વખતે એક દેવે આવીને તેમના તત્ત્વજ્ઞાનની પરીક્ષા કરીને પ્રશંસા

કરી હતી. ત્યારબાદ તેઓ પૂર્વે ત્રીજા ભવે વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં ઘનરથ તીર્થંકરના પુત્ર મેઘરથકુમાર થયા, તે વખતે પણ દેવોએ તેમના તત્ત્વજ્ઞાનની અને દેવીઓએ તેમના બ્રહ્મચર્યની પરીક્ષા કરીને તેમની પ્રશંસા કરી હતી. પછી અંતિમ અવતારમાં તેઓ હસ્તિનાપુરમાં અવતર્યા, ચક્રવર્તી થયા ને પછી દીક્ષા લઈ કેવળજ્ઞાન પ્રગટાવી તીર્થંકર થયા; ત્યારે તેમના ભાઈ ચક્રાયુધ તેમના ગણધર થયા. તે બંને ભાઈઓ છેલ્લા અનેક ભવથી સાથે ને સાથે હતા.

૧૬. એવા કયા તીર્થંકર છે કે જેમના પુત્ર ચક્રવર્તી થયા હોય ?

ભગવાન આદિનાથના પુત્ર ભરતરાજ ચક્રવર્તી હતા.

૧૭. એવા કયા તીર્થંકર છે કે જેઓ તે ભવમાં ચક્રવર્તી પણ થયા હોય ?

શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ એ ત્રણે તીર્થંકરો ચક્રવર્તી પણ હતા.

૧૮. એવા કયા તીર્થંકર છે કે જેમને ૧૦૦ પુત્રો થયા હોય ને તે બધાય પુત્રો તે જ ભવે મોક્ષ પામ્યા હોય ?

ભગવાન ઋષભદેવને ૧૦૦ પુત્રો હતા, તે બધાય તે જ ભવે મોક્ષ પામ્યા.

૧૯. શ્રી નેમિનાથ ભગવાન ઉપરાંત બીજા એવા કયા તીર્થંકર છે કે જેઓ લગ્ન વખતે વૈરાગ્ય પામ્યા હોય ?

ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિકુમારનું આયુષ્ય ૫૫૦૦૦ વર્ષનું હતું. સો વર્ષની વયે, તેમના પિતાજીએ જગતરતિ નામની રાજકન્યા સાથે તેમના વિવાહની તૈયારી કરી. મહાન દૈવી વિભૂતિ સહિત મલ્લિનાથકુમાર વિવાહ માટે મથિલાપુરીથી પ્રસ્થાન કરીને પૃથ્વીપુર તરફ ચાલ્યા. લગ્નપ્રસંગે મિથિલાપુરીને અદ્‌ભુત શણગારથી સજાવી હતી. પૂર્વ જન્મમાં ભગવાન મલ્લિનાથ અપરાજિત–વિમાનમાં હતા ને ત્યાં અદ્‌ભુત દૈવી વૈભવ ભોગવ્યો હતો. રાજદ્વારની બહાર નીકળીને ભગવાન મલ્લિનાથે જ્યાં આ મિથિલાપુરીની આશ્ચર્યકારી શોભા નીહાળી ત્યાં તો તેમને તે અપરાજિત વિમાનનું સ્મરણ થઈ આવ્યું, પૂર્વભવનું જાતિસ્મરણ થયું, અને તરત ભગવાનનું ચિત્ત સંસારથી એકદમ વિરક્ત થઈ ગયું....અરે, આવા સંસાર–ભોગો તો પૂર્વભવમાં આ જીવ ભોગવી ચુક્યો છે. મારો અવતાર સંસાર–ભોગ ખાતર નથી, મારો અવતાર તો આત્માના મોક્ષને સાધવા માટે છે.–આમ લગ્ન પ્રસંગે જ વૈરાગ્ય પામીને મલ્લિકુમાર મુનિ થયા.

૨૦. એવા કયા તીર્થંકર છે કે જેઓ મુનિદશામાં માત્ર છ દિવસ જ રહ્યા હોય ?

મુનિ થઈને મલ્લિનાથપ્રભુએ એવી આત્મસાધના કરી કે માત્ર છ દિવસમાં જ કેવળજ્ઞાન પામ્યા.

૨૧ એવા કયા તીર્થંકર છે કે જેમને સૌથી વધુ (૧૧૬) ગણધરો હતા? પાંચમા સુમતિનાથ તીર્થંકરને ૧૧૬ ગણધરો હતા.

૨૨. ચંદ્રપ્રભ સિવાય બીજા કયા ભગવાનનું શરીર સફેદ હતું? નવમા સુવિધિનાથ (અર્થાત્ પુષ્પદંત) ભગવાનનું શરીર સફેદ હતું.

૨૩. નેમનાથ ભગવાન સિવાય બીજા કયા ભગવાન એવા છે કે જેઓ શ્યામવર્ણા હોય? 'ભગવાન' તો જોકે શરીરરહિત ને વર્ણરહિત છે; પણ વીસમા મુનિસુવ્રત ભગવાનનું તથા બાવીસમાં નેમનાથ ભગવાનનું શરીર શ્યામવર્ણ હતું.

૨૪. એવા કયા તીર્થંકર છે કે જેઓ કાશીમાં જન્મ્યા હોય? સાતમા સુપાર્શ્વનાથ અને ત્રેવીસમાં પાર્શ્વનાથ તીર્થંકર કાશી–બનારસમાં જન્મ્યા છે.

૨૫. એવા કયા તીર્થંકર છે કે જેમના નિમિત્તે બે સર્પો પણ ધર્મ પામ્યા હોય?શ્રી પાર્શ્વનાથ ભગવાને લાકડામાં બળતા બે સર્પોને ધર્મ સંભળાવ્યો હતો; ત સર્પો મરીને ધરણેન્દ્ર તથા પદ્માવતી થયા હતા, ને પાર્શ્વનાથ પ્રભુની ભક્તિ કરવા આવ્યા હતા.

૨૬. એવા કયા તીર્થંકર છે કે જેઓ સૌરાષ્ટ્ર–ગુજરાતમાં સૌથી ઊંચા સ્થાને બિરાજતા હોય?

શ્રી નેમિનાથ તીર્થંકર સૌરાષ્ટ્ર–ગુજરાતમાં સૌથી ઊંચા એવા ગીરનાર પર બિરાજતા હતા; ત્યાંની પંચમટૂંકેથી તેઓ મોક્ષ પધાર્યા છે; ને ત્યાં પર્વતપર તેમની મૂર્તિ કોતરેલી છે.

૨૭–૨૮–૨૯. એવા કયા તીર્થંકર છે જે જેમનો ઉપદેશ ભીમ વગેરેએ સાંભળ્યો હોય?

એવા કયા તીર્થંકર છે કે જેઓ શ્રીકૃષ્ણના સગા થતા હોય?

એવા કયા તીર્થંકર છે જે જેઓ સૌરાષ્ટ્રમાંથી મોક્ષ પામ્યા હોય?

નેમનાથ ભગવાન....નેમનાથ ભગવાન....નેમનાથ ભગવાન.

૩૦. એવા કયા તીર્થંકર છે કે જેમની સમીપે શ્રેણીકરાજા ક્ષાયિક સમકિત પામ્યા? શ્રી મહાવીર ભગવાનની સમીપે શ્રેણીકરાજા ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા.

– આવા પૌરાણિક પ્રશ્નોત્તર વડે મહાપુરુષો સંબંધી અનેક અવનવી વાત જાણવામાં આવે છે ને મુમુક્ષુને ધર્મ સાધનામાં ઉત્સાહ જગાડે છે. આપ પણ આપના પ્રશ્નો પૂછાવી શકો છો. (સં.)

# બે વારતા - - ખોટી અને સાચી

## [ ૧ ]

એક હતો રાજા..... તે બહુ દાનેશ્વરી હતો, તેમજ ન્યાયી હતો ( અમે ભણતા ત્યારે નિશાળના પુસ્તકમાં આ કથા આવતી, હમણાં પણ એક પુસ્તકમાં તે વાંચી. ) તે રાજા એકવાર રાજસભામાં બેઠો હતો. ત્યાં અચાનક એક હોલોપક્ષી ત્યાં આવ્યું; તે ભયથી ધ્રૂજતું હતું, રાજાએ તેને શરણ આપ્યું; અને તે કેમ આટલું બધું ધ્રૂજે છે ? તે વિચારવા લાગ્યો ત્યાં તો તેની પાછળ એક ગીધ તેને પકડવા આવ્યું. રાજાએ તેને અટકાવ્યું. ત્યાં તો ગીધને વાણી પ્રગટી અને તે કહેવા લાગ્યું કે હે રાજા ! હું બહુ ભૂખ્યું છું માટે મારો આ ખોરાક મને આપ.

રાજા કહે : મારા શરણે આવેલા આ હોલાની રક્ષા કરવી તે મારો ધર્મ છે.

ગીધ કહે : પણ હું ભૂખથી તરફડું છું, ભૂખથી મારા પ્રાણ ચાલ્યા જશે.

રાજા કહે : આ હોલા સિવાય બીજું તું કહે તે તને આપું.

ગીધ કહે : મારો ખોરાક માંસ જ છે; માટે તે હોલાની બરોબર માંસ મને આપો, અગર તો હોલો સોંપી દો.

રાજાએ પોતાના શરીરમાંથી હોલા જેટલું માંસ કાપીને આપવાનું નક્કી કર્યું. એક ત્રાજવામાં હોલો મૂક્યો ને બીજામાં પોતાના શરીરમાંથી કાપીને માંસ મૂક્યું. પણ વજન સરખું ન થયું. આખરે આખું શરીર ત્રાજવામાં મુકવા માટે રાજા તૈયાર થયો. ત્યારે તે ગીધ પોતે દેવરૂપે પ્રગટ થયો, તે રાજા ઉપર પ્રસન્ન થયો, ને કહ્યું કે તમે તો મહાન દાનેશ્વરી છો.

બોલો બાળકો, આ કથા તમને કેવી લાગી ?

શું તમને આ કથા ગમી ? ( હા ! ) તો તમે મૂરખ છો.

કેમ ? – કારણ કે આ કથા ધર્મથી તદ્દન વિપરીત છે.

પ્રથમ તો દાનમાં એવી વસ્તુ જ દેવાય કે જે નિર્દોષ હોય. માંસનું દાન હોઈ

શકે જ નહીં; માંસભક્ષણ તો નરકનું કારણ છે, તો તેનું દાન કેમ દેવાય? ભલે પોતાના શરીરનું માંસ કાપીને આપે તોપણ માંસનું દાન દેનાર કે લેનાર બંને મિથ્યાદ્રષ્ટિ–પાપી જ છે. અરે, જે માંસાહાર કરે કે કરાવે એને ધર્મ કેવો? ને દાન કેવું?

માંસાહાર કરનારો જીવ તે ખરેખર દાન માટે પાત્ર નથી, કુપાત્ર છે. માંસનું દાન દેનારને દાનધર્મની ખબર નથી. દાનમાં દેનાર, લેનાર, દાનદેવાયોગ્ય વસ્તુ અને દાન દેવાની વિધિ–એ બધું યોગ્ય હોવું જોઈએ.

આ ઉપરથી તમને ખ્યાલ આવશે કે ઉપરની કથા કેટલી વિપરીત છે! તે ખોટી કથાને બદલે દાન વગેરેનું સાચું સ્વરૂપ સમજાવતી સાચી કથા શાંતિનાથપુરાણમાં આવે છે તે અહીં આપવામાં આવે છે.

卐 [ ૨ ] 卐

**શાંતિનાથ ભગવાનના પૂર્વભવનો આ પ્રસંગ છે. પૂર્વે ત્રીજા ભવમાં તેઓ વિદેહક્ષેત્રના પુષ્કલાવતી દેશમાં પુંડરીકિણી નગરીમાં ઘનરથ તીર્થંકરના પુત્ર હતા, તેમનું નામ મેઘરથ.**

આત્માને જાણનારા એવા તે મેઘરથ રાજા સમ્યગ્દર્શન વડે સુશોભિત હતા. જૈનધર્મના જાણકાર હતા, શાસ્ત્રોમાં પારંગત હતા, ને અહિંસા વગેરે વ્રતોને પાળતા હતા; જીવો ઉપર કરુણા, અભયદાન વગેરે ગુણોથી પણ તે શોભતા હતા. પેતાના પુત્ર–પરિવાર વગેરેમાં તે સદા જૈનધર્મનો અને સદાચારનો ઉપદેશ દેતા હતા.

એક દિવસે ઉપવાસ કરીને તે મેઘરથ રાજા સભા વચ્ચે બેઠા હતા ને ધર્મચર્ચા કરતા હતા.... એવામાં ભયથી ફફડતું એક કબુતર ત્યાં આવ્યું.... એક ભયંકર ગીધ તેને પકડવા તેની પાછળ આવતું હતું; તેથી જીવવાની ઇચ્છાથી તે કબુતર ત્યાં રાજા પાસે આવી પડયું, મરણની બીકથી તે થરથર ધ્રૂજતું હતું......ને કરુણા નજરે રાજા સામે જોઈને બચાવવાની પ્રાર્થના કરતું હતું. તેની પાછળ–પાછળ તેનું માંસ ખાવાનું લોલુપી, અત્યંત ક્રૂર અને દુષ્ટ એવું મોટું ગીધ ત્યાં આવ્યું, ને કબુતરને પકડવાની ચેષ્ટા કરી, પણ રાજાએ કબુતરની રક્ષા કરી.

ત્યારે તે ગીધને વાચા ફૂટી, ને દીનતાથી તે રાજાને કહેવા લાગ્યું કે હે રાજન્! આપ દાનેશ્વરી છો; હું અત્યંત દુર્બળ છું ને મને ખૂબ જ ભૂખ લાગી છે; ભૂખની વેદના સહન થતી નથી; આ કબુતર મારો ખોરાક છે, માટે તે મને સોંપી દો. આપ

તો દાનમાં શૂરવીર છો, માટે આ કબુતર મને દાનમાં આપી દો; તેનું માંસ ખાઈને મારી ભૂખ મટાડીશ જો નહિ આપો તો ભૂખના દુઃખથી અહીં જ હું મરી જઈશ.

કબુતર ભયથી ધ્રુજી રહ્યું હતું....ને પોતાને બચાવવા માટે દીનતાથી રાજા સામે જોઇ રહ્યું હતું. રાજા મેઘરથની સાથે તેના નાના ભાઈ દૃઢરથ પણ બેઠા હતા. આ દૃશ્ય જોઈને તેણે પોતાના મોટાભાઈને પૂછયું–હે પૂજ્ય! આ બંનેને પૂર્વ ભવનું કોઈ વેર છે, કે માત્ર જાતિવેર છે?

ત્યારે મેઘરથે પોતાના અવધિજ્ઞાનવડે તેમના પૂર્વભવ જાણીને કહ્યું કે આ બંને જીવો પૂર્વભવમાં વણિકપુત્રો હતા, બંને ભાઈ હતા, ધનના લોભી હતા; ધનના તીવ્ર લોભથી એકવાર લડવા લાગ્યા, ને બંનેએ એકબીજાને મારી નાંખ્યા. કુમાર્ગગામી એવા તે બંને ભાઈઓ મરીને અત્યંત દુઃખી એવા આ બે પક્ષી (ગીધ અને કબુતર) થયા છે.–પણ હવે તેમના ઉદ્ધારનો પ્રસંગ નજીક આવ્યો છે.

આમ વાત ચાલતી હતી, એવામાં ત્યાં એક દેવ આવ્યો. તેને દેખીને દૃઢરથે પૂછયું–હે પૂજ્ય બંધુ! આ કોણ છે? અહીં કેમ આવ્યા છે?

મેઘરથે કહ્યું–બંધુ! તે એક હલકો જ્યોતિષી દેવ છે. પૂર્વભવે તેણે અજ્ઞાનપૂર્વક મિથ્યામાર્ગમાં તપ કર્યો, તેથી તે હલકો દેવ થયો છે. એકવાર તે ઈશાનસ્વર્ગમાં ઇંદ્રસભા જોવા ગયેલો, તે વખતે ત્યાં ઇન્દ્રસભામાં મારી પ્રશંસા સાંભળીને તે મને જોવા અને પરીક્ષા કરવા આવ્યો છે. અને તે માટે આ ગીધ તથા કબુતરનો પ્રસંગ પણ તેણે જ ઊભો કર્યો છે. (એમ કહીને તે દેવના પૂર્વભવની વાત કરી.)

ગીધ ભૂખથી તરફડતું કબુતર માંગી રહ્યું હતું, તેણે કહ્યું–હે રાજન્! તારે કબુતરની રક્ષા કરવી હોય તો તેના ભારોભાર માંસ તું મને આપ! તારે બીજા જીવને ન હણવો હોય તો તારા શરીરમાંથી તેટલું માંસ કાપીને મને આપ–માંસ જ મારો ખોરાક છે, તેના વગર હું મરી જઈશ.

ત્યારે રાજા મેઘરથ કહે છે કે હે ગીધ! માંસભક્ષણ એ મહા પાપ છે. અને માંસનું દાન દેવું તે પણ મહા પાપ છે. માંસ એ કાંઈ દાનમાં દેવાયોગ્ય વસ્તુ નથી. માંસભક્ષી જીવ દાનને માટે પાત્ર નથી. માંસ ભલે પોતાના શરીરનું હોય – તોપણ તે દાન દેવાને યોગ્ય વસ્તુ નથી.

હે સભાસદો! તમે સાચા દાન વગેરેનું લક્ષણ સાંભળો. દાન દેવા યોગ્ય પાત્ર કેવા હોય, દાન કઈ વસ્તુનું દેવાય, અને દાતા તથા વિધિ કેવા હોય, તથા તેનું ફળ કેવું હોય? તે બધું હું કહું છું. પોતાના તેમજ પરના અનુગ્રહ માટે કે ઉપકાર માટે જે યોગ્ય વસ્તુ દેવામાં આવે તેનું નામ દાન છે. તેમાં દાન દેનારને પોતાને વિશેષ પુણ્ય થાય છે ને તેનાથી ભોગભૂમિ કે સ્વર્ગપદની પ્રાપ્તિ થાય છે; અને દાન લેનારને ધર્મધ્યાન વગેરેમાં સ્થિરતા થાય છે;–તે રીતે દાનમાં સ્વ–પરનો ઉપકાર છે. માંસનું દાન દેનારને દેવામાં કે લેનારને કોઈને ઉપકાર થતો નથી,–બંનેને પાપ થાય છે. માટે માંસ દેવું તેને દાન કહી શકાય નહીં. અને સજ્જનપુરુષો દાનના નામે એવું પાપ કરતા નથી.

જેનાથી શ્રદ્ધા–જ્ઞાન–નિર્લોભતા વગેરે ગુણોની પુષ્ટિ થાય, ધર્મપ્રભાવના થાય, કોઈ જીવને દુઃખ ન થાય, એવી નિર્દોષ વસ્તુ આહાર–શાસ્ત્ર વગેરે દાનમાં દેવાયોગ્ય છે. રત્નત્રયને સાધનારા ઉત્તમ ધર્માત્મા પુરુષો તે દાન માટે ઉત્તમ પાત્ર છે. અહો! ભક્તિપૂર્વક એવા સત્પાત્રને દાન દેતાં પોતાને પણ રત્નત્રયધર્મની ભાવના પુષ્ટ થાય છે–તે મહાન લાભ છે. કોઈ પાત્ર જીવના શરીરમાં રોગાદિ વ્યાધિ થયો હોય ને તેને દૂર કરવા માટે ઔષધિદાન આપે–તો તે ઔષધિ પણ ઇંડા–માંસ વગેરે અભક્ષ્ય વસ્તુઓથી રહિત હોવી જોઇએ જેમાં અભક્ષ્ય હોય એવી ઔષધિ દાનમાં દેવાય નહિ કે પોતે પણ તેનું સેવન કરાય નહીં. દાન દેનાર પણ સદાચારી, જિનભક્ત, શ્રદ્ધાવંત અને વ્રતી હોય તે ઉત્તમ દાતા છે. દાન એવી વિધિથી દેવું જોઈએ કે જે ગુણને વધારનાર હોય અને કોઈને પીડા ઉપજાવનાર ન હોય. દાન દેનારને સર્વ જીવો પ્રત્યે દયાભાવ હોય.

[ અહા, મેઘરથકુમારના શ્રીમુખથી અહિંસામય દાનધર્મની અત્યંત શાંતરસઝરતી આ વાત સૌ સાંભળી રહ્યા છે; સાંભળીને દેવ આશ્ચર્ય પામે છે; ગીધ પોતાની ભૂખને ભૂલી ગયું છે; કબુતરનો ભય દૂર થઈ ગયો છે. બધા એકીટસે મેઘરથની વાત સાંભળી રહ્યા છે– ]

મેઘરથ કહે છે–અહો, મોક્ષને સાધનારા મુનિવરો આ જગતમાં ધન્ય છે,–તેઓ જ ઉત્તમ પાત્ર છે; તેઓ સર્વ પરિગ્રહથી રહિત છે, રત્નત્રયથી વિભૂષિત છે, સર્વ જીવોનું હિત કરનારા છે, લોભથી રહિત છે, વીતરાગી જ્ઞાન–ધ્યાનમાં સદાય તત્પર છે, સંસારથી તરનારા છે, ને ભવ્યજીવોને મોક્ષમાર્ગ દેખાડીને પરમ ઉપકાર કરનારા છે, કોઇ ધનભાગ્યથી આવા મુનિરાજ આંગણે પધારે ને તેમને નવધાભક્તિસહિત નિર્દોષ આહારાદિનું દાન દઇએ–તે ઉત્તમ દાન છે, તે ધન્ય અવસર છે. અરે, આવા પાત્રદાનને

દેખીને તેની અનુમોદના કરનારા અજ્ઞાની પશુઓ (સિંહ–વાંદરો વગેરે) પણ ઉત્તમ પુણ્ય બાંધીને ભોગભૂમિના સુખને પામે છે. સુપાત્રદાન તે ગૃહસ્થોનું મુખ્ય કાર્ય છે ને તે મહાનપુણ્યનું કારણ છે.–પરંતુ માંસાદિનું દાન તે તો પાપની ખાણ છે; જે દુષ્ટ જીવ માંસ લેવાની ઇચ્છા કરે છે તે પાપી જીવ દાન માટે પાત્ર કેમ હોય? માંસાદિનું દાન કરનાર એ દાતા નથી પણ સ્વ–પરને નરકમાં લઈ જનાર છે.

આ રીતે હે સભાજનો! માંસભક્ષણની ઇચ્છા કરનારું આ ગીધ તે કાંઈ દાન દેવા યોગ્ય સત્પાત્ર નથી. તે તો માંસનું લોલુપી, દૂષ્ટ, હિંસક અને વિષયાંધ છે. વળી કબુતર એ કાંઈ દાનમાં દેવા યોગ્ય વસ્તુ નથી, એ કાંઈ ખોરાકને યોગ્ય ચીજ નથી; એ તો ભયભીત થઈને શરણે આવેલું છે, તે રક્ષા કરવા યોગ્ય છે. ગીધનું જીવવું કે મરવું તે તેના કર્મઆધીન હોનહાર હશે તેમ થશે. આ સંસારના જીવો પોતાના પુણ્ય પાપ અનુસાર સુખી–દુઃખી થાય છે. માટે ધર્મીજીવોએ સ્વ–પરનું હિત વિચારીને, કોઈ જીવોની હિંસા ન થાય તે રીતે સુપાત્ર દાનાદિ કર્તવ્ય છે.

આ પ્રમાણે રાજા મેઘરથની વાણી સાંભળીને તે દેવને પ્રસન્નતા થઇ, અને તેણે મેઘરથને નમસ્કાર કરીને તેની પ્રશંસા કરી કે અહો રાજન્! તમે પૂજ્ય છો, તમે તત્ત્વજ્ઞાની છો, દાનધર્મનું સાચું સ્વરૂપ જાણનારા છો, ત્રણજ્ઞાનના ધારક છો, આપની કીર્તિ સ્વર્ગમાં પણ વ્યાપી ગઈ છે, આપે ધર્મનું સ્વરૂપ સમજાવીને અને માંસભક્ષણના દોષ બતાવીને તથા જીવરક્ષા કરીને, અમારા ઉપર તેમજ ગીધ અને કબુતર ઉપર પણ મહાન ઉપકાર કર્યો છે. પ્રભો! આપ ભવિષ્યના તીર્થંકર છો..... આપને ધન્ય છે.... એ પ્રમાણે સ્તુતિ કરીને તે દેવે સ્વર્ગના વસ્ત્રાભૂષણ વડે તેમનું સન્માન કર્યું.

ગીધ અને કબુતર પણ પોતાના પૂર્વભવના વેરની કથા સાંભળીને ઘણો વૈરાગ્ય પામ્યા, અને તેમણે પરસ્પર વેરભાવ છોડી દીધો,–બંને ઘણા શાંત થયા.

રાજા મેઘરથે કહ્યુંઃ અરે ગીધ! તમે બંને પૂર્વભવના ભાઈ, પણ ક્રોધાદિ વેરભાવને લીધે ઘણા દુઃખી થયા, ને ભાઈ–ભાઈને ખાવા તૈયાર થયા. અરે, આવો ક્રોધ, આવું વેર અને આવા જીવહિંસાના પરિણામ તમને શોભતા નથી.... માટે તે પરિણામને છોડ...... માંસભક્ષણના ક્રૂરભાવને તું છોડી દે. હે કબુતર! તું પણ ભયરહિત થા. ક્રોધ, ભય, હિંસા વગેરે વિભાવોથી જુદો શાંતસ્વરૂપ આત્મા છે, તેને સમજીને તમે શાંતભાવને ધારણ કરો.


ગીધ અને કબુતર પણ પોતાના પૂર્વ ભવો જાણીને તથા આવો મધુર હિતકર ઉપદેશ સાંભળીને પ્રસન્ન થયા, પૂર્વ ભવના વેરના સંસ્કાર તેમણે છોડી દીધા, તેમનું ચિત્ત સંસારથી એકદમ વિરક્ત થયું, પોતાના દોષોની નિંદા કરીને ધર્મમાં ચિત્ત જોડયું, અને સર્વ પ્રકારના આહારને છોડીને અનશન વ્રત ધારણ કર્યું. હૃદયમાં જિનેદ્રદેવના ધર્મને ધારણ કરીને વીરતાપૂર્વક ઉત્તમ ભાવનાસહિત સંન્યાસ–મરણ કરીને તે બંને પક્ષીઓ દેવ તરીકે ઉત્પન્ન થયા.

તે દેવોએ અવધિજ્ઞાનથી પોતાના પૂર્વ જન્મની વાત જાણી કે અહો! મેઘરથરાજાનો મહાન ઉપકાર છે કે તેમના ઉપદેશના પ્રતાપે અમે પશુમાંથી દેવ થયા છીએ, ને જિનેન્દ્રદેવનો ઉત્તમ ધર્મ અમને મળ્‌યો છે.–આમ વિચારી તરત તેઓ મેઘરથરાજા પાસે આવ્યા ને નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા કે હે શ્રેષ્ઠ વિદ્વાન! અમને ધર્મનું સ્વરૂપ સમજાવીને મેઘની જેમ તમે ઉપકાર કર્યો છો; અહો, સમ્યગ્દર્શનાદિ રત્નોવડે આપ સુશોભિત છો, જિનધર્મના જ્ઞાતા છો, શીલના સાગર છો. આપના પ્રતાપે અમારો ઉદ્ધાર થયો છે, અને અહિંસામય જૈનધર્મ પામ્યા છીએ. આમ કહી ફરીફરી નમસ્કાર કરીને તે દેવો પોતાના સ્થાને ચાલ્યા ગયા.

ત્યારપછી આગળ જતાં તે મેઘરથરાજા સંસારથી વિરક્ત થઈ મુનિ થયા, તીર્થંકરપ્રકૃતિ બાંધી, અને ત્રીજા ભવે આ ભરતક્ષેત્રની હસ્તિનાપુરનગરીમાં અવતરી, ચક્રવર્તી થઈ, છખંડ છોડી, અખંડ આત્માને આરાધી, કેવળજ્ઞાન પ્રગટાવી, આ ભરત–ક્ષેત્રના ૧૬મા શાંતિનાથ તીર્થંકર થયા.... તેમને નમસ્કાર હો.

**હે ભાઈ! આત્માના અંતરના અનુભવને જાણ્યા વગર એકલા બહારના અનુમાનથી તું જ્ઞાનીનું માપ કાઢવા જઈશ - તો ભ્રમણામાં પડીશ. ‘અનુભવી હોય તે જ અનુભવીને ઓળખે’ - એટલે આ આત્મા સર્વજ્ઞ છે, આ આત્મા સાધકધર્મી છે - એવો ખરો નિર્ણય, તેવી જાતનો અંશ પોતામાં પ્રગટ કરે ત્યારે જ થાય છે. અંતર્મુખ થઈને આત્માને સ્વસંવેદનમાં લેનાર જ્ઞાનદશા ભલે અધૂરી હોય તોપણ તેને ‘પ્રત્યક્ષ’ કહેવાય છે. એવા પ્રત્યક્ષ વગર એકલા અનુમાનથી આત્માનો નિર્ણય થઈ શકતો નથી.** 卐

પરમાગમની મધુરી પ્રસાદી



# મોક્ષનો માર્ગ એ શૂરવીરોનો માર્ગ છે

**જ્ઞાની શૂરવીરપણે મોક્ષને સાધે છે.**
**તે જ્ઞાનીની દશાને જ્ઞાની જ જાણે છે.**
**જ્ઞાનીની અદ્ભૂત દશાને અજ્ઞાની ક્યાંથી જાણે ?**
**જ્ઞાનીનાં પરિણામ ઊજ્વળ હોય છે.**

**[ સમયસાર કળશ ૧૫૩-૧૫૪ તથા ગાથા ૨૨૯ ઉપરનાં પ્રવચનોમાંથી ]**

- સમ્યગ્દર્શનમાં આત્માના ચૈતન્યસુખનું વેદન છે; એવા સુખનો અનુભવ કરનાર ધર્માત્માની જ્ઞાનદશા, શુભાશુભ સર્વે પરભાવોથી જુદી ને જુદી છે, તેથી તે ધર્માત્મા ખરેખર શુભાશુભ કર્મને કરતો નથી, ને તેના ફળને ભોગવતો પણ નથી, એટલે તેને નિર્જરા જ છે.

- અજ્ઞાનીએ આત્માના ચૈતન્યસુખને જાણ્યું નથી તેથી તે શુભાશુભભાવ કરીને તેના ફળને જ વાંછે છે. આત્માના આનંદનો અનુભવ આવ્યા વગર શુભાશુભ

કર્મના ફળની વાંછા છૂટે નહિ. શુભરાગના ફળમાં મને કાંઈક પણ સુખ મળશે. –એવી ઊંડી વાંછા અજ્ઞાનીને પડી જ છે, તેથી રાગના ફળથી તે જુદો રહી શકતો નથી.

- અહો, ચૈતન્યની શુદ્ધતાનું પરાક્રમ જે કરે છે એવા ધર્મી જીવોની ક્રિયા સંસારને માટે અફળ છે. અને જે અજ્ઞાની છે તે ભલે સંસારમાં ભાગ્યવાન–પુણ્યવાન હોય તોપણ તેની શુભાશુભક્રિયાઓ સંસારને માટે જ સફળ છે, તેના રાગનું ફળ સંસાર જ છે, મોક્ષને માટે તેની બધી ક્રિયાઓ નિષ્ફળ છે.

- પ્રશ્નઃ–જ્ઞાનીને રાગાદિ કર્મ તો થાય છે, છતાં જ્ઞાની કર્મ કરતો નથી ને તેના ફળને વાંછતો નથી–એમ કેમ કહો છો ?

ઉત્તરઃ–ભાઈ, જ્ઞાની શું કરે છે એની તને ખબર નથી. જ્ઞાનચેતનારૂપે પરિણમતો જ્ઞાની, તે રાગ કરે છે–એમ તને તારી અજ્ઞાનદ્રષ્ટિથી જ દેખાય છે; તે વખતે રાગથી જુદી જ્ઞાનચેતના જ્ઞાનીને વર્તે છે–તેને તો તું ઓળખતો નથી. ધર્મીની જ્ઞાનચેતના તો અંદરના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારી છે, એ ચેતનમાં રાગ કેવો ? 'જ્ઞાની' રાગ કરે છે–એમ અમને તો દેખાતું નથી; અમને તો જ્ઞાનીની જ્ઞાનચેતના રાગથી જુદી જ દેખાય છે.

- અહો ! સમ્યગ્દર્શન થતાં અંદરથી આનંદની લહેર ઊઠી છે. તે સમ્યગ્દ્રષ્ટિ જીવ શું કરે છે–જ્ઞાન કરે છે કે રાગ કરે છે ? એ વાત અજ્ઞાનથી ઓળખી શકાય નહીં. જેને આનંદમય સ્વસંવેદનથી અંદરમાં અનંતગુણનો વૈભવ પ્રગટયો છે....મુનિઓને તો પ્રચૂરપણે ઢગલાબુધ સુંદર આનંદમય સ્વસંવેદન વર્તે છે, ને સમ્યગ્દ્રષ્ટિ ચોથેગુણસ્થાને ભલે મુનિ કરતાં નાનો છે–છતાં તેને પણ આત્માના સુંદર–અતીન્દ્રિય આનંદના વેદનરૂપ સ્વસંવેદન હોય છે, તેને પણ આત્માનો વૈભવ પ્રગટયો છે. અરે, આત્માના આવા આનંદમય વૈભવમાં રાગનું કર્તૃત્વ કેવું ? ચૈતન્યના વૈભવમાં રાગનો કણિયો પણ કેમ સમાય ? ધર્મીના ચૈતન્યભાવમાં કોઈ કર્મ કોઈ રાગ તન્મયપણે નથી એટલે ધર્મી તેનો કર્તા નથી. ધર્મીજીવની આવી દશાને ખરેખર જ્ઞાની જ ઓળખે છે. બહારના જ ભાવોને દેખનારો બહિરાત્મા તે અંતરાત્માના ભાવને ક્યાંથી જાણે ? અંતરાત્માની ચેતના પરભાવથી જુદે–જુદી વર્તે છે. અંતરાત્માની આવી ગતિને બહિરાત્મા જાણી શકે નહીં.–જાણે તો તે બહિરાત્મા રહે નહીં.

- ધર્મીને અવશપણે,–પોતાની પુરુષાર્થની ગતિ નબળી હોવાથી, કાંઈક શુભાશુભ આવી જાય છે, પરંતુ તે વખતેય ધર્મી પોતાના અકંપ પરમ જ્ઞાનસ્વભાવમાં જ સ્થિત છે, જ્ઞાનસ્વભાવથી છૂટીને તેની જ્ઞાનપર્યાય રાગમાં તન્મય થઈ નથી; ચૈતન્યનાસ્વભાવની શાંતિને જે વેદી રહ્યો છે તેને રાગનું કર્તૃત્વ કેમ હોય? શાંતિના બરફમાં અગ્નિનો કણ કેમ હોય? જેમ પાપના ઉદયથી રોગાદિ પ્રતિકૂળતા આવી પડે તેને જગતના જીવો સારી માનતા નથી, તેમ ચૈતન્યની શાંતિના વેદનમાં વર્તતા ધર્માત્માને વચ્ચે શુભાશુભ રાગ કે હર્ષ–શોક આવી પડે તે વેદના જેવા છે, પોતાની શાંત–ચેતનાને ધર્મી તે વેદનારૂપે કરતા નથી, માટે ધર્મીની શાંતચેતનામાં તે કોઈ રાગાદિનું કર્તાપણું કે હર્ષાદિનું ભોક્તાપણું જરાય નથી. સમ્યગ્દર્શનાદિ અનંતગુણોમાં જે નિર્મળભાવ પ્રગટયા છે તે તો રાગથી છૂટા મુક્ત જ છે; મુક્તિના સુખનો નમુનો તેને વેદનમાં વર્તે જ છે. અરે, આવા ધર્માત્માને જે રાગાદિના કર્તાપણે દેખે છે – તેને ધર્માત્માનું માપ કરતાં આવડતું નથી.

- આપણે શું કરીએ છીએ તે દુનિયામાં બીજા જાણે કે ન જાણે.–તે કાંઈ દુનિયાને દેખાડવાનું કામ નથી; આપણે તો આપણા આત્મા માટે અંદરનું કામ કરીએ છીએ.–આમ ધર્માત્મા જગતની અપેક્ષા છોડીને અંદર પોતે પોતાની જ્ઞાનચેતનાના આનંદને વેદે છે. બીજા ભલે તેને ઓળખે કે ન ઓળખે, પૂજે કે નિંદા કરે–તેથી કાંઈ પોતે પોતાના આત્માની શાંતિથી છૂટતો નથી. બીજાની વાત છોડીને, શૂરવીર થઈને પોતે પોતાના હિતને માર્ગે હાલ્યો જાય છે. અહો, આ તો ભગવાન થવાનો માર્ગ છે, તીર્થંકરોનો માર્ગ છે.

**હરિનો મારગ છે શૂરાનો......**

**આત્માનો મારગ છે શૂરાનો......**

- સમકિતી પણ શૂરવીર થઈને વીતરાગમાર્ગને સાધે છે....અરે વીતરાગનાં મારગ, એ તે કાંઈ રાગવડે સધાતા હશે? રાગથી લાભ માનવો એ તો કાયર જીવોનું કામ છે....ધર્મી તો ભેદજ્ઞાનની શૂરવીરતા વડે બધાય રાગને જ્ઞાનથી અત્યંત ભિન્ન કરીને, શુદ્ધઉપયોગભાવરૂપે જ પોતાને અનુભવે છે, –આવી શૂરવીરતા તે હરિનો માર્ગ છે એટલે તે જ મોક્ષનો માર્ગ છે.

- રાગથી છૂટો પડીને શુદ્ધ ચિદાનંદ સ્વભાવપણે પોતે પોતાને પ્રગટ અનુભૂતિમાં

લેવો–એ તે કાંઈ રાગનું કે વિકલ્પનું કામ છે? જ્ઞાનીએ શુદ્ધનયના મહાન પરાક્રમ દ્વારા જ્ઞાન અને રાગની એકતાને છેદીને જુદા પાડયા છે, ને શુદ્ધ આત્માના સ્વસંવેદનથી અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો છે. અહો, આવા જ્ઞાનીની દશાને જ્ઞાની જ ઓળખે છે. જ્ઞાનીની અંદરના રાગથી ભિન્ન પડેલા અતીન્દ્રિય જ્ઞાનઆનંદરૂપ પરિણામને જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીમાં નથી. રાગ વખતેય રાગથી જુદી વર્તતી જ્ઞાનચેતનાને અજ્ઞાની ઓળખી શકે નહીં; અજ્ઞાની તો રાગને જ દેખે છે, રાગ વગરનો અતીન્દ્રિય ભાવ જ્ઞાનીમાં વર્તે છે તેને અજ્ઞાની દેખતો નથી. સમ્યગ્દ્રષ્ટિના પરિણામ જ્ઞાનચેતનામય હોય છે એટલે સમ્યગ્દ્રષ્ટિનાં પરિણામ ઉજ્વળ હોય છે.

- ચૈતન્યની અનુભૂતિના બળે ધર્માત્મા–સમ્યગ્દ્રષ્ટિને એવું અદ્‌ભુત સાહસ– પરાક્રમ હોય છે કે જગતના ગમે તેવા ખળભળાટ વચ્ચે પણ ચૈતન્યમાર્ગથી ચલિત થતા નથી. ભલે વજ્ર પડે, ત્રણલોક ખળભળી ઊઠે, ભયંકર હલકા આળ માથે આવી પડે, આકરા રોગ થાય, લાખોકરોડો રૂપિયાનું ધન હોય ને ચાલ્યું જાય–એક પાઈ પણ ન રહે,–છતાં તે ધર્મીજીવ પોતાના સ્વભાવની શ્રદ્ધાની નિઃશંકતાથી જરાપણ ડગતા નથી; તેને જરાપણ ભય થતો નથી કે અરે, આવી પ્રતિકૂળતા વચ્ચે મારો સ્વભાવ હણાઈ જશે! નિઃશંક અને નિર્ભયપણે તે પોતાના સ્વભાવપણે જ વર્તે છે; તેમાં કોઈ ભય નથી, રાગ નથી, પ્રતિકૂળતા નથી. ચૈતન્યની શાંતિનું જે વેદન પ્રગટયું છે તે કોઇ પ્રસંગે છૂટતું નથી.–સમ્યગ્દ્રષ્ટિની આવી અદ્‌ભુત દશાને કોઈ વિરલા જ ઓળખે છે.

- દ્વારકાનગરી બળે કે શરીર બળે, ત્યાં પણ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે મારું કાંઈ બળતું નથી. મારા ચૈતન્યના કોઈ પ્રદેશને ઊની આંચ આવતી નથી. જગતનો કોઈ પ્રતિકૂળ સંયોગ મારા સ્વભાવને કે મારી શ્રદ્ધાના આનંદને હણવા સમર્થ નથી, કે જગતની કોઈ અનુકૂળતા મને લલચાવીને મારા સ્વભાવથી ડગાવવા સમર્થ નથી. તે–તે કાળે થતા રાગ–દ્વેષ તે પણ ધર્માત્માની શ્રદ્ધાને ડગાવવા સમર્થ નથી, તે રાગ–દ્વેષ ધર્મીની ચેતનાથી બહાર ને બહાર રહે છે. આવી અખંડ સ્વભાવની શ્રદ્ધા સાથે અનંતગુણના શાંતરસનું વેદન ધર્મીને નિરંતર વર્તે છે. એની દશા જ્ઞાનમય છે, જ્ઞાન જ તેનું શરીર છે, તેને કોઇ અજ્ઞાન કરી શકે નહીં,

જ્ઞાનને કોઈ હણી શકે નહીં. માટે આવા જ્ઞાનપણે જ પોતાને અનુભવતા જ્ઞાની–ધર્માત્મા સ્વભાવથી જ નિઃશંક અને નિર્ભય છે.....અવિનાશી જ્ઞાન–આનંદપણે જ પોતાને અનુભવતા–અનુભવતા તે મોક્ષના માર્ગમાં અચલપણે–નિર્ભયપણે ચાલ્યા જાય છે. આવા ધર્માત્માના પંથ છે.–તેમાં વચ્ચે વિઘ્ન નથી, ભય નથી.

● ચૈત્ર વદ પાંચમની બપોરે પરમાગમમંદિરના શીતલ વાતાવરણમાં સમયસાર ગાથા ૨૨૯ ઉપરના પ્રવચનમાં ધર્મીજીવની અદ્ભુત દશાનો મહિમા સમજાવતાં ગુરુદેવે કહ્યું કે, ધર્મી જાણે છે કે જ્ઞાયકભાવસ્વરૂપ એવો હું તો આનંદમય અનુભૂતિનો નાથ છું. આવા જ્ઞાયકભાવની અનુભૂતિમાં શંકાદિ સર્વ પરભાવોનો અભાવ છે, તેથી સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્માની અનુભૂતિ શંકાદિ દોષથી રહિત છે; તે તો જ્ઞાયકભાવમય છે. આવા જ્ઞાનમયભાવમાં કર્મબંધની શંકા જ્ઞાનીને કેવી? જ્ઞાનભાવમાં બંધન કેવું? અહો, શુદ્ધાત્માની આનંદમય અનુભૂતિ થઈ, સમ્યગ્દર્શન થયું, જ્ઞાનભાવ પ્રગટયો, એમ અનંતગુણોની નિર્મળ અનુભૂતિનો જે રસ પ્રગટયો તેમાં રાગ–દ્વેષ–મોહરૂપ કોઈ વિભાવ છે જ નહીં, એટલે શંકા નથી; મારો જ્ઞાન ભાવ રાગરૂપ થઈ જશે કે તેમાં કર્મબંધ થશે, કે તેમાં કોઈ દુઃખ –પ્રતિકૂળતા આવી પડશે,–એવી કોઈ શંકા ધર્માત્માને હોતી નથી. મારું જ્ઞાનસ્વરૂપ શાશ્વતઆનંદમય છે એમ તે નિઃશંક જાણે છે. રાગ વગરની ચૈતન્યવસ્તુને અનુભવે અને વળી રાગાદિ બંધભાવ પોતામાં હોવાની શંકા પણ રહે–એમ બનતું નથી. ધર્મની શરૂઆત થઈ ત્યાં જ રાગાદિનો સંબંધ તોડી નાંખ્યો છે ને એકલા પરમ જ્ઞાયકસ્વભાવમાં જ એકતા કરી છે. જ્ઞાનસ્વરૂપ આત્મા પરભાવોથી રહિત અંદર શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં આવવો તે મોક્ષનું બીજ છે; અને આત્માનો સ્વભાવ પરભાવોથી રહિત હોવા છતાં તે પરભાવોથી સંયુક્ત પ્રતિભાસવો–તે મિથ્યાપ્રતિભાસ અજ્ઞાનીઓને ભવનું બીજ છે–દુઃખનું બીજ છે. પરભાવ હોવા છતાં ધર્મીને શંકા નથી પડતી કે મારો ચેતનસ્વભાવ આ પરભાવરૂપ થઈ ગયો! તે તો પોતાને ચેતનાભાવરૂપે–આનંદભાવરૂપે પરભાવોથી છૂટો ને છૂટો નિરંતર દેખે છે–અનુભવે છે. આવી દશાને લીધે ધર્મી જીવ સદાય નિઃશંક અને નિભય હોય છે.

# અતીન્દ્રિય આનંદનાં મોતીવડે ગૂંથેલી
# મંગલ રત્નમાળા

**ગુરુદેવની જન્મજયંતી જેવા મંગલઅવસરે અનેકવિધ લાગણીથી ઊભરાતા હૃદયમાં એમ થાય છે કે કઈ રીતે આ ઉત્સવ ઊજવીએ? ને કયા પ્રકારે ગુરુદેવનું સન્માન કરીએ?-સોનેથી વધાવીએ? .... હીરલેથી વધાવીએ? ..... કે રત્નોથી વધાવીએ?-પરંતુ તોય ગુરુમહિમા તો પૂરો થાય તેમ નથી. એટલે એ રત્નો અને હીરાથી પણ વધુ કિંમતી એવા હીરલા-કે જે ગુરુદેવે જ આપણને આપેલા છે ને જેના પ્રકાશમાં ચૈતન્યની ઝળક ઝમકી રહી છે-એવા ૮૪ હીરલાની માળા ગૂંથીને ગુરુદેવના જન્મમહોત્સવપ્રસંગે અર્પણ કરીએ છીએ. અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયઆનંદના મહિમારૂપ દોરામાં પરોવીને આત્મસન્મુખતાપ્રેરક ૮૪ રત્નો વડે ગૂંથેલી આ આનંદકારી રત્નમાલા ભવ્યજીવોને ચૈતન્યરત્નની દર્શક બનો.... (બ્ર. હ. જૈન)**

૧ ‘णमो जिणाणं जिदभवाणं’ ભવને જીતનારા જિનભગવંતોને નમસ્કાર.

૨. ચૈતન્યસન્મુખતાથી ધર્મીને જ્યાં પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થયું ત્યાં પોતાના વેદનથી ખબર પડી કે મારા આ આનંદના વેદનમાં રાગનું અવલંબન ન હતું, કે કોઈ પરનો આશ્રય ન હતો, મારા આત્માનો જ આશ્રય હતો.

૩. જ્ઞાની પાસે શ્રવણથી ને વિચારથી પહેલાં જે જાણ્યું હતું, તે હવે પોતાના વેદનથી જાણ્યું, એટલે શ્રવણ કરેલ ભાવોનું પરિણમન થયું.

૪. દુનિયાને ભૂલીને તારી અતીન્દ્રિય ચૈતન્યગૂફામાં ઊતર, તો ત્યાં એકલું સુખ જ ભર્યું છે. તારું સ્વરૂપ સુખનું જ ધામ છે.

૫. રાગમાં આકુળતા છે, તેમાં આનંદ નથી; છતાં જે રાગમાં આનંદ માને છે તે અતત્માં તત્બુદ્ધિ કરે છે, તે મિથ્યાબુદ્ધિ છે, ને તે મિથ્યાબુદ્ધિ પરાશ્રિત પરિણમનથી મહા ખેદ ઉપજાવે છે.

૬. જ્ઞાનની સાથે તો આનંદની ઉત્પત્તિ છે. જ્ઞાનની સાથે રાગની ઉત્પત્તિ નથી. કેવળજ્ઞાન તે આનંદનું જ ધામ છે, તેમાં અંશમાત્ર દુઃખ કે આકુળતા નથી.

૭. જ્યાં જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થયો ત્યાં જ્ઞાની થયેલો આત્મા પરભાવના કાર્યને કરતો નથી; જ્ઞાનીના કાર્યને અને રાગાદિપરભાવોને ભિન્નભિન્નપણુ છે.

૮. મારો આત્મા જ જ્ઞાન ને આનંદસ્વરૂપ છે–એવો નિર્ણય કરવાની જેને ધૂન લાગી, તેના પ્રયત્નનો ઝૂકાવ સ્વસન્મુખ વળ્યા કરે છે; રાગ તરફ તેનો ઝૂકાવ રહેતો નથી; રાગથી પાછી ખસીને તેની પરિણતિ અંતરમાં વળે છે.

૯. જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. ચિત્તની અત્યંત નિશ્ચલતા વડે જ જ્ઞાનસ્વભાવ સધાય છે. ચિત્તની નિશ્ચલતા વગર સ્વાનુભવ થાય નહિ.

૧૦. આત્મામાં અતીન્દ્રિયઆનંદ અને અતીન્દ્રિયજ્ઞાન છે તે જ ઉપાદેય છે–એવા નિર્ણયમાં સમ્યક્ત્વ થાય છે. કેવળી ભગવાનના જ્ઞાન ને આનંદનો નિર્ણય કરનારને પોતામાં સ્વસન્મુખતાથી તેનો નમૂનો આવી જાય છે.

૧૧. પૂર્ણ સાધ્યને ઓળખીને, તે સાધ્યના સ્વીકારપૂર્વક સાધકભાવ વર્તી રહ્યો છે. પૂર્ણ સાધ્યને સ્વીકારનાર જ્ઞાને રાગાદિ બાધકભાવોને પોતાથી જુદા જાણ્યા....તે જ્ઞાન રાગાદિ પરભાવથી જુદું પડીને સ્વભાવ તરફ પરિણમતું સાધક થયું, આનંદરૂપ થયું.

૧૨. સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય નિજાત્મા છે, કેમકે તેમાં આનંદ છે. સ્વધ્યેયે જે અતીન્દ્રિય આનંદ પ્રગટયો તે જ ખરો આનંદ છે. બાહ્ય વિષયોમાં ક્યાંય આનંદ છે જ નહિ.

૧૩. આનંદ આત્માના સ્વભાવમાં ભર્યો છે; તેથી જે પરિણામમાં તે સ્વભાવનો આશ્રય હોય તેમાં જ આનંદ હોય. નિમિત્તોમાં કે વિભાવમાં આનંદ નથી; તેથી જે પરિણામમાં નિમિત્તનો આશ્રય હોય તેમાં આનંદ ન હોય.

૧૪. દુઃખનું કારણ અજ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન સુખનું કારણ છે. જ્યાં અજ્ઞાન નષ્ટ થયું ને પૂરું જ્ઞાન ખીલી ગયું ત્યાં પૂર્ણ સુખ છે.

૧૫. સ્વભાવસન્મુખ થતું જ્યાં અતીન્દ્રિયજ્ઞાન ખીલ્યું ત્યાં ઇષ્ટરૂપ એવા પરમ આનંદની પ્રાપ્તિ થઈ, ને અનીષ્ટ દૂર થયું. અનીષ્ટરૂપ તો પરભાવ હતો, તે જ્યાં દૂર થયો ત્યાં જગતનું કોઈ પરદ્રવ્ય જીવનું અનીષ્ટ કરવા સમર્થ નથી.

૧૬. ઇષ્ટના નિધાન આત્મમાં છે. આનંદના ભંડાર આત્મામાં છે. જ્યાં પોતાની જ્ઞાનશક્તિથી નિર્વિઘ્નપણે આત્મા ખીલ્યો ત્યાં આનંદના ભંડાર ખૂલ્યા ને સંપૂર્ણ ઇષ્ટની પ્રાપ્તિ થઈ.... સર્વે વિઘ્ન ટળી ગયા.

૧૭. આત્માનું પ્રિય–વહાલું–ઇષ્ટ હોય તો તે કેવળજ્ઞાન છે. આવો કેવળજ્ઞાન સ્વભાવ જેને પ્રિય લાગ્યો તેને જગતમાં બીજું કાંઈ પ્રિય લાગે નહિ. “જગત ઇષ્ટ નહિ આત્મથી.”

૧૮. ભાઈ, તારા અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વ સિવાય બાહ્ય ઇન્દ્રિય–વિષયોના સુખમાં ખરેખર સુખ નથી પણ સુખાભાસ છે. જેમ મૃગજળમાં ખરેખર જળ નથી પણ જળનો મિથ્યા આભાસ છે, તેમ વિષયોમાં સુખ નથી, સુખનો મિથ્યાઆભાસ છે.

૧૯. ભાઈ, અતીન્દ્રિય સ્વભાવસુખની પ્રતીત અત્યારે થઈ શકે છે....ને તેનું અંશે વેદન પણ થાય છે. મુમુક્ષુને તો અતીન્દ્રિયસુખની વાત સાંભળતા જ ચૈતન્ય ઉલ્લસી જાય છે કે વાહ! આવું મારું સુખ!

૨૦. અરે જીવ! તું પ્રમોદ કર..... ઉલ્લાસ કર..... કે આત્મા પોતે સ્વયમેવ સુખરૂપ છે..... તારા સુખને માટે જગતના કોઈ પદાર્થની અપેક્ષા નથી.....સ્વસન્મુખ થતાં આત્મા પોતે પોતાના અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે...... ને મોક્ષસુખનું સુધાપાન કરે છે.

૨૧. અંતર્દ્રષ્ટિ કરતાં અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવે છે, તે આનંદ પોતાના સ્વભાવમાંથી જ આવે છે; ક્યાંય બીજેથી તે આનંદ આવતો નથી. પર વિષયો આત્માના આનંદમાં અકિંચિત્કર છે.

૨૨. જ્યાં સ્વવિષયમાં ડુબકી મારી ત્યાં નિર્વિકલ્પ આનંદ ઉલ્લસે છે. જ્યાં સુધી બાહ્ય વિષયો તરફ વલણ છે ત્યાં સુધી દુઃખ જ છે. જો દુઃખ ન હોય તો બાહ્ય વિષયો તરફ કેમ દોડે!

૨૩. અજ્ઞાની કહે છે કે પર વિષયોની અનુકુળતામાં સુખ છે. જ્ઞાની કહે છે કે ચૈતન્યથી બહાર પરવિષય તરફ વલણ જાય તે દુઃખ છે. સુખના સાચા સ્વરૂપની અજ્ઞાનીને ખબર નથી.

૨૪. મુનિવરોને સંયોગ વગર નિજાનંદના અનુભવમાં જે સુખ છે, ચક્રવર્તીના કે ઇન્દ્રના વૈભવમાંય તે સુખનો અંશ પણ નથી. ઇન્દ્રિયવિષયોમાં ચૈતન્યના અતીન્દ્રિયઆનંદની ઝાંઈ પણ નથી.

૨૫. પ્રશ્નઃ– અજ્ઞાનીને સંયોગની અનુકૂળતામાં સુખ લાગે છે તે કેવું છે?

ઉત્તરઃ– તે તો અજ્ઞાનીની કલ્પના માત્ર જ છે. સંયોગમાં કાંઈ સુખ નથી, અજ્ઞાની પોતાની કલ્પનાથી જ પોતાને સુખી માને છે.

૨૬. એ જ રીતે સુખની જેમ દુઃખ પણ સંયોગમાં નથી. શરીર છેદાય, રોગ થાય નિર્ધનતાદિ થાય–એ કાંઈ દુઃખ નથી, દુઃખ જીવની પોતાની આકુળતામાં છે. પોતાના અરતિભાવથી દુઃખી જીવ કલ્પનાથી સંયોગમાં દુઃખ માને છે.

૨૭. અનુકૂળસંયોગ મળે તો સુખ મળે?.....ના. પ્રતિકૂળસંયોગ ટળે તો દુઃખ ટળે?....ના. અંતરના અતીન્દ્રિયસ્વભાવમાં જા...... તો સુખ મળે. બાહ્ય વિષયોનું આલંબન છોડ તો દુઃખ ટળે.

૨૮. પોતાના અંતરમાં જ જેને સ્વાભાવિક સુખ પ્રાપ્ત થયું તે સુખ માટે ઉપયોગને બહાર કેમ ભમાવે? વિષયોથી અત્યંત નિરપેક્ષ એવા સ્વોત્પન્ન આત્મિકસુખનું વેદન થયું ત્યાં વિષયોમાં સ્વપ્નેય સુખની કલ્પના થતી નથી.

૨૯. જેમ મૃગજળમાં પાણી સમજીને હરણીયાં તે તરફ દોડે છે, પણ તે તેની ભ્રમણા જ છે; ત્યાં ખરું પાણી નથી ને તેનાથી તેની તરસ છીપતી નથી, ઉલટું આકુળતાથી દુઃખી થાય છે, તેમ બાહ્ય વિષયોમાં સુખ માનીને અજ્ઞાની ઉપયોગને તે તરફ દોડાવે છે, પણ તે તેની ભ્રમણા જ છે. ત્યાં ખરું સુખ નથી. વિષયો પ્રત્યેની આકુળતાના વેગથી તે દુઃખી જ થાય છે.

૩૦. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતો ચૈતન્યભગવાન જ્યાં જાગ્યો ત્યાં ઇન્દ્રિયો અને ઇન્દ્રિયવિષયો જડ–મૃતક જેવા ભાસ્યા; જેમ મડદામાં સુખ નહિ તેમ મરેલી–અચેતન ઇન્દ્રિયોમાં સુખ નથી.

૩૧. સિદ્ધ ભગવંતો પરમ સુખી છે. તેમને ઇન્દ્રિયો કે ઇન્દ્રિયવિષયોનો અભાવ છે....તો નીચેના બધા જીવોને પણ ઇન્દ્રિયો કે ઇન્દ્રિયવિષયો વગર જ સુખ છે, તેને બાહ્યવિષયો સુખનાં સાધન નથી. આવા સ્વભાવ સુખનો નિર્ણય કરવો તે સમ્યક્ત્વ છે.

૩૨. આત્માને પોતાની પર્યાયમાં જ વ્યાપકપણું છે, પરમાં વ્યાપકપણું નથી; ધર્મી જીવ પોતાના સમ્યક્ત્વાદિ નિર્મળ પર્યાયને કરતો થકો તેમાં વ્યાપે છે; પણ મિથ્યાત્વાદિ કર્મનો જે વ્યય થાય છે તેને તે કરવા જતો નથી. એમ જગતના બધા જીવો પોતાના પરિણામને જ કરે છે, જડકર્મને નહીં.

૩૩. અજ્ઞાની જે પરવિષયોમાં સુખ માને છે તેમાં કાંઈ સુખ નથી, તેમજ તે પદાર્થો કાંઈ સુખનાં કારણ થતાં નથી. અજ્ઞાની કલ્પનાથી જ "આમાં મારું સુખ છે ને આ મને સુખનું કારણ છે"–એમ માને છે. આ રીતે અજ્ઞાનીના કલ્પિત ઇન્દ્રિયસુખનું કારણ પણ પરવસ્તુ નથી; તો પછી જ્ઞાનીના અતીન્દ્રિય સુખની શી વાત !

૩૪. અંતર્મુખના લક્ષે થતું કાર્ય બહિર્મુખકાર્યથી તદ્દન ભિન્ન છે, એ વાત અંદર બેઠા વગર અંતર્મુખ વલણ થાય નહિ.

૩૫. અહો, આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે.

૩૬. નિશ્ચયનયના વિષયરૂપ શુદ્ધાત્માને ભૂલીને જે જીવ વ્યવહારનયના વિષયરૂપ અશુદ્ધતાને જ અપનાવે છે તે જીવ પરદ્રવ્યમાં જ વિમોહિત છે.

૩૭. ચૈતન્યસ્વરૂપ આત્માને પોતાના સ્વભાવ–સન્મુખ થવામાં એટલે કે સ્વાનુભવ કરવામાં મનનું પણ અવલંબન નથી. ચિદાનંદસ્વરૂપ આત્મા મનના વિષયથી પણ પાર છે. શુભરાગમાં મનનું અવલંબન છે, પણ શુદ્ધતામાં મનનું અવલંબન નથી.

૩૮. સમ્યગ્દર્શન તે જ શુદ્ધોપયોગ છે ?–ના; સાધકને સમ્યગ્દર્શન સતત વર્તતું હોય છે, શુદ્ધોપયોગ ક્યારેક હોય છે. એટલો નિયમ છે કે સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે શુદ્ધોપયોગ હોય છે; તેમજ જ્યાં શુદ્ધોપયોગ હોય ત્યાં સમ્યગ્દર્શન નિયમથી હોય છે. સમ્યગ્દર્શન હોય પણ શુદ્ધોપયોગ ન હોય –એમ પણ બને છે. સમ્યગ્દર્શનને શુદ્ધપરિણતિ કહેવાય, પણ શુદ્ધઉપયોગ ન કહેવાય.

૩૯. મુમુક્ષુને આરાધના પ્રત્યે પરમ ઉત્સાહ હોય છે. રત્નત્રયના આરાધક જીવો પ્રત્યે તેને પરમ વાત્સલ્ય અને બહુમાન હોય છે. જગતમાં આરાધનાથી ઊંચું બીજું કાંઈ નથી. આમ જાણીને હે જીવ! તારા ઉપયોગને આરાધનામાં જોડ.

૪૦. ભગવાનની વાણીમાં સ્વાશ્રયના પુરુષાર્થનો ઉપદેશ આવ્યો. ભગવાન સ્વાશ્રય કરીને અરિહંત થયા.....ને વાણીમાં પણ એ જ માર્ગનો ઉપદેશ નીકળ્યો કે હે જીવો! અંતર્મુખ થઈને સ્વભાવનો આશ્રય કરો.....એ જ એક મોક્ષનો પંથ છે.

૪૧. આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો તીર્થંકરોએ આદરેલો ને તીર્થંકરોએ બતાવેલો આ એક જ સ્વાશ્રિત મોક્ષમાર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી....આવા સ્વાશ્રિત મોક્ષપંથને નમસ્કાર હો..... અમેય આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છીએ.

૪૨. અહો, એ ભગવંતોને અને એમણે બતાવેલા આ સ્વાશ્રિત મોક્ષમાર્ગને નમસ્કાર હો,–આમ કહીને સ્વાશ્રિત માર્ગનો પ્રમોદ પ્રસિદ્ધ કર્યો છે.

૪૩. ભાઈ, પહેલાં નિર્ણય તો કર કે આવો એક જ મોક્ષમાર્ગ છે, ને બીજો કોઈ માર્ગ નથી. માર્ગનો નિર્ણય કરીશ તો તે માર્ગે જવાશે; નિર્ણય વગર કયા માર્ગે જઈશ?

૪૪. મોહનો ક્ષય કરવાનો એક જ પ્રકાર છે કે શુદ્ધદ્રવ્ય–ગુણ–પર્યાયનો નિર્ણય કરીને આત્મામાં એકાગ્ર થવું. બધાય તીર્થંકરો આ એક જ પ્રકારથી મોહનો ક્ષય કરીને પરમાત્મા થયા છે ને આ એક જ પ્રકાર તેમની વાણીમાં ઉપદેશ્યો છે. આવા માર્ગનો નિશ્ચય કરીને આચાર્ય કહે છે કે અહો, આવા માર્ગને નમસ્કાર હો! તીર્થંકરોને નમસ્કાર હો.

૪૫. મોક્ષાર્થીને સ્વાશ્રયનો ઉમંગ છે, રાગનો ઉમંગ નથી. છૂટકારાનો અર્થી બંધભાવનો ઉત્સાહ કેમ કરે? તેના ઉત્સાહનો પ્રવાહ સ્વભાવ તરફ વળી ગયો છે. સ્વભાવ તરફ તેને સંવેગ થયો છે ને પરભાવથી તેની પરિણતિ નિર્વેદને પામી છે.

૪૬. પોતાને જે શુદ્ધોપયોગ પરિણતિ પ્રગટી તેનો પ્રમોદ આવતાં, તેના નિમિત્તરૂપ શબ્દબ્રહ્મ (–જિનવાણી) પ્રત્યે ભક્તિથી કહે છે કે વાહ! આવું સ્વરૂપ દર્શાવનારી જિનવાણી જયવંત વર્તો!–આ શુદ્ધોપયોગ જયવંત વર્તો!

૪૭. મોક્ષાર્થીને એક જ મનોરથ છે કે મારો આત્મા શુદ્ધોપયોગરૂપ પરિણમે.

શુદ્ધોપયોગ તે ધર્મ છે; એટલે આત્મા સ્વયં ધર્મરૂપ થાય–તે જ મુમુક્ષુનો મનોરથ છે. તે મનોરથની સિદ્ધિ અંતર્દ્રષ્ટિવડે મોહનો નાશ કરવાથી થાય છે.

૪૮. ચિદાનંદસ્વરૂપમાં ઉપયોગ જોડીને નિશ્ચયરત્નત્રયરૂપ શુદ્ધપરિણતિ થાય તે પારમેશ્વરી પ્રવૃત્તિ છે. આવી પારમેશ્વરીવૃત્તિથી ધર્મરૂપ થયેલો આત્મા નિજસ્વરૂપમાં સદા અચલ રહે છે ને આનંદથી ભરેલી અમૃતસરિતામાં મગ્ન રહે છે.

૪૯. શાંત શીતળધામ ચિદાનંદમૂર્તિ આત્મા પરભાવોથી નિવૃત્તસ્વરૂપ છે. પરભાવોની પ્રવૃત્તિમાં ભગવાન આત્મા નથી. ભગવાન આત્માની પ્રવૃત્તિ (અનુભૂતિ) પરભાવોથી નિવૃત્તિરૂપ છે.

૫૦. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જેણે પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞને બેસાડયા તેણે સ્વસન્મુખતા વડે મોક્ષને સાધવામાં ભગવાનને પોતાના સાથીદાર બનાવ્યા. અહા! ભગવાન જેના સાથીદાર.... તે હવે ભગવાનને સાથે રાખીને અપ્રતિહતપણે મોક્ષને સાધશે.

૫૧. સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન તે જ ધર્માત્માનું પરિણમન છે. પરદ્રવ્યાશ્રિત થતો જે રાગ તે ખરેખર ધર્માત્માનું પરિણમન નથી, તે તો ધર્માત્માને પરજ્ઞેયરૂપ છે.

૫૨. સ્વાશ્રિત જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ પરિણમન વડે જ જ્ઞાની ઓળખાય છે, એ જ જ્ઞાનીનું ચિહ્ન છે. રાગ વડે જ્ઞાની ઓળખાતા નથી.

૫૩. જ્ઞાન જ્યારે સ્વ તરફ વળે ત્યારે શાંતિ ને સુખ મળે ઇન્દ્રિયવિષય તરફ વળેલા જ્ઞાનમાંય સુખ નથી તો પછી સંયોગમાં કે બાહ્યવિષયોમાં સુખ હોય એ વાત તો ક્યાં રહી? ભાઈ, તારા ચૈતન્યમાં વિષયાતીત સુખ ભર્યું છે તેની સામે જો.

૫૪. આ સમયસાર–પ્રવચનસાર વગેરે પરમાગમો દ્વારા સન્તોએ જગત પાસે ભેટણું મૂકયું છેઃ લે.....ભાઈ.....લે! તારા આનંદસ્વભાવને દર્શાવનારું આ ભેટણું અમે તને આપીએ છીએ. એટલે આચાર્યદેવે પરમાગમોમાં જે વાત દર્શાવી–તેને જે ઓળખે તેને પરમાનંદ પ્રગટે.

૫૫. આત્મા ચૈતન્યસ્વરૂપ છે, તે જડનાં કામ કરે?–ન જ કરે. ને જડ વસ્તુ આત્માના સમ્યક્ત્વાદિ ભાવને કેમ કરે?–ન જ કરે. જડ ને ચેતન બંનેના કાર્યો જુદા છે; તેઓ એકબીજાનાં કર્તા નથી. વાહ! આ તો બધાયને સમજાય તેવી સ્પષ્ટ વાત છે.

૫૬. આરાધનાને પામેલા જીવોનું દર્શન અને સત્સમાગમ આરાધના પ્રત્યે ઉત્સાહ જગાડે છે. આરાધના પ્રત્યે ઉત્સાહિત જીવને આરાધકસન્તો પ્રત્યે પરમ ભક્તિ હોય છે.

૫૭. અહા, જ્ઞાનીના અંતરમાં વૈરાગ્યના અખંડ ધોધ ભર્યા છે, એ વૈરાગ્યના ધોધ જ્યારે વહેશે ત્યારે મુનિદશા અને કેવળજ્ઞાન દેખીને જગત મુગ્ધ બનશે....મુમુક્ષુઓ આનંદવિભોર બનશે.

૫૮. સમ્યક્ત્વાદિની આરાધનાની ભાવના ભાવવી, આરાધના પ્રત્યેનો ઉત્સાહ વધારવો, આરાધક જીવો પ્રત્યે બહુમાનથી પ્રવર્તવું ઇત્યાદિ સર્વ ઉદ્યમ વડે આત્માને આરાધનામાં જોડવો.

૫૯. અહા, ધન્ય છે વીતરાગતાસાધક સન્તોનું જીવન! એમની મુદ્રાનું દર્શન પણ આત્માર્થીને આત્મસાધનાની પ્રેરણા જગાડે છે. એમના જીવનનો આદર્શ ઝીલીને આપણે આપણું આત્મહિત સાધીએ.

૬૦. આત્મહિત સાધવાનો આ અમૂલ્ય અવસર છે, સબ અવસર આ ચૂકા હૈ; તેમાં આત્મચિંતનનો પ્રયત્ન કર, પ્રમાદ છોડ.....ને શીઘ્ર આત્મહિતમાં આત્માને જોડ.

૬૧. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કોના સંગે થાય?–ઇન્દ્રિયોના મનના કે દેહના સંગે તે ન થાય; એ શુદ્ધઉપયોગસ્વરૂપ આત્માના જ સંગે તે સમ્યગ્દર્શનાદિ થાય છે. માટે પરનો સંગ છોડ..... ને આત્માનો સંગ કર.

૬૨. અહા, ચિદાનંદતત્ત્વને એકને જ જે અનુસરે છે ને બીજા કોઈને અનુસરતો નથી, તેને પ્રાણો કેમ અનુસરે? જ્યાં પરિણતિ વિશુદ્ધ સ્વતત્ત્વમાં જ લીન છે ત્યાં જડપ્રાણોની સંતતિ તેને કેમ વળગે? ન જ વળગે; તેને સંસારની સંતતિ છેદાઈ જાય છે.

૬૩. ભાઈ, ત્રણકાળમાં જે તારાથી કદી જુદા પડતા નથી એવા તારા ચૈતન્ય –આનંદ–પ્રાણને તેં કદી પોતાના ન જાણ્યા, ને દેહાદિ જડપ્રાણ કે જે કદી પણ તારા નથી તેને તેં પોતાના માન્યા, એ ઊંધી માન્યતાથી તેં તારા પ્રાણનો જ ઘાત કર્યો, ને તેથી પૌદ્ગલિક પ્રાણોની સંતતિ તને વળગી.

૬૪. –એ પ્રાણોની સંતતિ તોડીને તારે સિદ્ધપદનું જીવન પ્રાપ્ત કરવું હોય તો તારી દશા કેવી હોવી જોઈએ?–કે દેહાદિથી અત્યંત ભિન્ન પોતાના શુદ્ધ

૬૫ ભાઈ, આવી અપૂર્વ દશાને પ્રાપ્ત કરવા માટે ક્ષણે ને પળે, ડગલે ને પગલે, પર્યાયે-પર્યાયે સતતપણે ભેદજ્ઞાનનો અભ્યાસ જોઈએ, તેની જ ધૂન લાગવી જોઈએ.

૬૬. મોક્ષના ભણકાર વગાડતો જે શિષ્ય આવ્યો છે તે વિનયથી જ્ઞાનીની સેવા વડે અંતર્મુખ પ્રયત્નથી પ્રથમ તો આત્માને જાણે છે, અને તેની શ્રદ્ધા કરે છે કે જ્ઞાનવડે જે આત્મઅનુભૂતિ થઈ તે જ હું છું, પછી તે આત્મસ્વરૂપમાં જ લીન થઈને આત્માને સાધે છે. આત્માને સાધવાની આ રીત છે. – “वान्यथा साध्यसिद्धि”

૬૭. જેને આત્માની ખરી ધગશ જાગે તેને સ્વભાવ સમજવા માટે એટલો તીવ્ર રસ હોય કે જ્ઞાની પાસેથી સ્વભાવ સાંભળતાં જ તેનું ગ્રહણ થઈને અંદરમાં ઊતરી જાય.....આત્મામાં પરિણમી જાય.

૬૮. રે જીવ! સંતોની આ શિખામણ તું કહેવા માત્ર ન રાખીશ....પરંતુ તારા ભાવમાં ઉતારીને, તારા અંતરમાં પરિણમાવજે.

૬૯. જગતનો કોલાહલ છોડીને સ્વરૂપનો અભ્યાસ કરવો તે જ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય છે. હે ભાઈ! તું છ મહિના આ રીતે આત્માની લગની લગાડીને તેનો અભ્યાસ કર તો જરૂર તને અંતરમાં આત્માનો અનુભવ થશે.–કટિબદ્ધ થા!

૭૦. ઊંડેથી જિજ્ઞાસુ થઈને, રાગાદિથી ભિન્ન ચૈતન્યના અનુભવનો જેને ઉત્સાહ જાગ્યો તેનો ઉલ્લાસ વર્તમાનમાં જ તે તરફ વળે, વર્તમાન જ તેના વીર્યના વેગની દિશા પલટી જાય એટલે પરભાવમાંથી વીર્યનો ઉલ્લાસ પાછો વળીને સ્વભાવ તરફ તેનો ઉલ્લાસ વળે, ને તે આત્માને સાધે.

૭૧. અહો, તારા પંથ અંતરમાં છે. તારા સાધ્ય ને સાધન બધુંય તારા અંતરમાં જ સમાય છે.....બીજે ક્યાંય તારે જોવાનું નથી. તારો સ્વભાવ નિરાલંબી! ઉપયોગને અંતરમાં જોડ....ને પરાલંબનની બુદ્ધિ તોડ!

૭૨. પ્રવચનસારમાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનું જે મહિમાવંત વર્ણન કુંદકુંદાચાર્યદેવે કર્યું છે તે સંબંધી ખૂબ જ પ્રમોદ ને બહુમાનથી કહાનગુરુ કહે છે કે વાહ.... કુંદકુંદ તો કુંદકુંદ જ છે! સ્વાલંબીજ્ઞાનનો અદ્ભુત માર્ગ સીમંધરપરમાત્મા પાસેથી લાવીને તેમણે ભરતક્ષેત્રના જીવોને આપ્યો છે.

૭૩. અહા! આવો અવસર મળ્યો.....સંતોએ અતીન્દ્રિય આનંદની વાર્તા સંભળાવી, તે સાંભળીને મુમુક્ષુને તેનો ઉલ્લાસ આવે છે. અરે, આવા જ્ઞાન–આનંદની ભાવના ભાવતાં પણ દેહની વેદનાઓ ભૂલાઈ જાય છે ને પરિણામ જગતથી ઉદાસ થઈને ચૈતન્ય તરફ વળે છે. પૂર્ણ સાધ્યનો સ્વીકાર થતાં સાધકભાવ શરૂ થાય છે.

૭૪. ભાઈ, પૂર્ણ સાધ્ય એવું કેવળજ્ઞાન–કે જે પરમ અતીન્દ્રિય આનંદથી ભરેલું છે–તેને તું બહુમાનથી નિર્ણયમાં તો લે. એ પૂર્ણ સાધ્યને પ્રતીતમાં લેતાં સંસાર આખાનો (જડ ઇન્દ્રિયોનો, રાગનો ને ઇન્દ્રિયો તરફના જ્ઞાનનોય) મહિમા ઊડી જશે ને આત્માધીનપણે તને આનંદકારી મોક્ષમાર્ગ પ્રગટશે.

૭૫. દિવ્યજ્ઞાન ને આનંદ જેમણે નિર્વિઘ્નપણે ખીલી ગયાં છે એવા ભગવાન અરિહંતના આત્માને ઓળખે તેને આત્માના અચિંત્ય સામર્થ્યની ખબર પડે, તેને જ્ઞાનનો અનુભવ થાય, તેને સમ્યગ્દર્શન થાય, ને કેવળીભગવાનના જ્ઞાન ને આનંદનો નમૂનો લેતો લેતો તે મોક્ષના પંથે જાય.

૭૬. આત્માના મહા આનંદનો લાભ તે મોક્ષ છે. આત્મા પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ તો છે જ,–તેની અંતર્મુખ થઇને પર્યાયમાં તે આનંદરૂપ પરિણમે એટલે આનંદનું સાક્ષાત્ વેદન થાય તે મહા આનંદનો લાભ છે, તે સાક્ષાત્ મોક્ષ છે, તે મુમુક્ષુએ કરવા જેવું કાર્ય છે.

૭૭. મોક્ષને પામનારા ભગવંતોએ ભવ્ય જીવોને એમ કહ્યું છે કે શુદ્ધ રત્નત્રયરૂપ થયેલો આત્મા તે જ પોતે અભેદપણે મોક્ષમાર્ગ છે. તેનાથી જુદા કોઈ સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર નથી. જેણે અંતર્મુખ થઇને આવા સુંદર માર્ગને પ્રાપ્ત કર્યો તે જીવ અલ્પકાળે મોક્ષ પામે છે, ને ફરીને માતાના ઉદરમાં આવતો નથી.

૭૮. અહા, મોક્ષ અને તેનો માર્ગ–બંને અતીન્દ્રિય આનંદરૂપ છે. આનંદનું વેદન કરતાં– કરતાં મોક્ષ સધાય છે. તેમાં કષ્ટ નથી, દુઃખ નથી. સમ્યગ્દર્શનમાં ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો એક અંશ અનુભવમાં આવ્યો, તે આનંદ પાસે ત્રણ લોકના ઇન્દ્રિયવૈભવો સર્વથા નિઃસાર લાગે છે. ચૈતન્ય–સુખના કણિયા પાસે ઇન્દ્રપદની વિભૂતિની પણ કાંઇ કિંમત નથી, તો મુનિદશામાં વીતરાગી ચારિત્રના મહા આનંદની શી વાત? આવા આનંદમય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પરિણતિ તે મોક્ષરૂપ મહા આનંદનો ઉપાય છે. આત્માનો આખો સ્વભાવ આનંદમય છે, તે પોતે આનંદરૂપે પ્રગટે છે.

૭૯. અરે, આવા મહા આનંદનો લાભ લેવા કોને ભાવના ન હોય? આત્માનો પરમ આનંદ–તેમાં બીજા કોઈની અપેક્ષા નથી. આવો નિરપેક્ષ આનંદમાર્ગ બતાવીને સંતોએ અપૂર્વ કરુણા કરી છે, અરે જીવો! એકવાર કુતૂહલ કરીને અંદર જોવા તો આવો.

૮૦. વીતરાગી સંતો જેના આટલા–આટલા વખાણ કરે છે, આટલો પરમ મહિમા કરે છે.... તે તત્ત્વ અંદરમાં કેવું છે! એમ આશ્ચર્યથી તે તત્ત્વને એકવાર દેખો તો ખરા! એને દેખતાં મહા આનંદ થશે. એમાં ડોકિયું કરતાં તને એવી શાંતિ અનુભવાશે કે જેમાં સંસારના દુઃખની ગંધ પણ નહીં રહે. અરે, એકવાર આ ચૈતન્યના નિર્વિકલ્પરસ પીવા તો અંદરમાં આવ. જીવનના સાચા લ્હાવા તો આમાં છે.

૮૧. અનુપચાર–અભેદ રત્નત્રયપરિણતિસ્વરૂપ આત્મા તે પોતે ખરેખર મોક્ષનો માર્ગ છે; ને તે જ મહા આનંદના લાભરૂપ મોક્ષને પામે છે. વીતરાગમાર્ગમાં ભગવંતોએ આવો સુંદર આનંદમાર્ગ પ્રકાશ્યો છે. અહો, આત્મા પ્રસન્ન થઈ જાય ને રત્નત્રયથી ખીલી ઊઠે–એવો સુંદર આ માર્ગ છે.

૮૨. અહા, એકવાર વિશ્વાસ લાવ કે હું મારા જ્ઞાનથી જ જણાઉં–એવો મારો સ્વભાવ છે, રાગવડે જણાઉં એવો હું નથી; સ્વભાવને પ્રત્યક્ષ કરવાની તાકાત મારા જ્ઞાનમાં છે.–એ તાકાત રાગમાં નથી. રાગ વગર, અંતર્મુખ જ્ઞાનવડે હું મારા સ્વભાવને આનંદથી પ્રત્યક્ષ કરીને, અનંત સિદ્ધભગવંતોની નાતમાં બેઠો છું.–આમ જેણે મહા આનંદમય ચૈતન્યની કુંખ સેવી તે ભવ્ય જીવ સંસારમાં માતાની કુંખે ફરી અવતરતો નથી. અરે, ચૈતન્યપ્રભુના પડખાં જેણે સેવ્યા તેને હવે ચોરાશીના ચક્કર કેવા? જે આત્મા પોતે જ આનંદરૂપ થઈ ગયો તેને હવે દુઃખ કેવા? ને ભવભ્રમણ કેવું? તે તો આનંદને વેદતો–વેદતો મહા આનંદના માર્ગે ચાલ્યો. વીતરાગમાર્ગમાં નિર્ભય સિંહની જેમ તે વિચરે છે.

૮૩. પરમાનંદરૂપ આત્માને પ્રકાશનારાં પરમાગમ તે પણ લલિત છે–સુંદર છે–આનંદના કારણ છે. સહજ આનંદની પુષ્ટિ તે પરમાગમનો સાર છે. આવા આનંદદાયી પરમાગમ જયવંત વર્તે છે.... પરમાગમે પ્રસિદ્ધ કરેલો આનંદમય આત્મા જયવંત વર્તે છે.

૮૪. અહો, તીર્થંકરદેવના દરબારમાંથી આવેલી આ વાત છે. કુંદકુંદાચાર્યદેવ પોતે સીમંધરપરમાત્માના ધર્મદરબારમાં જઈને આ વાત લાવ્યા છે ને પરમાગમ દ્વારા જગતને તેની ભેટ આપી છે. ભાઈ! તારા સ્વરૂપની આ વાત છે. તારું આવું પરમ સ્વરૂપ સમજતાં મહાન આનંદસહિત તારું સ્વકાર્ય સિદ્ધ થશે એમ શ્રીગુરુનાં આશીર્વાદ છે.

કહાનગુરુ – આશીષથી પામી ગયો ભવપાર,
ચોરાશીનાં ચક્કરમાં હવે નહીં અવતાર.
ધન્ય જયંતી આપની અહો! શાસનના સંત,
તુજ મારગને જાણતાં ભવના આવ્યા અંત.


## ઠરવાનું ઠામ..... ચૈતન્યધામ

અહા, આત્મા પરમ આનંદરૂપ છે. આનંદધામ આત્મા એવો છે કે જેને ધ્યાવતાં આનંદનો પ્રવાહ નીકળે છે. આવું આનંદધામ જેણે નીહાળ્યું તેનું ચિત્ત જગતમાં ક્યાંય ઠરે નહીં. ઠરવાનું ઠામ તો મારો આત્મા છે, તેમાં ઠરતાં પરમ શાંતિ છે.

જેમ એકનો એક વહાલામાં વહાલો પુત્ર વગેરે કોઈ સ્વજન ભરયુવાનીમાં મરી જાય ને પછી ચિત્ત એવું ઉદાસ થઇ જાય કે દુનિયામાં ક્યાંય ચેન ન પડે; સર્વત્ર સ્મશાન જેવું લાગે, ચિત્ત ક્યાંય ઠરે નહીં. પણ એ વખતેય જો અંદર નજર કરે તો 'ઠરવાનું ઠામ પોતાનું ચૈતન્યધામ' છે, તેમાં ઠરતાં મહાન આનંદ ઝરે છે, પરમશાંતિ વેદાય છે.

ચૈતન્યતત્ત્વના અચિંત્ય મહિમાને લક્ષમાં લઈને તેમાં ઠર્યા વગર જગતમાં ક્યાંય જીવને શાંતિ મળે તેમ નથી; ને ચૈતન્યમાં જે ઠર્યો તેને સર્વત્ર શાંતિ જ છે. બાપુ! તારું તત્ત્વ મહાન છે, પરમ આનંદનું મોટું ધામ છે; તે કાંઈ રાગ જેટલું નાનું નથી, એ શાંતિ વગરનું હલકું નથી. આવું મોટું શાંત, સહજ તત્ત્વ, તેમાં દુનિયાનો કોલાહલ કેવો? તેમાં રાગ-દ્વેષની અશાંતિ કેવી? આવું તત્ત્વ એ જ ઠરવાનું ઠામ છે; ને તેમાં ઠરવું તે જ કરવાનું કામ છે. ('રત્નસંગ્રહ' પુસ્તકમાંથી)

# ‘તે માર્ગ પર ચાલશું તો આપણું ભલું થશે’
# उस मार्ग पर चलेंगे तो हमारा भला होगा




ભારતના વડાપ્રધાન સ્વર્ગસ્થ લાલબહાદુર શાસ્ત્રી મુંબઈમાં ગુરુદેવની હીરકજયંતી વખતે આવેલા. જ્યારે સભાએ તેમના આવવા સંબંધમાં આશા છોડી દીધી ત્યારે, છેલ્લી ઘડીએ એકાએક તેઓ સભામાં આવ્યા ને સભાના ખૂબ હર્ષોલ્લાસ વચ્ચે ગુરુદેવને અભિનંદનગ્રન્થ અર્પણ કર્યા બાદ કહ્યું કે –

“આજે મને ઘણી પ્રસન્નતા થઈ; ફરી એકવાર હું આપના પ્રત્યે મારો આદર–સન્માન અને શ્રદ્ધાંજલિ પ્રગટ કરું છું અને આ નિવેદન કરું છું કે, અહિંસા અને શાંતિનો, ચારિત્ર અને નૈતિકતાનો જે રસ્તો–જે માર્ગ આપ દેખાડી રહ્યા છે તે માર્ગ પર જો આપણે ચાલીશું તો તેથી આપણું ભલું થશે, સમાજનું પણ ભલું થશે અને દેશનું પણ ભલું થશે.”

[ શાસ્ત્રીજીના આ ઉદ્‌ગાર વ્યક્તિ માટે, સમાજ માટે કે રાષ્ટ્ર માટે ખરેખર ઉપયોગી છે. ]

**“मुझे बड़ी प्रसन्नता हुई। मैं फिर एकबार अपना आदर सम्मान और श्रद्धांजलि प्रगट करता हूँ, और यह निवेदन करता हूँ कि जो मार्ग-जो रास्ता अहिंसा और शान्तिका, चारित्रका नैतिकताका आप दिखाते हैं उस पर यदि हम चलेंगे तो उसमें हमारा भी भला होगा, समाजका भी भला होगा व देशका भी भला होगा।”**

## ચાલો ચાલો.... સૌ કુંદપ્રભુની સાથ સિદ્ધાલયમાં જઈએ....




અનંત સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને, તેમના જેવા સાધ્યરૂપ શુદ્ધાત્માના અનુભવવડે આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ કરીને, આચાર્યદેવે સમયસારની શરૂઆત કરી છે.

સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અહો સિદ્ધ ભગવંતો! પધારો....પધારો....પધારો! મારા જ્ઞાનમાં હું નિર્વિકલ્પઅનુભૂતિના બળે સિદ્ધભગવંતોને પધરાવું છે. જે જ્ઞાનપર્યાયમાં સિદ્ધપ્રભુ બેઠા તે જ્ઞાનપર્યાયમાં રાગ રહી શકે નહીં. રાગથી છૂટી પડેલી મારી જ્ઞાનપર્યાયમાં એટલી મોકળાશ છે કે તેમાં અનંતા સિદ્ધ–ભગવંતોને સમાડીને પ્રતીતમાં લઉં છું. અતીન્દ્રિય આનંદરૂપ થયેલા અનંતા સિદ્ધોને આમંત્રણ કરનાર સાધકનો આત્મા પણ એવડો જ મોટો છે.–આવા આત્માના લક્ષે સમયસારની અપૂર્વ શરૂઆત થાય છે.

આવા સમયસારનો શ્રોતા પણ અપૂર્વ ભાવે શ્રવણ કરતાં કહે છે કે હે પ્રભો! જેમ આપ સ્વાનુભૂતિના બળે સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડો છો, તેમ અમે પણ, અમારા જ્ઞાનમાં સિદ્ધપ્રભુને પધરાવીને, અને જ્ઞાનમાંથી રાગને કાઢી નાંખીને, સ્વાનુભૂતિના બળથી, આપે બતાવેલા શુદ્ધાત્માને પ્રમાણ કરીએ છીએ.–આ રીતે ગુરુ–શિષ્યની સંધિના અપૂર્વભાવે સમયસાર સાંભળીએ છીએ.

# સમ્યક્ત્વ માટેની સરસ મજાની વાત

**શ્રી સમયસારની ૧૪૪ મી ગાથા એટલે સમ્યગ્દર્શનનો મંત્ર....મુમુક્ષુને અત્યંત પ્રિય એવી આ ગાથા આત્માનો અનુભવ કરવાની રીત બતાવે છે. તેનાં પ્રવચનોનું દોહન અહીં પ્રશ્નોત્તરશૈલીથી રજુ કર્યું છે. ફરીફરીને તેના ભાવોનું ઊંડું મનન મુમુક્ષુજીવને ચૈતન્યગુફામાં લઈ જશે...ને ચૈતન્યરસનો અત્યંત મધુર સ્વાદ ચખાડશે.**

* પ્રશ્નઃ– સમ્યગ્દર્શન કરવા માટે મુમુક્ષુએ પહેલાં શું કરવું ?

  ઉત્તરઃ– હું જ્ઞાનસ્વભાવ છું–એવો નિશ્ચય કરવો. બીજા બધાનો રસ છોડીને જ્ઞાનનો જ રસ લગાડવો.

* જ્ઞાનસ્વભાવનો નિર્ણય કોના અવલંબને થાય ?

  શ્રુતજ્ઞાનના અવલંબનથી તે નિર્ણય થાય.

* આ નિર્ણય કરનારનું જોર ક્યાં છે ?

  આ નિર્ણય કરનાર જોકે હજી સવિકલ્પદશામાં છે પરંતુ તેનું વિકલ્પ ઉપર જોર નથી, જ્ઞાનસ્વભાવ તરફ જ જોર છે. જ્ઞાનનો જ તેને રસ છે; વિકલ્પમાં તેને રસ નથી.

* આત્માની પ્રગટ પ્રસિદ્ધિ ક્યારે થાય ?

  આત્માના નિશ્ચયના બળે નિર્વિકલ્પ થઈને સાક્ષાત્ અનુભવ કરે ત્યારે.

* આવા અનુભવ માટે મતિજ્ઞાને શું કર્યું ?

  તે પરથી પાછું વળીને આત્મસન્મુખ થયું.

* શ્રુતજ્ઞાને શું કર્યું ?

  પહેલાં જે નયપક્ષના વિકલ્પોની આકુળતા થતી તેનાથી પોતાના ચૈતન્યસ્વાદને જુદો પાડીને તે શ્રુતજ્ઞાન પણ આત્મસન્મુખ થયું; એમ કરવાથી નિર્વિકલ્પ અનુભૂતિ થઈ, પરમ આનંદસહિત સમ્યગ્દર્શન થયું, ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો; તેને ધર્મ થયો અને તે મોક્ષના પંથે ચાલ્યો.

## ★ આત્મા કેવો છે?

આત્મા જ્ઞાનસ્વભાવ જ છે; 'જ્ઞાનસ્વભાવ' માં રાગાદિ ન આવે, જ્ઞાનસ્વભાવમાં ઇન્દ્રિય કે મનનું અવલંબન ન આવે, એટલે જ્યાં 'હું જ્ઞાનસ્વભાવ' એમ આત્માનો નિર્ણય કર્યો ત્યાં શ્રુતનું વલણ ઇન્દ્રિયો અને મનથી તથા રાગથી પાછું વળીને જ્ઞાનસ્વભાવ તરફ ઝૂક્યું. આ રીતે જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકતાં જે પ્રત્યક્ષ સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ થયો તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ ભગવાન આત્માની પ્રસિદ્ધિ છે. આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન તે આત્માની પર્યાય છે, તે કાંઈ આત્માથી જુદાં નથી.

## ★ જ્ઞાનસ્વભાવના નિર્ણય વડે અનુભવ થાય?

હા; જ્ઞાનસ્વભાવનો સાચો નિર્ણય જીવે કદી કર્યો નથી. ' જ્ઞાનના બળે ' (–નહિ કે વિકલ્પના બળે) સાચો નિર્ણય કરે તો અનુભવ થયા વગર રહે નહીં. જેના ફળમાં અનુભવ ન થાય તે નિર્ણય સાચો નહીં. વિકલ્પના કાળે મુમુક્ષુનું જોર તે વિકલ્પ તરફ નથી પણ ' હું જ્ઞાનસ્વભાવ છું ' એવો નિર્ણય કરવા તરફ જોર છે. ને એવા જ્ઞાન તરફના જોરે આગળ વધીને જ્ઞાનને અંતરમાં વાળીને અનુભવ કરતાં વિકલ્પ છૂટી જાય છે, જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન થાય છે. તેને આનંદ કહો, તેને સમ્યગ્દર્શન કહો, તેને મોક્ષમાર્ગ કહો, તેને સમયનો સાર કહો.–આત્માનું બધું તેમાં સમાય છે.

## ★ આત્માનો રસ કેવો છે?

આત્માનો રસ એકલા વિજ્ઞાનરૂપ છે; ધર્મી જીવ વિજ્ઞાનરસના જ રસિલા છે; રાગનો રસ તે આત્માનો રસ નથી; રાગનો જેને રસ હોય તેને આત્માના વિજ્ઞાન રસનો સ્વાદ અનુભવમાં ન આવે. રાગથી ભિન્ન એવા વીતરાગ–વિજ્ઞાનરસપણે આત્મા સ્વાદમાં આવે ત્યારે જ સમ્યગ્દર્શન છે. વિજ્ઞાનરસ કહો કે અતીન્દ્રિયઆનંદ કહો, સમ્યગ્દર્શનમાં તેનો સ્વાદ અનુભવાય છે.

## ★ હું શુદ્ધ છું-એવો જે શુદ્ધનયનો વિકલ્પ-તેમાં અટકવું તે શું છે?

તે મિથ્યાદ્રષ્ટિનો નયપક્ષ છે. સમ્યગ્દર્શન તો તે નયપક્ષથી પાર છે. વિકલ્પની આકુળતાના અનુભવમાં શુદ્ધઆત્માનો અનુભવ નથી. સમ્યગ્દર્શનમાં શુદ્ધઆત્માનો નિર્વિકલ્પ અનુભવ છે. શુદ્ધઆત્માનો અનુભવ કરવો તે અંતર્મુખ ભાવશ્રુતનું કામ છે, તે કાંઈ વિકલ્પનું કામ નથી. વિકલ્પમાં આનંદ નથી, તેમાં તો આકુળતા ને દુઃખ છે; ભાવશ્રુતમાં આનંદ અને નિરાકુળતા છે.

### ★ બીજા વિકલ્પો કરતાં તો શુદ્ધઆત્માનો વિકલ્પ સારો છે ને ?

ધર્મને માટે તો એક્કેય વિકલ્પ સારો નથી, વિકલ્પની જાત જ આત્માના સ્વભાવથી જુદી છે, પછી તેને સારો કોણ કહે ? જેમ બીજા વિકલ્પમાં એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે, તેમ શુદ્ધાત્માના વિકલ્પમાં એકતાબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે. બધા વિકલ્પોથી પાર જ્ઞાનસ્વભાવને દેખવો–જાણવો–અનુભવવો તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન છે.–તે જ સમયનો સાર છે; વિકલ્પો તો બધા અસાર છે. ભલે શુદ્ધનો વિકલ્પ હો–પણ તેને કાંઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન કહી શકાતું નથી; તે વિકલ્પ વડે ભગવાનનો ભેટો થતો નથી. વિકલ્પ તે કાંઈ ચૈતન્યદરબારમાં પેસવાનો દરવાજો નથી. જ્ઞાનબળે 'જ્ઞાનસ્વભાવનો નિર્ણય' તે જ ચૈતન્યદરબારમાં પેસવાનો દરવાજો છે.

### ★ સમ્યગ્દર્શન માટેની પહેલી શરત શું છે ?

પહેલી શરત એ છે કે 'હું જ્ઞાનસ્વભાવ છું' એમ શ્રુતજ્ઞાનના અવલંબનથી નિશ્ચય કરવો. સર્વજ્ઞભગવાને સમવસરણમાં દિવ્યધ્વનિવડે જે ભાવશ્રુત ઉપદેશ્યું તે અનુસાર શ્રીગુરુ પાસેથી શ્રવણ કરીને અંદર ભાવશ્રુત વડે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. ભગવાને શ્રુતમાં એમ જ કહ્યું છે કે જ્ઞાનસ્વભાવ તે શુદ્ધઆત્મા છે. એવો નિર્ણય કરીને ગૌતમાદિ જીવો ભાવશ્રુતરૂપે પરિણમ્યા, તેથી 'ભગવાને ભાવક્ષુતનો ઉપદેશ આપ્યો' એમ કહ્યું. ભગવાનને તો કેવળજ્ઞાન છે, પરંતુ શ્રોતાઓ ભાવશ્રુતવાળા છે–તેથી ભગવાને ભાવશ્રુતનો ઉપદેશ દીધો એમ કહેવાય છે. સર્વજ્ઞભગવાને ઉપદેશેલા શ્રુતમાં એવો નિર્ણય કરાવ્યો છે કે 'આત્મા જ્ઞાન સ્વભાવ છે.' આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન માટેની પહેલી શરત છે.

### ★ આત્માનો નિર્ણય કર્યા પછી અનુભવ માટે શું કરવું ?

જે સ્વભાવનો નિર્ણય કર્યો તે સ્વભાવ તરફ તેનું જ્ઞાન વળે છે. નિર્ણયની ભૂમિકામાં જોકે હજી વિકલ્પ છે, હજી ભગવાન આત્મા પ્રગટ પ્રસિદ્ધ થયો નથી, અવ્યક્તપણે નિર્ણયમાં આવ્યો છે પણ સાક્ષાત્ અનુભવમાં નથી આવ્યો; તેને અનુભવમાં લેવા માટે શું કરવું ? કે નિર્ણય સાથે જે વિકલ્પ છે તે વિકલ્પમાં ન અટકવું, પણ વિકલ્પથી ભિન્ન જ્ઞાનને અંતર્મુખ કરીને આત્મસન્મુખ કરવું. વિકલ્પ તે કાંઈ સાધન નથી. વિકલ્પ દ્વારા પરની પ્રસિદ્ધિ છે, તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી. ઇન્દ્રિયો કે વિકલ્પો તરફ અટકેલું જ્ઞાન પણ આત્માને પ્રસિદ્ધ કરી

શકતું નથી–અનુભવી શકતું નથી. પણ તે પર તરફનો ઝુકાવ છોડીને જ્ઞાનને આત્મસન્મુખ કરવું તે જ આત્માની પ્રસિદ્ધિની રીત છે, તે જ અનુભવનો ઉપાય છે.

‘આ હું જ્ઞાનસ્વભાવ આત્મા છું’–એવું જ્ઞાન ઈન્દ્રિય કે મન તરફની બુદ્ધિવડે થતું નથી, ઈન્દ્રિય કે મન તરફની બુદ્ધિવડે તો પરનું જ્ઞાન થાય છે. બધા વિકલ્પોથી પાર થઈને આત્મસ્વભાવ તરફ જ્ઞાનનો ઝુકાવ (આત્મસન્મુખતા) તે જ સમ્યક્પણે આત્માને દેખવાની અને અનુભવવાની રીત છે. તેમાં સ્વસંવેદન–પ્રત્યક્ષપણે આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન થાય છે.

★ **સમ્યગ્દર્શન થતાં આત્મા સમસ્ત વિશ્વ ઉપર તરે છે;–તરે છે એટલે શું?**

તરે છે એટલે જુદો રહે છે; જેમ પાણીમાં તરતો માણસ પાણીમાં ડુબતો નથી પણ ઉપર રહે છે. તેમ જ્ઞાનસ્વભાવરૂપે પોતાને અનુભવતો આત્મા, વિકલ્પોમાં ડુબતો નથી, વિકલ્પોમાં એકાકાર થતો નથી, પણ તેના ઉપર તરે છે એટલે કે તેનાથી ભિન્નપણે જ પોતાને અનુભવે છે. તેમાં આત્માની કોઈ અચિંત્ય પરમ ગંભીરતા અનુભવાય છે.

★ **સમ્યક્ત્વના પ્રયત્નની શરૂઆત કેવી છે?**

અપૂર્વ છે,–પૂર્ણતાના લક્ષે તે શરૂઆત છે. ‘જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય’ એટલે પૂર્ણતાનું લક્ષ; આ પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. એવી શરૂઆત કરનાર જીવને જગતમાં બીજા બધાનો રસ છૂટીને એકલા ચૈતન્યનો જ રસ ઘૂંટાય છે, નિરંતર અંતરમાં ચૈતન્યરસને ખૂબ ઘૂંટતાં ઘૂંટતા અંતે પોતાનો આત્મા જ તે ચૈતન્યરસરૂપે પરિણમીને, ચૈતન્યનો સ્વાનુભવ કરે છે. –આ સમ્યગ્દર્શન છે, આ જ તેની રીત છે.

[સમ્યગ્દર્શન સંબંધી આવા અનેક લેખોના સંગ્રહ માટે ‘સમ્યગ્દર્શન પુસ્તક ચોથું અને પાંચમું’ વાંચો. દરેકની કિંમત ૧–૫૦ તથા પોસ્ટેજ ૦–૩૦]

**જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ**

સોનગઢમાં આ વિદ્યાર્થીગૃહ ૨૧ વર્ષથી ચાલે છે. ધોરણ ૫ થી ૧૧ સુધીના કોઈપણ ફીરકાના જૈન વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે. માસીક પૂરી ફી રૂા.૪૦ અને ઓછી ફી રૂા. ૨૫ છે. વિદ્યાર્થીને સોનગઢમાં પૂ. શ્રી કાનજીસ્વામીનાં ધાર્મિક પ્રવચનોનો તેમજ ધાર્મિક શિક્ષણનો લાભ પણ મળે છે. દાખલ થવા ઇચ્છનારે પચીસપૈસાની ટિકીટ મોકલીને પ્રવેશપત્ર તથા નિયમો મંગાવી લેવા.

–શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

દિલ્હી-કલકત્તા-ગૌહત્તી-મુંબઈનો પ્રભાવશાળી પ્રવાસ

ભારતની મહાનગરી કલકત્તામાં ઉજવાયેલો

# 卐 ગુરુદેવની ૮૪ મી જન્મજયંતીનો ઉત્સવ 卐

તા. ૨૨–૪–૭૩ ના રોજ વાજિંત્રના મંગલનાદ વચ્ચે સોનગઢથી મંગલપ્રસ્થાન કરતાં વહેલી સવારમાં ગુરુદેવે કહ્યું કે જ્ઞાનસ્વભાવમય થઈને અબંધભાવરૂપે પરિણમતા સમ્યગ્દ્રષ્ટિને નિઃશંકતા છે; તેને બંધાવાની શંકા થતી નથી, બંધભાવથી તો તે છૂટો પડી ગયો છે, તેના સમ્યક્ત્વ–જ્ઞાનાદિભાવો અબંધ છે, એટલે મોક્ષ માટે તે નિઃશંક છે. મકાનનું ચણતર વગેરે બહારનાં કામ તો પૂરા થશે કે કેમ? અથવા ક્યારે પૂરા થશે.–તેનો સંદેહ હોય, પણ સમ્યગ્દ્રષ્ટિને ભેદજ્ઞાનવડે અબંધભાવ પ્રગટયો છે, તેથી મોક્ષનો મહેલ ચણવામાં ને તે પૂરો થવામાં હવે તેને શંકા નથી. અહો, સ્વભાવના ભરોસે તે મોક્ષને સાધી જ રહ્યો છે, ત્યાં હવે શંકા કેવી?

અહો, આવા કપરા કાળે પણ જે જીવ સમ્યગ્દર્શનની તીવ્ર આરાધના કરે છે તે જીવ બેત્રણ ભવમાં જ પોતાનું કામ પૂરું કરીને મોક્ષને સાધી લ્યે છે.

–આમ સમ્યગ્દ્રષ્ટિની આરાધનાનો ઉત્તમ મહિમા કરીને, ગુરુદેવે મંગલપ્રસ્થાન કર્યું.... ત્યારે મંગલ વાજિંત્રો પણ એ સમ્યક્ત્વના મહિમામાં સૂર પૂરાવતા હતા....

એક દિવસ મુંબઈ રોકાઈને બીજે દિવસે ગુરુદેવ ભારતના પાટનગર દિલ્હી શહેરમાં પધાર્યા. ત્યાંનો ચાર દિવસનો કાર્યક્રમ પૂરો થતાં તા. ૨૭–૪–૭૩ ના રોજ ગુરુદેવ કલકત્તા શહેર પધાર્યા. કલકત્તા એટલે ભારતની સૌથી મોટી નગરી,–ત્યાંના મુમુક્ષુઓએ આનંદપૂર્વક ભારતના મહાનસંતનું સ્વાગત કર્યું. પ્રથમ દિવસ બેલ–ગછીયામાં રહ્યા, ત્યાં પાર્શ્વનાથપ્રભુનું સુંદર જિનમંદિર છે, ત્યાંના ઉપશાંત વાતાવરણમાં ગુરુદેવનું અધ્યાત્મ પ્રવચન થયું. તે સાંભળતાં એમ થતું હતું કે અહા, કલકત્તા શહેરની આવી ધમાલ વચ્ચે પણ ચૈતન્યમાંથી શાંતિનું કેવું મધૂરું ઝરણું વહે છે! આવો શાંતરસ પીવડાવનારા સંત પધાર્યા ને તેમનો મંગલ જન્મોત્સવ અમે પહેલી જ વાર આનંદથી આ નગરીમાં ઉજવીશું–એવી ભાવનાથી કલકત્તાના મુમુક્ષુઓ હર્ષવિભોર બન્યા હતા.

બીજે દિવસે સવારમાં ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું. આસપાસમાં ચારે બાજુ સમ્મેદશિખર–ચંપાપુરી–પાવાપુરી–રાજગૃહી–ખંડગિરિ–ઉદયગિરિ વગેરે અનેક તીર્થોથી ઘેરાયેલી આ નગરી આજે પોતે પણ તીર્થ જેવી લાગતી હતી...તીર્થંકરોએ બતાવેલા માર્ગનો પવિત્ર પ્રવાહ આજે આ નગરીમાં વહી રહ્યો હતો. કલકત્તાના જિનાલયોના દર્શન કરીને ગુરુદેવ પ્રસન્ન થયા. પાર્કમાં ઊભા કરેલા અત્યંત સુશોભિત ઉન્નત્ત મંડપમાં ગુરુદેવ પધાર્યા ને અદ્ભુત મંગલ પ્રવચન કરીને ચૈતન્યના સર્વોત્કૃષ્ટ મહિમાને પ્રસિદ્ધ કર્યો. અહો, ચૈતન્યનો આવો અદ્ભુત મહિમા સાંભળતાં શ્રોતાજનોને તે ચૈતન્યનું શ્રવણ કરાવનાર સંત પ્રત્યે ઘણો પ્રમોદ જાગતો હતો. શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહૂ, પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી, પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરી, ભાઈશ્રી ખીમચંદભાઈ શેઠ, ભાઈશ્રી બાબુભાઈ (ફત્તેપુર વાળા), શેઠશ્રી પૂરણચંદજી ગોદીકા તેમજ અનેક જિજ્ઞાસુ ભક્તજનો જન્મજયંતીના ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા.

પ્રવચનમાં ગુરુદેવે સમયસારની ૭૩–૭૪ મી ગાથા વાંચી હતી. મંડપમાં રોજ સવારમાં દુંદુભી વાજાં વાગતાં હતાં; અનેકવિધ પ્રકાશના ઝૂમર–તોરણો વગેરેથી મંડપ શોભતો હતો, અને તેમાં પણ શુદ્ધાત્મરસની ગંગા શ્રીગુરુમુખથી વહેતી હતી ત્યારે તો ચૈતન્યની એ અદ્ભુત શોભામાં મુમુક્ષુઓ મશગુલ થઈ જતા હતા. વૈશાખ સુદ બીજ આવી ને મંગલ વધાઈ લાવી. ગુરુદેવનો ઊતારો શેઠાણી મનફૂલાબેન (વછરાજ રતનલાલ ગંગવાલ) ને ત્યાં હતો; પોતાના આંગણે ગુરુદેવનો જન્મોત્સવ દેખીને તેમને ઘણો ઉલ્લાસ થયો હતો. અને જન્મજયંતીની ખુશાલીમાં શ્રીમતી મનફૂલાદેવી વછરાજજી (હસ્તે રતનલાલજી તથા ઘમંડીલાલજી ગંગવાલ) તરફથી ૨૦૧ X ૮૪ રકમ જાહેર કરવામાં આવી હતી. વૈશાખ સુદ બીજે વહેલી સવારમાં (–આ તરફ સૂર્યોદય સૌરાષ્ટ્ર કરતાં એક કલાક જેટલો વહેલો થાય છે તેથી) ચાર વાગ્યા પહેલાં તો ગુરુદેવ મંડપમાં પધાર્યા. ભક્તજનો આનંદથી મંગલ જન્મવધાઈ લઈને આવ્યા...પ્રવચન બાદ મુમુક્ષુ સમાજ વતી શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહૂ, પ્રમુખશ્રી નવનીતભાઈ વગેરેએ ભક્તિભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી; અભિનંદન–પત્ર ગુરુદેવને અર્પણ થયું; ગામેગામથી અભિનંદનસન્દેશાઓનો પ્રવાહ વહેવા લાગ્યો. અને ૮૪ મી જન્મજયંતી નિમિત્તે ૮૪ ની રકમોનું ફંડ થયું–જેમાં સોનગઢના પરમાગમમંદિર માટે રૂા. દોઢલાખ ઉપરાંત નોંધાયા હતા. આ રીતે કલકત્તામાં આનંદપૂર્વક જન્મજયંતી ઉજવાઈ હતી, ને કલકત્તાના મુમુક્ષુઓએ હર્ષોલ્લાસથી ઉત્સવ શોભાવ્યો હતો.

કલકત્તાથી તા. ૫–૫–૭૩ ના રોજ ગુરુદેવ ગૌહાત્તી ( આસામ ) પધાર્યા હતા. અનેક મુમુક્ષુ ભાઈ–બેનો ગુરુદેવ સાથે ગગનવિહાર કરતાં પ્રસન્ન થતા હતા....ને નિરાલંબી તત્ત્વની ભાવનાઓ જાગતી હતી....બંગલાદેશ ઉપરથી પસાર થઇને થોડી જ વારમાં ગૌહત્તી પહોંચ્યા...આસામભૂમિ તરફ પહેલી જ વાર પધારી રહેલા ગુરુદેવનું ઉમંગભર્યું ભવ્ય સ્વાગત થયું....ને ત્રણદિવસ હર્ષપૂર્વક ગુરુદેવના પ્રવચનનો મુમુક્ષુઓએ લાભ લીધો હતો....બ્રહ્મપુત્રા નદીના કિનારે ચૈતન્યનો બ્રહ્મોપદેશ સાંભળતાં મુમુક્ષુઓ પ્રસન્ન થતા હતા. ત્યારબાદ ગૌહાત્તીથી કલકત્તા થઈને ગુરુદેવ મુંબઇ પધાર્યા... ત્યાં મલાડ–ઘાટકોપર તથા દાદર જિનમંદિરના વાર્ષિકોત્સવ ઉજવાયા...મુંબઈના હજારો જિજ્ઞાસુઓએ, જાણે ફરી ગુરુદેવની જન્મજયંતી ઉજવતા હોય તેવા હર્ષોલ્લાસથી છ દિવસ પ્રવચન વગેરેનો લાભ લીધો. આ રીતે દિલ્હી –કલકત્તા–ગૌહાત્તી–મુંબઈનો પ્રવાસ પૂરો કરીને ગુરુદેવ વૈશાખ સુદ ૧૩ ( તા. ૧૪–૫–૭૩ ) ના રોજ પુનઃ સોનગઢ પધાર્યા છે.... તેઓશ્રી સુખશાંતિમાં બિરાજે છે; સવાર–બપોરના પ્રવચનમાં ચૈતન્યનો અધ્યાત્મરસ વહેવા લાગ્યો છે. સોનગઢના અત્યંત શાંત વાતાવરણમાં, સંતોની મધુરી છાયામાં, ચૈતન્યરસની અનેરી શીતળતા અનુભવાય છે. અહા, ચૈતન્યની શીતળતા પાસે સંસારનો તાપ આવી શકતો નથી. આવી શીતળ–શાંતિના વેદનનો હે જીવો ! તમે સતત અભ્યાસ કરો. એ જ ગુરુની સેવા છે, એ જ ગુરુની આજ્ઞા છે, ને એ જ ગુરુનો સાચો ઉત્સવ છે. ગુરુ પણ ત્યારે જ સાચા પ્રસન્ન થાય છે કે જ્યારે તેમણે બતાવેલો ભાવ આપણે પ્રગટ કરીએ.

[ ગુરુદેવના મંગલ હસ્તાક્ષર ]

ૐ આશીર્વાદ.

ૐ સહજાત્મસ્વરૂપ અનંત શક્તિ સંપન્ન
ચૈતન્ય ચિત્ ચમત્કાર ચિંતામણી
ભગવાન કિ જય.

## 卐 દિલ્હી અને કલકત્તાના પ્રવચનોની પ્રસાદી 卐

**દિલ્હી અને કલકત્તામાં ગુરુદેવે સમયસારની ગા. ૭૩-૭૪ ઉપર પ્રવચનો કર્યાં હતાં. અહા, આત્માની મધુર શાંતિની વાત કોને ન ગમે? હજારો જિજ્ઞાસુઓ ચૈતન્યશાંતિની વાત પ્રેમથી સાંભળતા હતા. આ આત્મા આસ્ત્રવોથી એટલે કે દુઃખોથી કેમ છૂટે ને તેને પોતાના સુખની અનુભૂતિ કેમ થાય? તેની વિધિ સમજાવતાં કહ્યું કે -**

છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શન પૂર્ણ છું,
એમાં રહી સ્થિત લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું.

અહો, મારો આત્મા જ્ઞાનદર્શનની અનુભૂતિસ્વરૂપ છે–એમ આત્માના સ્વભાવનો નિર્ણય કરીને તેમાં નિશ્ચલ રહેતાં, આત્મા પોતે પોતાના ચૈતન્યસ્વરૂપમાં મગ્ન થઈને સમસ્ત ક્રોધાદિ આસ્રવોને છોડી દે છે.–આ રીતે આત્મા દુઃખથી છૂટે છે.

અરે, અજ્ઞાનથી ચારગતિનાં તીવ્ર દુઃખો જીવે અનંતવાર ભોગવ્યાં; એ દુઃખનાં દાવાનળથી આત્મા કેમ છૂટે ને આત્માને શાંતિનું વેદન કેમ થાય?–એવી જિજ્ઞાસાનો પ્રશ્ન પણ કોઇ વિરલાને જ ઊઠે છે. ને એવા જીવને દુઃખથી છૂટવાની રીત આ સમયસારમાં બતાવી છે. સીમંધર ભગવાનના સમવસરણમાં જઈને કુંદકુંદાચાર્ય દેવ આત્માના અનુભવનું આ ભાતું લાવ્યા છે; ભગવાનના આડતીયા તરીકે ઊંચો માલ આ ભરતક્ષેત્રના જીવોને સમયસાર દ્વારા આચાર્યદેવે આપ્યો છે.

હે જીવ! પહેલાં તું તારા આત્મસ્વભાવનો નિર્ણય કર. જ્ઞાનદર્શનમય ચૈતન્યભાવથી ભરેલો આત્મા પોતે પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે, અખંડ વિજ્ઞાનઘન હોવાથી એક છે, કર્તા–કર્મ વગેરેના ભેદોથી–વિકલ્પોથી પાર એવી નિર્મળ ચૈતન્ય–અનુભૂતિસ્વરૂપ છે તેથી શુદ્ધ છે, તેની ચેતનામાં ક્રોધાદિ પરભાવોના કોઈ અંશનું સ્વામીપણું નથી; જેમ આકાશ એક સ્વાધીન નીરાલંબી અમૂર્ત વસ્તુ છે તેમ હું ચૈતન્યસ્વભાવે પૂરો, સ્વાધીન નીરાલંબી અમૂર્ત મહાન પદાર્થ છું.–આમ પોતાના

આત્મસ્વરૂપને નક્કી કરીને, તેના જ અનુભવમાં પરિણામ એકાગ્ર કરતાં આત્મા સમસ્ત ક્રોધાદિ પરભાવોથી છૂટો પડી જાય છે... ભગવાન ચૈતન્યસમુદ્ર પોતે પોતામાં સ્થિર થતાં વિકલ્પના વમળ રહેતા નથી એટલે આસ્રવો પણ છૂટી જાય છે.

અહો, આવા ચિદાનંદ આત્માની વાત પ્રેમથી સાંભળવી તે પણ મહા ભાગ્ય છે. પર તરફના ભાવોમાં ( અશુભમાં કે શુભમાં ) જેને દુઃખ લાગ્યું હોય ને અંતરમાં સુખસ્વભાવનું વેદન કરવા માટે જેને ઝંખના થઈ હોય એવા શિષ્યને આ વાત સમજાવે છે. ભાઈ, આ જડ શરીરના રજકણોથી તારું ચૈતન્યતત્ત્વ તદ્દન જુદું છે. તારા ચૈતન્યને ભૂલીને તું અનંત દુઃખ પામ્યો. ભૂંડના બચ્ચાંને બાંધીને અગ્નિના ભઠ્ઠામાં જીવતું શેકે ને તેને જે દુઃખ થાય, એથીયે અનંતગણા દુઃખ આ સંસારમાં અનંતવાર તું ભોગવી ચુક્યો છો, રાગાદિભાવોમાં ક્યાંય તને શાંતિ ન મળી, તો હવે તારું ચૈતન્યસ્વરૂપ કે જે અશાંતિ વગરનું છે, દુઃખ વગરનું છે, છ કારકના ભેદનો વિકલ્પ પણ જેમાં પાલવતો નથી, જ્ઞાન–દર્શન – સુખથી જે પૂરું છે – એને તું જાણ; એનો નિશ્ચય કર. અરે, જેની વાર્તા સાંભળતાં ને જેનો નિર્ણય કરતાં પણ મુમુક્ષુને આનંદ આવે એના સાક્ષાત્ અનુભવની શી વાત! ભગવાન આત્મા પોતે અનુભૂતિનો નાથ છે. પોતે અનુભૂતિ સ્વરૂપ છે. પોતે પોતાની અનુભૂતિ માટે વચ્ચે કોઈ વિકલ્પ કરવો પડે એવું તેનું સ્વરૂપ નથી; વિકલ્પોથી તો તેની અનુભૂતિ પાર છે.–આવા આત્માને ઓળખે તેનો અવતાર સફળ છે. આવા આત્માને અનુભવમાં લેતાં અનંતસુખ પ્રગટે છે ને ચોરાશીલાખના ચક્કરનો અંત આવે છે. અહા, અનંતકાળ ટકે એવો મહા આનંદ, તેનો ઉપાય પણ એવો જ હોય ને! પુણ્યથી ને રાગથી કાંઈ એ ઉપાય હાથ ન આવે. અંતરના જ્ઞાન સમુદ્રમાં ડુબકી માર, તો અપૂર્વ સુખ પ્રગટે, ને દુઃખનો અંત આવે. આત્માનો સ્વભાવ પરમ અદ્ભુત છે. તેને લક્ષમાં લેતાં પોતાને વિશ્વાસ આવી જાય છે કે બસ, હવે આ આત્મા સંસારથી પાછો વળ્યો છે ને મોક્ષને સાધી રહ્યો છે. બીજ ઊગી છે....તે વધીને પૂનમ થવાની છે.

વૈશાખ સુદ બીજના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે આત્માનો ચિદાનંદ સ્વભાવ નિત્ય–ધ્રુવ–ટકતો છે, ને શુભાશુભ આસ્રવો અનિત્ય–અશરણ–ક્ષણિક છે, આત્માનો સ્વભાવ દુઃખ વગરનો સુખમય છે. ને આસ્રવો તો દુઃખરૂપ છે, તેનું ફળ પણ દુઃખ જ છે; –આવો નિર્ણય કરતાં આત્મા પોતે આસ્રવોથી જુદો પડીને વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થાય છે. દયાદિ શુભરાગ કે હિંસાદિ અશુભરાગ તે બંનેથી પાર વિજ્ઞાનઘનસ્વભાવ


આત્મા છે તેના લક્ષે જ સમ્યગ્દર્શનાદિ થાય છે. જ્ઞાન અને આસ્રવની ભિન્નતાનું જેને ભાન નથી તેને સમ્યગ્દર્શન થતું નથી, ને જન્મ–મરણ મટતા નથી; સમ્યગ્દર્શન વગર અનંતવાર વ્રત–તપ–દયા–દાનાદિ કરવા છતાં જીવ લેશ પણ સુખ ન પામ્યો કે તેના જન્મ–મરણનો અંત ન આવ્યો. બાપુ! અત્યારે આત્માને ઓળખીને જન્મ–મરણના ફેરાથી છૂટવાનો આ અવસર છે.–સુખી થવું હોય તો આ વાત સમજયે જ છૂટકો છે. બાપુ! તારા ચૈતન્યતત્ત્વનો અપાર મહિમા એકવાર તો હોંશથી સાંભળ! સાંભળીને તે લક્ષમાં લે, તો તને રાગાદિ સર્વે પરભાવોનો રસ છૂટી જશે; એટલે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન થઈને આત્મા પોતે જ્ઞાન–આનંદરૂપે થઈ જશે. આ તારાથી થઈ શકે તેવું છે, માટે ભગવાને અને સંતોએ ઉપદેશ્યું છે.

ભાઈ, આવા આત્માને સાધવા માટે તું જગતની દરકાર છોડ. જગત તને કાલોઘેલો કહે તો ભલે કહે... પણ પ્રભુના માર્ગમાં તારો સ્વીકાર થયો પછી જગતનું શું કામ છે? (જગતડાં કહે છે કે ભગતડાં ઘેલાં છે...પણ ઘેલાં ન કહેશો રે...એ તો પ્રભુને ઘેર પેલાં છે.) પોતાના આત્માનું હિત થતું હોય તો પછી જગતની નિંદા–પ્રશંસા સામે શું જોવું? જગત ગમે તેમ બોલે, આ તો પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે.

એક તરફ આત્માના જ્ઞાનસ્વભાવની અપૂર્વ શાંતિ, અને બીજી તરફ દુઃખરૂપ આસ્રવો – એ બંનેનું અત્યંત જુદાપણું અનેક દ્રષ્ટાંત દ્વારા ગુરુદેવ સમજાવતા હતા. ભાઈ, ચોરાશીના ભવચક્રમાં રખડતાં તેં અનંત દુઃખ વેઠ્યા, પણ તારો જ્ઞાનાનંદ સ્વભાવ અપૂર્વ સુખથી ભરેલો છે, તેને ઓળખવાની ફૂરસદ એક ક્ષણ પણ તેં લીધી નથી. બહુ તો ધર્મના નામે શુભરાગમાં અટકયો, પણ તારું સ્વરૂપ રાગથી પાર, ચૈતન્યસ્વભાવરૂપ છે તેને તેં કદી લક્ષમાં ન લીધું. અત્યારે તને તે સ્વરૂપ સમજવાનો અવસર મળ્યો છે.–બાપુ! આવા ટાણે નહિ સમજ તો કયારે સમજીશ? ભાઈ, તારો અસલી સ્વભાવ કેવો છે–તેનો નિશ્ચય તો કર. તો તારા ચોરાશીના ફેરા ટળી જશે.

આ રીતે ૮૪ મી જન્મજયંતી પ્રસંગે ચોરાશી લાખના ચક્કરથી છૂટવાની રીત ગુરુદેવના શ્રીમુખથી સાંભળીને સૌને પ્રસન્નતા થઈ... અહા ગુરુદેવ! અમને ચોરાશીના ફેરામાંથી બહાર કાઢીને મોક્ષના પંથે લઈ જવા માટે જ આપનો અવતાર છે.

## મંગલ વધાઈ



અહા, ધન્ય બની કલકત્તાનગરી.... કે જ્યાં ગુરુદેવની જન્મજયંતીનો મંગલઉત્સવ ઉજવાયો–ધન્ય બન્યા મુમુક્ષ–હૃદયો કે ચૈતન્યનો અગાધ મહિમા દેખાડનાર સંતનો જન્મોત્સવ ઉજવવાનું અને તેમની વાણી સાંભળવાનું સૌભાગ્ય મળ્યું. ભારતના સૌથી મહાન સંતનો જન્મોત્સવ ભારતની સૌથી મોટી નગરીમાં ઉજવાયો. 'કલકત્તા' એ તો 'કર્મ–કટા' બની ગયું. કર્મને કાપીને ચોરાશીના ચક્કરથી છૂટવાનો ને સિદ્ધાલયના માર્ગે જવાનો રસ્તો બતાવીને સંતોએ જગતના જીવો પર જે ઉપકાર કર્યો છે – તેથી મોટો બીજો કોઈ ઉપકાર આ જગતમાં નથી. અહો, એવા સંતો જયવંત વર્તો.

ભારતીય દિ. જૈનસમાજના નેતા શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહૂ વૈશાખસુદ બીજે ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપતાં કહે છે કે–મૈં અપનેકો બહુત ભાગ્યશાલી સમઝતા હૂં કિ જબ આપ યહ ઉપદેશ દે રહે હૈ ઉસી કાલમેં મેરા જન્મ હુઆ, ઔર મુઝે યહ સુનનેકા અવસર બારબાર મિલ રહા હૈ। દૂરસે ભી આપકા નામ જો સુનતે હૈ ઔર આપકી પાસ જો આતે હૈ, વે એક હી લગનસે આતે હૈ કિ આપ હમેં સમ્યગ્દૃષ્ટિ હોનેકા જો રાસ્તા બતલા રહે હૈ ઉસ રાસ્તેસે હમ સમ્યગ્દૃષ્ટિ બને. ઢાઈ હજાર વર્ષ પહલે ભગવાન મહાવીરને યહી બાત કી થી, ભગવાન કુંદકુંદાચાર્યને ભી યહી બાત કી, યહી બાત આજ આપ દિખલા રહે હૈ; આજ ફિર સમાજમેં જાગૃતિ આ ગઈ હૈ.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૨૫૦
મુદ્રક : મગનલાલ જૈન. અજિત મુદ્રણાલય: સોનગઢ (સૌરાષ્ટ્ર) : વૈશાખ (૩૫૫)

# મુમુક્ષુનું જીવન ધ્યેય

જ્ઞાનીસંતોનાં શરણમાં વસતો મુમુક્ષુ પોતાના જીવનમાં એક જ ધ્યેય રાખે છે કે હું મારા આત્માને સાધું.

પોતાના આ સર્વોચ્ચ ધ્યેયની સિદ્ધિને માટે તે દિન–રાત ઉત્કૃષ્ટ ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે.

આવો ઉદ્યમ કરનારા બીજા સાધર્મીજનો પ્રત્યે પણ તેને અત્યંત વાત્સલ્યભાવ ઉલ્લસે છે.

પોતાના ઉત્તમ ધ્યેયને સાધવા માટે મુમુક્ષુને જ્ઞાનભાવના અને વૈરાગ્યભાવના જીવનમાં સદાય સાથીદાર છે. જગતની ખોટી પંચાતમાં તે રસ લેતો નથી....આત્માના ઘોલનમાં જ તેને રસ છે.

દેવ–ગુરુ–શાસ્ત્રની સેવામાં તે ખૂબ ઉત્સાહથી વર્તે છે, અને તેમના આદર્શવડે પોતાના ધ્યેયને તાજું રાખે છે. દેવ–ગુરુના આત્મગુણોને ઓળખીને પોતામાં તેની પ્રેરણા લ્યે છે.

જીવનમાં સુખ–દુઃખની ગમે તેવી ઉથલપાથલમાંય તે પોતાના ધ્યેયને કદી ઢીલું પડવા દેતો નથી. પણ ઉત્તમ પુરુષોના આદર્શજીવનને નજરસમક્ષ રાખીને તે આરાધનાનો ઉત્સાહ વધારે છે... આત્માનો મહિમા વધારતો જાય છે.

આ જીવન છે તે આત્માને સાધવા માટે જ છે, તેથી તેની એક ક્ષણ પણ નિષ્ફળ ન વેડફાય, ને પ્રમાદ વગર આત્મસાધના માટે જ પ્રત્યેક ક્ષણ વીતે, તે માટે તે જાગૃત રહે છે. અને જીવનમાં ઉથલ–પાથલના ગમે તેવા પ્રસંગે પણ તે પોતાના આત્માને સાધવાના ધ્યેયને ઢીલું કરતો નથી.

હરરોજ આત્મામાં ઊંડો ઊતરવાનો અભ્યાસ કરે છે. એકલો–એકલો આત્માના એકત્વને શોધી–શોધીને અંદરની શાંતિનો સ્વાદ લેવા મથે છે. ( આવો મુમુક્ષુ આત્માને જરૂર સાધે છે, ને અપૂર્વ શાંતિને પામે છે. )